२०४ वर्ष
# દૈનિક મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 278 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ સુદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 November 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૨૫ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

કિચન કેરેવાન સુવિધાઓ શરૂ કરનાર એક માત્ર પાયોનીઅર... ફોરમ વર્લ્ડવાઈડ પ્રસ્તુત.... 2026 યુરોપ ટૂર

બુક કરાવો તમારા ૨૦૨૬ ના પ્રવાસો, અમારા ૨૦૨૫ ના જુના ભાવે ...

ખાસ નોંધ : ઓફર ફક્ત મર્યાદિત સીટ માટે જ છે ..વહેલા તે પહેલા ધોરણે.

મેળવો 20% સુધીની છૂટ

Scan me!

ESCAPE TO
EUROPE'26
ITALY | AUSTRIA | SWISS | FRANCE | BELGIUM | NETHERLANDS

WHAT'S INCLUDED:
100% HYGIENIC
KITCHEN CARAVAN SINCE 18 YEARS
Stay at Heart of Switzerland in Interlaken (Only with FWW)
- Hotel with Continental Breakfast with 1 or 2 Hot Indian Dish at maximum destinations
- A/C comfortable coach
- Lunch & Dinner (Served in same Hotel Dining Area) by Maharaj
- Sightseeing
- Medical Insurance (Upto 69 years)
- All tips

1 DESTINATION 5 TOUR OPTIONS

| 17D GRAND EUROPE | 13D GLIMPSE EUROPE | 10D CHARM EUROPE | 14D MAGNIFICIANT EUROPE | 10D ESSENSE OF ITALY |
| --- | --- | --- | --- | --- |
| WITH KITCHEN CARAVAN | WITH KITCHEN CARAVAN | WITH KITCHEN CARAVAN | (INDIAN RESTAURANT) | WITH KITCHEN CARAVAN |
| ~~EUR 4400~~ | ~~EUR 3750~~ | ~~EUR 3150~~ | ~~EUR 3000~~ | ~~EUR 2690~~ |
| EUR 3520 | EUR 3000 | EUR 2520 | EUR 2499 | EUR 2152 |

*TAXES AS APPLICABLE

OTHER EUROPEAN TOURS WITH MAHARAJ
Scandinavia with Lofoten Islands | UK Scotland with Ireland
Greece | Iceland | Eastern Europe with Croatia | Arctic

OTHER 2026 TOURS WITH MAHARAJ
Japan | Turkey | USA | Canada | Egypt | Kenya | South Africa | Australia | New Zealand
Dubai | Vietnam | Far East | China | Russia | South America | Antartica | South Korea

FORAM 9324366095 | JAY 9167008678 | BHAKTI 9321236935
DINESH 8591728602 | DHRUV 8169369686

HEAD OFFICE : ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. OPP. JAIN MANDIR. MUMBAI

WWW.FORAMWORLDWIDE.COM | INFO@FORAMWORLDWIDE.COM | FOLLOW US ON
OTHER OFFICES AHMEDABAD | SURAT | RAJKOT | PUNE | USA | UAE

# અમદાવાદના ઈસનપુર તળાવ પર મેગા ડિમોલિશન,૧૦૦૦થી વધુ ગેરકાયદે દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ઈસનપુર તળાવ નજીક સોમવારે ૨૪ નવેમ્બર સવારથી મોટું ડિમોલિશન ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. ચંડોળા તળાવ પછીનું આ બીજું સૌથી મોટું ડિમોલિશન છે. છેલ્લા ચાર દાયકાથી તળાવ નજીક થયેલા ૧૦૦૦થી વધુ ગેરકાયદે દબાણોને દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ઘટનાસ્થળે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. શહેરના સૌથી મોટા ઇસનપુર તળાવ પર થયેલા ગેરકાયદેસર બાંધકામો પર દાદાનું બુલડોઝર ફરી વળ્યું હતું. ૯૦૦થી વધુ મકાન, ધાર્મિક સ્થળો અને કોમર્શિયલ પ્રકારના બાંધકામો દૂર કરાયાં હતાં. એએસપી ડેપ્યુટી કમિશનર રિદ્ધેશ રાવલે આ અંગે જણાવ્યું હતું કે, ઇસનપુર તળાવ અમદાવાદ શહેરના દક્ષિણ ઝોનમાં આવેલું છે. તળાવનો અંદાજિત વિસ્તાર ૯૫,૬૪૦ ચો.મી. છે. તળાવમાં વ્યાવસાયિક પ્રકારના ૧૬૭ જેટલાં બાંધકામોને અગાઉ દૂર કરવામાં આવ્યાં હતાં. હાલમાં તળાવની અંદર ૯૨૫ જેટલા રહેણાંક પ્રકારના ગેરકાયદેસર બાંધકામો છે. આ ઉપરાંત ધાર્મિક પ્રકારના કુલ ૧૫ બાંધકામો છે. અમદાવાદ મનપા અને પોલીસ દ્વારા સંયુક્ત મેગા ડિમોલિશનનું કામ ચાલી રહ્યું છે. અમદાવાદ મહાનગર પાલિકાની ટીમે મેગા ડિમોલીશનનું કામ શરૂ કર્યુ છે. આ મેગા ડિમોલીશન સમયે ૫૦૦થી વધારે પોલીસનો કાફલો ખડકી દેવામાં આવ્યો છે.

ડિમોલિશનની કામગીરી માટે સમગ્ર તળાવને ચાર ભાગમાં વિભાજિત કરવામાં આવેલું છે. આ કામગીરી માટે દક્ષિણ ઝોન ઉપરાંત પૂર્વ ઝોન, પશ્ચિમ ઝોન અને દક્ષિણ-પશ્ચિમ ઝોનની એસ્ટેટ વિભાગની ટીમને બોલાવવામાં આવી છે. આ ચાર ભાગ માટે પોલીસ વિભાગની અને એએમસી અલગ અલગ કુલ ૧૨ ટીમોની રચના કરી ડિમોલિશનની કામગીરી ચાલુ કરી છે.

ડિમોલિશન માટે કુલ ૮ હિટાચી, ૮ જેસીબી, ૧૨ દબાણગાડી સાથે કુલ ૪૦૦ જેટલા મજૂર કામે લગાડવામાં આવ્યા છે. આ કામગીરી દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ફાયર અને મેડિકલની ટીમને પણ સાથે રાખવામાં આવી છે. સલામતીને ધ્યાનમાં લઈ કામગીરી શરૂ કરતા પહેલા ગેરકાયદેસર આવાસોમાં પૂરા પાડવામાં આવેલા વીજ જોડાણ ટોરેન્ટ દ્વારા દૂર કરવામાં આવ્યાં હતાં. હજુ કેટલાક દિવસો સુધી આ ડિમોલિશનની કામગારી ચાલશે.

# જામનગરમાં સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફ્લાયઓવરનું મુખ્ય પ્રધાનના હસ્તે ઉદ્ઘાટન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જામનગર ખાતે રૂ. ૨૨૬.૯૯ કરોડના ખર્ચે નિર્મિત સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ કર્યું હતું. આ બ્રિજ બનતા જામનગરથી અવરજવર કરતા વાહનચાલકોને મોટી રાહત મળવાની અપેક્ષા છે. જામનગરથી દ્વારકા તરફ અને રાજકોટ તરફ જનારા વાહનચાલકો તેમ જ શહેરીજનોને પણ મોટી સુવિધા મળી છે. આ ફ્લાયઓવર શહેરના સાત રસ્તા સર્કલથી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા સુધીનો ફોરલેન એલીવેટેડ ફ્લાયઓવર બ્રિજની કુલ લંબાઈ ૪ એપ્રોચ સહિત ૩,૭૫૦ મીટર છે. મુખ્ય બ્રિજ ફોર લેન ૧૬.૫૦ મીટરનો છે, જ્યારે ઇન્દિરા માર્ગ તથા દ્વારકા રોડ એપ્રોચ ટુ લેન ૮.૪૦ મીટરના છે. વધુમાં, સુભાષ બ્રિજથી સાત રસ્તા સર્કલ થઈ લાલ બંગલા સર્કલ સુધીનો નવો રૂટ મળવાથી નાગનાથ જંક્શન, ત્રણ દરવાજા (ગ્રેઇન માર્કેટ), બેડી ગેટ જેવા વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થશે. આ વિકાસકાર્યની સાથે જ બ્રિજ નીચેના અન્ડરસ્પેસને પણ નાગરિક સુવિધા માટે વિકસાવવામાં આવ્યો છે, જેમાં કુલ ૬૧ ગાળાઓમાં ૧,૨૦૦ થી વધુ વાહનોના પાર્કિંગની વ્યવસ્થા જેમાં ૮૫૦ ટૂ-વ્હિલર્સ, ૨૫૦ ફોર-વ્હિલર્સ, ૧૦૦ રિક્ષા, ૧૦૦ અન્ય અને ૨૬ બસ પાર્કિંગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કુલ ૪ જગ્યાએ પે એન્ડ યુઝ ટોઇલેટ, ૧ લોકેશન પર શ્રમિક સુવિધા કેન્દ્ર (લેબર ચોક), ૧૦ ગાળામાં સ્પોર્ટ એક્ટિવિટી, ૪ લોકેશન પર વેઇટિંગ-સીટિંગની વ્યવસ્થા અને ૪ લોકેશન પર ફૂડ ઝોન જેવી સવલતો પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.

મુખ્ય પ્રધાન સાથે કેબિનેટ પ્રધાન અર્જુન મોઢવાડિયા ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જામનગરમાં સ્થાનિક સાંસદ, વિધાનસભ્યો સહિતના નેતાઓનો કાફલો પટેલ સાથે જોવા મળ્યો હતો.

# પતંગના દોરાથી ગળું કપાતાં સુરતનો યુવાન હૉસ્પિટલમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મકરસંક્રાંતિ નજીક આવે તેમ પતંગના માંજાથી ઈજાગ્રસ્ત થવાના અને ક્યારેક જીવ ગુમાવી દેવાના કિસ્સા બનતા રહે છે. જોકે સુરતમાં નવેમ્બર મહિનામાં એક વાહનચાલકે પતંગના દોરને લીધે હોસ્પિટલ ભેગું થવું પડ્યું હતું. શહેરના ઉધના દરવાજા પાસે આ ઘટના ઘટી હતી. ઉધના દરવાજા ફ્લાયઓવર બ્રિજ પર સ્કૂટર ચલાવતી વખતે ૪૫ વર્ષીય વ્યક્તિના ગળામાં પતંગની દોરી ફસાઈ જતાં તેને ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત વ્યક્તિની ઓળખ અડાજણની ભક્તિ ધર્મ સોસાયટીમાં રહેતા પશુપતિ નર્મદા સિંહ તરીકે થઈ છે. એક ખાનગી કંપનીમાં કામ કરતો આ ૪૫ વર્ષીય યુવાન કામકાજ માટે બહાર જઈ રહ્યો હતો. મળતી માહિતી અનુસાર તે પરિવારનો એકમાત્ર કમાનાર વ્યક્તિ છે. પશુપતિ ઉધના દરવાજા ફ્લાયઓવર બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક એક તીક્ષ્ણ પતંગની દોરી તેના ગળામાં ફસાઈ ગઈ અને તેમનું ગળું કાપી નાખ્યું હતું. આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને તેને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામા આવ્યા હતા. હાલમાં તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

# વિશ્વના ગીચ શહેરોમાં ગુજરાતનાં બે શહેર સામેલ, પ્રતિ ચો. કિમી. ૨૦,૦૦૦થી વધુ લોકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરીકરણ એ આજના સમયની સૌથી વધુ ઘેરી બનતી જતી સમસ્યા છે. શહેરીકરણના કારણે અનેક નવી સમસ્યાઓ પેદા થઈ રહી છે, ત્યારે સંયુક્ત રાષ્ટ્રના આર્થિક અને સામાજિક બાબતોના વિભાગ દ્વારા પ્રકાશિત તાજેતરના 'વર્લ્ડ અર્બનાઇઝેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૫' રિપોર્ટમાં એક ચિંતાજનક ચિત્ર સામે આવ્યું છે. રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૫ સુધીમાં વિશ્વના ટોપ ૧૦ સૌથી ગીચ વસ્તીવાળાં શહેરોમાં ભારતનાં ચાર શહેરોનો સમાવેશ થાય છે, જેમાં ગુજરાતનાં બે મહત્ત્વપૂર્ણ શહેરો સુરત અને અમદાવાદ પણ સામેલ છે.

રિપોર્ટ અનુસાર, મુંબઈ લગભગ ૨૭,૦૦૦ વ્યક્તિઓ પ્રતિ ચોરસ કિલોમીટરની ઘનતા સાથે પ્રથમ સ્થાને છે, જ્યારે સુરત ચોથા ક્રમે અને અમદાવાદ નવમા ક્રમે છે. આ રિપોર્ટમાં સામે આવ્યું છે કે આ તમામ શહેરોમાં પ્રતિ ચોરસ કિલોમીટર ૨૦,૦૦૦ થી વધુ લોકો વસવાટ કરે છે. વૈશ્વિક સ્તરે, ૧ મિલિયન કે તેથી વધુ વસ્તી ધરાવતા ૫૦ સૌથી ગીચ શહેરોમાંથી ૩૧ એશિયામાં છે, જે ઝડપી શહેરીકરણના વલણને દર્શાવે છે.

યુએનના આંકડાઓ ગુજરાતના આ બે આર્થિક પાટનગર પર વધતા દબાણ તરફ ધ્યાન ખેંચે છે. અમદાવાદની વસ્તી ૧૯૭૫માં ૨.૬ મિલિયન હતી, જે ૨૦૨૫માં વધીને ૭.૬ મિલિયન થવાની સંભાવના છે અને ૨૦૫૦ સુધીમાં તે ૮.૨ મિલિયન સુધી પહોંચી શકે છે. તેવી જ રીતે, સુરતની વસ્તી ૧૯૭૫માં ૧ મિલિયનથી વધીને ૨૦૨૫માં ૬.૯ મિલિયન થઈ છે અને ૨૦૫૦ સુધીમાં તે ૮ મિલિયન થવાનો અંદાજ છે.

છેલ્લા અનેક વર્ષોમાં જોઈએ તો અમદાવાદ અને સુરત આ બંને શહેરોની હદમાં પણ ખૂબ જ વિસ્તરણ થયું છે. જૂનું શહેર અને નવા શહેર વચ્ચેનું અંતરના આંકડા સતત વધી રહ્યા છે. શહેરના વિસ્તરણનું કારણ છે શહેરની વધતી જતી વસ્તી અને તેના કારણે આગામી સમયમાં પાણી અને વીજળી સહિત વધુ સંસાધનોની જરૂર પડશે. જો કે શહેરી અને આર્થિક વિકાસમાં મોખરાનું સ્થાન ધરાવતા ગુજરાત માટે આ અહેવાલ મહત્વપૂર્ણ છે.

# ગાંધીનગરની મેડિકલ કૉલેજમાં થયેલી રેગિંગની ઘટના બાદ સરકારની કડક કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરની મેડિકલ કૉલેજમાં બનેલા રેગિંગના ગંભીર બનાવ અંગે તબીબી શિક્ષણ પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, આ મેડિકલ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતાં સાત વિદ્યાર્થીઓ અને બીજા વર્ષના અન્ય વિદ્યાર્થીઓ સાથે મળીને પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને હેરાન કરી માનસિક ત્રાસ આપતા હતા. જેની ફરિયાદ થતાં તાત્કાલિક ધોરણે તપાસ કરીને આ ઘટનામાં સામેલ ત્રીજા વર્ષના સાત વિદ્યાર્થીઓને બે વર્ષ માટે તેમ જ બીજા વર્ષના અન્ય વિદ્યાર્થીઓને છ માસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

તબીબી શિક્ષણ પ્રધાને વધુ વિગતો આપતા કહ્યું હતું કે, આ કૉલેજના હોસ્ટેલ ડીનને રેગિંગની ફરિયાદ મળતા તાત્કાલિક ધોરણે સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ કરવામાં આવ્યા હતા. જેમાં ત્રીજા વર્ષના સાત વિદ્યાર્થીઓ અને અન્ય બીજા વર્ષના વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષના વિદ્યાર્થી સાથે અસામાજિક અને અનૈતિક વર્તન કર્યું હતું. જેથી તમામ કસૂરવાર વિદ્યાર્થીઓને બે વર્ષ માટે અને બાકીના વિદ્યાર્થીઓને છ મહિના માટે સસ્પેન્ડ કરી પોતાનું વર્તન સુધારવાની કડક શબ્દોમાં તાકીદ કરવામાં આવી છે. પાનશેરિયાએ વિદ્યાર્થીઓને વિનંતી કરતાં કહ્યું હતું કે, તમે તમારા માતા-પિતાના સ્વપ્નને સાકાર કરવા માટે અભ્યાસ કરવા આવો છો, ત્યારે તમારા દ્વારા કોઇને પણ હેરાનગતિ કે દુઃખ પહોંચાડવું જોઇએ નહીં. તમારા દ્વારા કોઇને ત્રાસ આપવામાં આવે તે યોગ્ય નથી. તમે એક સન્માનિત ડૉક્ટર બનવા જઇ રહ્યા છો ત્યારે માનવતા પણ તમારામાં હોવી જોઇએ તો જ તમે સાચી સેવા કરી શકશો. આ સાથે તેમણે જણાવ્યું હતું કે અન્ય કોલેજોની અંદર પણ આવો બનાવ ન બનવો જોઈએ. જો રાજ્ય સરકારને એક પણ નાની એવી ફરિયાદ મળશે તો ચોક્કસ તેના પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે જેની તમારી કારકિર્દી પર પણ અસર થશે. અન્ય વિદ્યાર્થીઓના ત્રાસ આપવાથી ઘણીવાર તો વિદ્યાર્થી આત્મહત્યા સુધીનું પગલું ભરે છે. ૧૮ થી ૨૦ વર્ષના કુમળા યુવાનોમાં વધારે વિચાર કે વધારે સહન શક્તિ હોતી નથી માટે કોઈનો લાડકવાયો છીનવાય અને તમારી કારકિર્દી પૂર્ણ ન થાય તે બાબતે તમામ વિદ્યાર્થીઓને ખૂબ કાળજી રાખવા પ્રધાને અનુરોધ કર્યો હતો.

# અમદાવાદની હવા માત્ર પ્રદૂષિત નથી, પણ સંકોચાતી જાય છેઃ અભ્યાસમાં ચોંકાવનારું તારણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ માત્ર દિલ્હી નહીં દેશના મોટાભાગના શહેરો પ્રદૂષણનો ભોગ બની રહ્યા છે અને હવાનું પ્રદૂષણ જીવલેણ સાબિત થઈ રહ્યું હોવાનું પણ ઘણીવાર પ્રકાશમાં આવ્યું છે, પરંતુ અમદાવાદીઓ માટે વધારે ચિંતાનો વિષય એ છે કે શહેરની હવા સીમિત થઈ રહી છે અને હવાનું આવરણ સંકોચાઈ રહ્યું છે. શ્વાસ લેવા માટે જરૂરી હવાનું જે પ્રમાણ હોવું જોઈએ તે છેલ્લા ૪૪ વર્ષમાં ઘટ્યું હોવાનું એક અભ્યાસ દ્વારા પ્રકાશમાં આવ્યું છે. જેના લીધે ઝેરી તત્ત્વો હવામાં રહેવાને બદલ આપણી આસપાસ ફેલાઈ રહ્યા છે, તેમ એક અહેવાલ જણાવી રહ્યો છે.

પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીની એક ટીમે ૧૯૮૦ થી ૨૦૨૪ દરમિયાન અમદાવાદ ઉપર પ્લેનેટરી બાઉન્ડ્રી લેયર હાઇટને ટ્રેક કરવાના એક અભ્યાસ દરમિયાન આ તારણ કાઢ્યું હતું. અહેવાલ અનુસાર પ્લેનેટરી બાઉન્ડ્રી લેયર (પીબીએલ) છે, જે વાતાવરણનો સૌથી નીચો સ્તર છે જે વાયુ પ્રદૂષણ માટે કુદરતી નિયંત્રણ તરીકે કાર્ય કરે છે. પીબીએલ પૃથ્વીની સપાટીથી પણ સીધી રીતે પ્રભાવિત થાય છે. જ્યારે આ સ્તર નીચે આવે છે, ત્યારે પ્રદૂષિત રજકણો ઝડપથી કેન્દ્રિત થાય છે. વાર્ષિક સરેરાશ પ્લેનેટરી બાઉન્ડ્રી લેયર હાઈટ (પીબીએલએચ) દર વર્ષે ૪.૮૨ મીટરના નોંધપાત્ર દરે ઘટી રહ્યો છે. ૧૯૯૫ માં સૌથી વધુ નોંધાયેલ વાર્ષિક સરેરાશ ૧,૫૩૬ મીટર હતી. ૨૦૨૪ મા આ ઘટીને ૧,૦૪૮ મીટર થઈ ગઈ. આ ઘટાડાનો અર્થ એ છે કે હવે લગભગ એક તૃતીયાંશ ઓછી હવા વાતાવરણમાં ફેલાવવા માટે ઉપલબ્ધ છે.

પદાર્થો (એરોસોલ્સ) ની ઊંચી સાંદ્રતા પૃથ્વીની સપાટી પર પહોંચે તે પહેલાં સૌર કિરણોત્સર્ગને શોષી પણ લે છે. પીબીએલ વધારવા માટે સપાટીની ગરમી જરૂરી છે, જે પ્રદૂષણને લીધે વધી શકતી નથી. ઘટેલાં સૌર કિરણોત્સર્ગને લીધે આ પ્રક્રિયા અવરોધાય છે, તેમ યુનિવર્સિટીની ટીમના અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું હતું.

# ગુજરાત પોલીસની ૧૦૦ કલાકની ડ્રાઈવ પૂર્ણ, ૩૧,૮૩૪ આરોપીઓનું વેરિફિકેશન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તકેદારી વધારવા માટે ૧૭ નવેમ્બરે બેઠક કરી તમામ શહેર-જિલ્લાના પોલીસ વડાઓને છેલ્લાં ૩૦ વર્ષમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓના ગુનામાં પકડાયેલા આરોપીઓનું વેરિફિકેશન કરી ડોઝિયર તૈયાર કરવાની કામગીરી ૧૦૦ કલાકમાં પૂર્ણ કરવા સૂચના આપી હતી.

વિકાસ સહાયની સૂચના મુજબ રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોએ કામગીરી પૂર્ણ કરી છે. ગુજરાત પોલીસે છેલ્લા ૩૦ વર્ષના ડેટાબેઝની તપાસ કરીને કુલ ૩૧,૮૩૪ આરોપીઓનું ઘરે-ઘરે જઈને ચેકિંગ કર્યું હતું. વેરિફિકેશન પ્રક્રિયામાં મુખ્યત્વે રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ગુનાઓ, અનલોફુલ એક્ટિવિટિઝ, પ્રિવેન્શન એક્ટ (યુએપીએ), ટેરેરિસ્ટ ડિસરપ્ટીવ એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્ટ (ટાડા), એનડીપીએસ એક્ટ, આર્મ્સ એક્ટ, એક્સપ્લોઝિવ એક્ટ, ફેક ઇન્ડિયન કરન્સી જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓનું ચેકિંગ કરાયું હતું. પોલીસે તમામ આરોપીઓની હાલની પ્રવૃત્તિઓ અને નોકરી સહિતની વિગતો અંગે તપાસ કરી હતી.

વેરિફિકેશન પૂર્ણ કર્યા બાદ ગુજરાત પોલીસે રજૂ કરેલા રાષ્ટ્ર વિરોધી આરોપીઓના આંકડા રજૂ કરતાં વિકાસ સહાયે જણાવ્યું હતું કે, ચેક કરવામાં આવેલા કુલ ૩૧,૮૩૪ આરોપીઓ પૈકી ૧૧,૮૮૦ આરોપીઓ એટલે કે અંદાજે ૩૭ ટકા આરોપીઓ મળી આવ્યા હતા. જે તમામના ડોઝિયર ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. આ ઉપરાંત ૨,૩૨૬ આરોપીના મોત થયાં છે. ૩,૭૪૪ આરોપીઓએ પોતાના સરનામાં બદલી નાખ્યાં છે. ત

ગુજરાત પોલીસ દ્વારા ચેકિંગનું પ્રથમ તબક્કાનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. વિકાસ સહાયે વધુમાં જણાવ્યું હતું કે, હવે બીજા તબક્કામાં રાજ્ય બહારના આરોપીઓનું ચેકિંગ કરી તેમના ડોઝિયર તૈયાર કરવા માટે ખાસ એસઓપી તૈયાર કરી સઘન કાર્યવાહી કરવામાં આવશે. જેથી રાષ્ટ્રવિરોધી તત્ત્વો પર કાયમી ધોરણે મજબૂત નિયંત્રણ રાખી શકાય.

# અમદાવાદમાં 3000 કિ.મી.ના રસ્તા ઉપર ૪000થી વધુ સ્પીડબ્રેકર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ૩૦૦૦ કિલોમીટરના મુખ્ય, આંતરિક અને સોસાયટીઓના માર્ગો ઉપર બનાવાયેલા ૪૦૦૦ સ્પીડબ્રેકર સલામતી આપવા સાથે સમસ્યારૂપ બની રહ્યા છે. જરૂરિયાત મુજબ સ્પીડબ્રેકર બનાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસની કમિટી મંજૂરી આપે છે. પણ, વાહનોની દોડધામ વચ્ચે સલામતી શોધતા શહેરીજનો સગવડિયા સેટિંગ કરી સ્પીડબ્રેકર બનાવીને સમસ્યા સર્જી રહ્યા છે. લોકો પોતાની અને બાળકોની સલામતી માટે અમુક મુખ્ય રસ્તા, આંતરિક રસ્તા અને સોસાયટીઓના રસ્તા ઉપર આડેધડ અને નિયમોની વિરુદ્ધ ડામર, પ્લાસ્ટિક કે સિમેન્ટના કોઈપણ સાઇઝના બમ્પ બનાવી નાખતા હોવાથી અકસ્માતો સર્જાય છે. અમદાવાદમાં વર્ષ ૨૦૨૪-૨૫ના ૧૭ મહિના દરમિયાન જ ૩૩૯ નવા સ્પીડબ્રેકર મંજૂર કરવામાં આવ્યાં છે. વર્ષ ૨૦૨૧થી ૨૦૨૫ સુધીમાં સ્પીડબ્રેકર બનાવવા માટે ૧૧૩૩ લોકોએ અરજી કરી હતી. તેમાંથી કુલ ૬૩૦ સ્પીડ બ્રેકર બનાવવા મ્યુનિ. અને પોલીસ તંત્રની કમિટીએ મંજૂરી આપીને કાર્યવાહી કરી હતી. સ્પીડબ્રેકર બનાવવા માટે મ્યુનિ.ની વોર્ડ ઓફિસ કે ટ્રાફિક પોલીસના પ્લાનિંગ સેલમાં અરજી કરવામાં આવે છે. આ અરજીઓ ટ્રાફિક પોલીસના પ્લાનિંગ સેલમાં મોકલી આપવામાં આવે છે. પ્લાનિંગ સેલ જે તે વિસ્તારના ટ્રાફિક પોલીસ સ્ટેશનના પી.આઈ.ને આ અરજી મોકલી આપે છે. પી.આઈ. ખરા અર્થમાં સ્પીડબ્રેકરની જરૂરિયાત છે કે નહીં અને જરૂરિયાત હોય તો ટ્રાફિક ફ્લોને ધ્યાનમાં રાખીને કયા પ્રકારના સ્પીડબ્રેકર બનાવવા તે અંગેનો રિપોર્ટ આપે છે. આ રિપોર્ટના આધારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઝોન ઓફિસ જે તે નિર્દિષ્ટ જગ્યાએ સ્પીડબ્રેકર બનાવે છે. પોલીસ અને મ્યુનિ. એ મંજૂર કરેલા સ્પીડબ્રેકરની સંખ્યા ૧૨૦૦ આસપાસ થવા જાય છે છતાં શહેરના મુખ્ય માર્ગો, આંતરિક રસ્તા કે સોસાયટીઓમાં સ્પીડબ્રેકરની સંખ્યા ૪૦૦૦ જેટલી થવા જાય છે.

# ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, મકાઈ, રાગીની ખરીદી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના ખેડૂતોને ટેકો આપવા માટે ગુજરાત સરકાર દ્વારા ૨૪ નવેમ્બરને સોમવારથી રાજ્યમાં લઘુતમ ટેકા (એમએસપી)ના ભાવે જણસીની ખરીદી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આના પગલે સોમવારથી રાજ્ય સરકારે ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૨૫-૨૬ અંતર્ગત લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, મકાઈ તથા રાગીની ખરીદી સીધી ખેડૂતો પાસેથી શરૂ કરી હતી. આ ખરીદી અંતર્ગત ટેકાના ભાવે ડાંગર ખરીદી માટે રજિસ્ટ્રેશન કરાવેલા ખેડૂતો પાસેથી સરકાર અંદાજે ડાંગર માટે પ્રતિ હેક્ટર ૧૫૦૦ કિલોગ્રામ ડાંગરનો ખરીદી ખેડૂતો પાસેથી કરશે. જે ૨૪ નવેમ્બરથી આગામી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી આ ખરીદી અન્વયે ડાંગર માટે રાજ્યભરમાં થશે. જે માટે સરકાર ડાંગરની ખરીદી માટે ૧૧૩ કેન્દ્રો પણ નિર્ધારિત કર્યા છે. આ ઉપરાંત, બાજરી માટે ૧૫૦, જુવાર માટે ૫૦, મકાઈ માટે ૮૨ અને રાગી માટે ૧૯ નિયત કેન્દ્ર પરથી ખરીદી કરવાની વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે. ટેકાના ભાવથી થતી ખરીદી અન્વયે બાજરી હેક્ટરદીઠ ૧૮૪૮ કિલોગ્રામ, જુવાર પ્રતિ હેક્ટર ૧૫૩૯ કિલોગ્રામ, મકાઈ હેક્ટર દીઠ ૧૮૬૪ કિલો અને રાગી હેક્ટર દીઠ ૯૦૩ કિલોગ્રામ પ્રમાણે ખરીદી કરવામાં આવશે. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા ક્વિન્ટલ દીઠ ખરીદીના જે લઘુતમ ટેકાના ભાવ જાહેર કરાયા છે તેમાં ડાંગર માટે ક્વિન્ટલ દીઠ ૨૩૬૯ અને ૨૩૮૯, બાજરીના ૩૦૭૫, જુવાર (હાઇબ્રીડ)ના ૩૯૯૯, જુવાર (માલદંડી)ના ૪૦૪૯, મકાઈના ૨૪૦૦ અને રાગી માટે ૫૧૮૬ ભાવ નિર્ધારિત કરવામાં આવ્યા છે.

# દૂધસાગર ડેરી ચૂંટણી માટે અશોક ચૌધરીની ૧૫ સભ્યની પૂર્ણ પેનલે ફોર્મ ભર્યાઃ સમરસ ચૂંટણીની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત દૂધસાગર ડેરીની ચૂંટણી માટે ફોર્મ ભરવાનો સોમવારે છેલ્લો દિવસ હતો. આ ચૂંટણી માટે અશોક ચૌધરીની આગેવાની હેઠળની પેનલ દ્વારા બપોરે ફોર્મ ભરવામાં આવ્યા હતા. આ પેનલમાં ૧૫ સભ્યનો સમાવેશ થાય છે. આ પેનલે ભારતીય જનતા પાર્ટીના મેન્ડેડના આધારે ઉમેદવારી નોંધાવી હતી.

મહેસાણા દૂધસાગર ડેરીમાં નિયામક મંડળની ૧૫ બેઠક માટે ૭ ડિસેમ્બરે ચૂંટણી યોજવાની જાહેરાત કરાઈ છે જે માટે સોમવારે ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હોઈ કલેક્ટર કચેરીમાં આવેલી ચૂંટણી અધિકારીની કચેરીમાં ફોર્મ ભરવા ધસારો જોવા મળ્યો હતો. ચૂંટણી અધિકારી દેવાંગ રાઠોડે કહ્યું હતું કે ૬૦થી વધુ ફોર્મ વિતરણ થયાં છે. અશોક ચૌધરીની આગેવાની હેઠળ ૧૫ સભ્ય ફોર્મ ભરવા માટે કલેક્ટર ઑફિસ તરફ રવાના થયા હતા. ફોર્મ ભરનારાઓમાં અશોક ચૌધરીની સાથે ખેરાલુના ધારાસભ્ય સરદાર ચૌધરી અને માણસાના પૂર્વ ધારાસભ્ય અમિત ચૌધરીનો પણ સમાવેશ થતો હતો.

# ગુજરાતના 3-૪ વર્ગના ફિક્સ પગારદારોને વધારાના કાર્ય માટે ચાર્જ એલાઉન્સની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના ક્લાસ ૩-૪ વર્ગના ફિક્સ પગારના કર્મચારીઓને સોંપવામાં આવતા વધારાના કાર્ય માટે ચાર્જ એલાઉન્સ ચૂકવવામાં આવશે. આ અંગે નાણાં વિભાગે પરિપત્ર જાહેર કરીને જાણકારી આપી હતી.

નાણાં વિભાગના પરિપત્ર મુજબ, રાજ્ય સરકારના ૩-૪ વર્ગના ફિક્સ પગારના કર્મચારીને જૂના પગાર પ્રમાણે ચૂકવવામાં આવતા ચાર્જ એલાઉન્સમાં વધારો કરવામાં આવ્યો છે, જેમાં સમાન કેડરના ચાર્જ માટે પાંચ ટકા અને સિનિયર લેવલના વધારાના ચાર્જની સોંપણી પર ૧૦ ટકા ચાર્જ એલાઉન્સ મળવાપાત્ર રહેશે.

# અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫ઃ ૧૧ દિવસમાં ૮.૨૧ લાખથી વધુ પુસ્તક પ્રેમીઓએ મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે ૧૩થી ૨૩ નવેમ્બર સુધી યોજાયેલા અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫એ આ વખતે લોકપ્રિયતાનો નવો ઇતિહાસ રચ્યો હતો. વાંચે ગુજરાત ૨.૦' અભિયાન સાથે જોડાયેલા આ ૧૧-દિવસીય મહોત્સવમાં કુલ ૮.૨૧ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી હતી, જેને કારણે આ સાહિત્યિક મહોત્સવ રાજ્યમાં જ નહીં પરંતુ રાષ્ટ્રીય સ્તરે પણ સૌથી વધુ મુલાકાતીઓ ધરાવતું બુક ફેસ્ટિવલ બની ગયો છે.

અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલનું ૧૩ નવેમ્બરે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય શિક્ષણપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના હસ્તે ઉદ્ઘાટન થયું હતું. વંદે માતરમ્‌ના સમૂહગાન અને સ્વદેશી પ્રચાર પ્રતિજ્ઞાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં સરદાર વલ્લભભાઈ પટેલને સમર્પિત 'બેરિસ્ટર મિસ્ટર પટેલ' સહિત અનેક પુસ્તકોનું લોન્ચિંગ પણ થયું હતું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા અને કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા લગભગ ૧ લાખ સ્ક્વેર ફૂટ વિસ્તારમાં તૈયાર કરાયેલ આ મહોત્સવમાં ૩૦૦થી વધુ પ્રકાશકોએ ભાગ લીધો હતો. શહેરના દરેક વય જૂથ માટે ત્રણ વિશિષ્ટ ઝોન બનાવવામાં આવ્યા હતા, જેમાં બાળ સાહિત્ય, સર્જનાત્મક સત્રો, કાવ્ય-વાચન, લેખકો સાથેની ચર્ચાઓ, વર્કશોપ્સ અને ફિલ્મ ફેસ્ટિવલ જેવી પ્રવૃત્તિઓ સતત પ્રેક્ષકોને આકર્ષિત કરતી રહી હતી.

આ બુક ફેસ્ટિવલમાં બાળકોના વર્કશોપ્સ, વાર્તાવાચન કાર્યક્રમો, કલા-હસ્તકલા, ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલે વિશેષ લોકપ્રિયતા મેળવી હતી. સ્કૂલ બોર્ડના શતાબ્દી મહોત્સવના ભાગરૂપે યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં હજારો વિદ્યાર્થીઓને ઇનામો આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

યુવાનો માટેના 'જ્ઞાન ગંગા' વર્કશોપ્સે પણ મહોત્સવની ધમાકેદાર સફળતામાં મોટો ફાળો આપ્યો હતો. કાવ્ય લેખન, નાટક, ફિલ્મ સ્ક્રિપ્ટિંગ અને બુક ડિઝાઇન સહિતના સર્જનાત્મક વર્કશોપ્સ અને વિવિધ બુક લોન્ચ સત્રોએ વિદ્યાર્થીઓ, લેખકો અને સર્જકોને એકસાથે લાવ્યા હતા.

આ ઉપરાંત વિદેશી વક્તાઓની હાજરીએ મહોત્સવને વૈશ્વિક સ્પર્શ આપ્યો હતો. ચિલે, સ્પેન, ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકામાંથી આવેલા વિચારકોએ ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિ સાથે સંબંધિત વિષયો પર વિશેષ સત્રો લીધા હતા. એટલું જ નહીં મેઇન સ્ટેજ પર દરરોજ યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોએ સમગ્ર મહોત્સવને જીવંત રાખ્યો હતો. આ મહોત્સવનું આયોજન સુવ્યવસ્થિતતા અને સુવિધાઓને કારણે પણ ખૂબ વખાણાયુ હતું. સ્વચ્છ કેમ્પસ, વિશાળ ફૂડ કોર્ટ, સ્ટાર્ટઅપ ઝોન, વીઆર ગેમિંગનું અનોખું સ્ટેમ્પ પ્રદર્શન અને વાંચન માટે અનુકૂળ વાતાવરણના કારણે અનેક પરિવારોને અહીં લાંબા સમય સુધી સમય વિતાવવાનો આનંદ મળ્યો હતો. આમ, આયોજકોએ કરેલી મહેનતને સ્મરણિય સફળતા મળતાં અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫ને 'જ્ઞાનનો મહાકુંભ' તરીકે નવી ઓળખ મળી છે.

દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 278 ■ વિક્રમ સંવત ૨૦૮૨

માર્ગશીર્ષ સુદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 November 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૨૫ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અલવિદા ‘વીરુ’

- ઉત્તમ એક્ટર અને ઉમદા માનવ ધર્મેન્દ્રનું અવસાન
- ‘શોલે’ની જય-વીરુની જોડી તૂટી
- ૯૦મા જન્મદિવસના ૧૪ દિવસ પહેલાં ઍક્ઝિટ
- વિલે પાર્લેની સ્મશાનભૂમિમાં અગ્નિદાહ
- બૉલિવૂડના અનેક સિતારાઓ હાજર

મુંબઈ : હિન્દી ફિલ્મોદ્યોગના મહાન એક્ટર ધર્મેન્દ્રનું સોમવારે નિધન થયું હતું. તેઓ ૮૯ વર્ષના હતા. ધર્મેન્દ્રે તેની ૬૫ વર્ષની જાજરમાન કારકિર્દીમાં ‘સત્યકામ’થી માંડીને ‘શોલે’ સુધીની ૩૦૦થી વધુ ફિલ્મમાં કામ કર્યું હતું.ધર્મેન્દ્રનો પાર્થિવદેહ વિલે પાર્લેના પવન હંસ સ્મશાનગૃહમાં પંચમહાભૂતમાં વિલિન થયો હતો. ‘શોલે’માં અમિતાભ બચ્ચન સાથેની તેની ‘જય-વીરુ’ની જોડી બહુ પ્રસિદ્ધ થઈ હતી. ધર્મેન્દ્ર ઍક્ટર તરીકે તો ઉત્તમ હતો જ પણ માણસ તરીકે પણ ઉમદા હતો અને ફિલ્મોદ્યોગમાં તેની ઓળખ એક ઉમદા સ્વભાવના અભિનેતા તરીકેની હતી. ધર્મેન્દ્ર આઠ ડિસેમ્બરે ૯૦ વર્ષના થવાના હતા. થોડા સમયથી તેની તબિયત સારી રહેતી નહોતી. તેને મુંબઈની હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો અને આ મહિનાની શરૂઆતમાં તેના કુટુંબે ઘરે સારવાર આપવાનું નક્કી કર્યું હતું.

પોલીસે એક નિવેદનમાં કહ્યું હતું કે ધર્મેન્દ્રનું અવસાન સોમવારે સવારે થયું હતું. ધર્મેન્દ્રના અંતિમસંસ્કાર તેમના જૂહુના ઘરની નજીકની વિલે પાર્લેની સ્મશાનભૂમિમાં થયા હતા. આમાં હેમા માલિની, ઈશા દેઓલ, આમીર ખાન, અમિતાભ બચ્ચન, અભિષેક બચ્ચન, સલમાન ખાન, શાહરુખ ખાન, અનિલ કપૂર, સંજય દત્ત, અક્ષય કુમાર, રણવીર સિંહ, દીપીકા પાદુકોણ, જેકી શ્રોફ, શબાના આઝમી અને ગોવિંદા હાજર રહ્યા હતા. સલમાન ખાનના પિતા અને પટકથા લેખક સલિમ ખાન પણ આમાં જોડાયા હતા.ધર્મેન્દ્રના મોટા પુત્ર અને ફિલ્મસ્ટાર સની દેઓલે મુખાગ્નિ આપ્યો હતો. નાનો દીકરો બોબી દેઓલ પણ હાજર હતો.

મહિનાની શરૂઆતમાં ધર્મેન્દ્રના અવસાનના ખોટા સમાચાર ચલાવનાર પ્રસાર માધ્યમોની કુટુંબે આલોચના કરી હતી અને પ્રાઈવસીની (જુઓ પાનું ૨) ▸▸

## કોણે શું કહ્યું?

**ધર્મેન્દ્ર** એક મહાન ફિલ્મ હસ્તી અને વિલક્ષણ અભિનેતા હતા. ધર્મેન્દ્રના નિધનથી ભારતીય સિનેમાના એક યુગનો અસ્ત થયો છે. ધર્મેન્દ્રએ ભજવેલી દરેક ભૂમિકામાં તેઓ મોહકતા અને ઊંડાઈ લાવ્યા હતા. ધર્મેન્દ્રે જે રીતે વિવિધ ભૂમિકા ભજવી તેનાથી અગણિત લોકો સાથે તેમનો નાતો સ્થપાયો હતો. તેઓ તેમની સાદાઈ, નમ્રતા અને ઉષ્મા માટે જાણીતા હતા. આવા દુ:ખદ સમયમાં મારું હૈયું તેમના મિત્રો, કુટુંબ અને અગણિત ચાહકો સાથે છે.

– વડા પ્રધાન નરેન્દ્ર મોદી

**સોમવારે** કહ્યું હતું કે પીઢ અભિનેતા અને લોકસભાના ભૂતપૂર્વ સાંસદ ધર્મેન્દ્રના નિધનથી ભારતીય સિનેમાને મોટી ખોટ પડી છે. ધર્મેન્દ્રે તેમની દાયકાઓથી જાજરમાન કારકિર્દી દરમિયાન અનેક યાદગાર પર્ફોર્મન્સ આપ્યા છે.

– રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂ

**ધર્મેન્દ્રના** નિધન બદલ શોક વ્યક્ત કરું છું. ધર્મેન્દ્ર સામાન્ય કુટુંબથી આવ્યા છતાં ફિલ્મ ઉદ્યોગમાં કાયમી છાપ પાડી છે.

– ગૃહપ્રધાન અમિત શાહ

**ધર્મેન્દ્રનું** નિધન દિલ દ્રવી નાખનારું છે અને આનાથી ભારતના કળાજગતમાં વણપુરાયેલી ખોટ પડી છે.

– રાહુલ ગાંધી, કૉંગ્રેસના નેતા

## ગજબનું સ્ટારડમ

### અમિતાભ બચ્ચન, શાહરુખ કરતાં વધુ સુપરહિટ ફિલ્મો આપી હતી

નવી દિલ્હી: બોલિવૂડના ‘‘હી-મેન’’ ધર્મેન્દ્રનું ૮૯ વર્ષની વયે અવસાન થયું છે. ધર્મેન્દ્રનું સ્ટારડમ એવું હતું કે તેમની દરેક ફિલ્મ રિલીઝ થાય તે પહેલા જ તેની ચર્ચા થવા લાગતી હતી અને લોકો આતુરતાથી ફિલ્મ રિલીઝ થવાની રાહ જોતા હતા. એક્શન, રોમાન્સ અને કોમેડીથી લઈને દરેક શૈલીમાં શ્રેષ્ઠ કરવાની તેમની ક્ષમતાએ તેમને બોલિવૂડના સાચા હી-મેન બનાવ્યા. ધર્મેન્દ્રએ માત્ર ફિલ્મોમાં તેમની ભૂમિકાઓથી જ નહીં પરંતુ તેમના અભિનયથી પણ દર્શકોના દિલ જીતી લીધાં હતાં. પડદા પર તેમના એક્શન દૃશ્યોને ખૂબ જ પસંદ કરવામાં આવતાં હતાં. ધર્મેન્દ્ર સતત ફિલ્મોમાં વ્યસ્ત રહેતા હતા. હવે, તેમની છેલ્લી ફિલ્મ, ‘‘ઈક્કીસ’’, આવતા મહિને સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

ધર્મેન્દ્રએ તેમની કારકિર્દી દરમિયાન હિન્દી સિનેમાને અનેક હિટ અને બ્લોકબસ્ટર ફિલ્મો આપી. તેમને ૬૦ અને ૭૦ના દાયકામાં બોક્સ ઓફિસના સૌથી લોકપ્રિય સ્ટાર્સમાંના એક ગણવામાં આવતા હતા. ‘‘શોલે,’’ ‘‘ચુપકે ચુપકે,’’ ‘‘ધરમ વીર,’’ ‘‘દોસ્ત,’’ (જુઓ પાનું ૨) ▸▸

## ‘અભિનેતાએ નેતા બનવાના ધખારા ન કરવા જોઈએ’

### ધર્મેન્દ્ર આવું માનતા હતા એટલે જ રાજકીય કારકિર્દી ટૂંકી રહી હતી

નવી દિલ્હી: ધર્મેન્દ્રએ દાયકાઓ સુધી મોટા પડદા પર રાજ કર્યું હતું, પરંતુ ૨૦૦૪માં આ સિતારાએ ફિલ્મ સેટને રાજકીય રેલીઓમાં ફેરવી નાખ્યો હતો. રાજસ્થાનના બિકાનેરથી ભારતીય જનતા પાર્ટી(ભાજપ)ના ઉમેદવાર તરીકે લોકસભા ચૂંટણી લડી હતી. તેમજ જીત પણ હાંસલ કરી હતી.

લુધિયાણા નજીક સાહનેવાલના રહેવાસી ધર્મેન્દ્રના પંજાબી જાદુએ રાજસ્થાનના મતદારોના દિલોમાં જગ્યા બનાવી લીધી હતી. તેમની ઝુંબેશમાં મોટી સંખ્યામાં લોકોની ભીડ ઊમટી હતી. તેમના સ્ટાર પાવર અને સ્પષ્ટવક્તાને કારણે લોકોનું ભારે ધ્યાન આકર્ષિત થયું હતું.

તત્કાલીન વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીના નેતૃત્વ હેઠળની ભાજપને ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે ધર્મેન્દ્ર તેમના ચૂંટણી પદાર્પણમાં સફળ રહ્યા હતા. તેમણે કોંગ્રેસના ઉમેદવાર રામેશ્વર લાલ ડૂડીને લગભગ ૬૦,૦૦૦ મતોથી હરાવ્યા હતા.

જો કે સંસદમાં પહોંચ્યા પછી ટૂંક સમયમાં જ ગ્લેમર ઝાંખુ પડી ગયું હતું. તેમની હાજરી ઓછી હતી અને ચર્ચાઓમાં તેમની (જુઓ પાનું ૨) ▸▸

## રામ મંદિર પર આજે ભગવો લહેરાવશે મોદી

અયોધ્યા: વડા પ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે અયોધ્યાની મુલાકાતે જશે અને મંદિરના નિર્માણનું કામ પૂરું થયું હોવાનાં પ્રતીકરૂપ રામ મંદિરના શિખર પર ભગવો લહેરાવશે.

મોદીની અયોધ્યા મુલાકાત અગાઉ મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે તમામ તૈયારીઓની સમીક્ષા કરી હતી અને સંબંધિત અધિકારીઓને જરૂરી આદેશ આપ્યા હતા.

રામ મંદિરના શીખર પર લહેરાવવામાં આવનારાં ધ્વજની લંબાઈ ૨૦ ફૂટ અને ઊંચાઈ ૧૦ ફૂટ હશે. ભગવાન રામના શૌર્ય અને (જુઓ પાનું ૨) ▸▸

## કૅનેડાએ નાગરિકત્વ સંબંધી કાનૂનમાં ફેરફાર કર્યો, ભારતીયોને ફાયદો થશે

ઓટાવા: અમેરિકા ઈમિગ્રેશન અને નાગરિકતા માટેના નિયમો કડક બનાવવામાં આવતા વિદેશમાં વસવાની ઈચ્છતા ધરવતા ભારતીયો કૅનેડા તરફ નજર કરી રહ્યા છે. એવામાં અહેવાલ છે કે કૅનેડા તેના નાગરિકતા નિયમોમાં મોટા ફેરફાર કરવા જઈ રહ્યું છે, જેનાથી હજારો ભારતીય મૂળના પરિવારો અને વિદેશમાં જન્મેલા અન્ય કૅનેડિયનોને ફાયદો થઈ શકે છે.

તાજેતરમાં કેનેડાના ઇમિગ્રેશન પ્રધાન લેના મેટલેજ ડાયબે જણાવ્યું હતું કે, કેનેડાના નાગરિકતા કાયદામાં લાંબા સમયથી ચાલી આવતી સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે બિલ ઈ-૩ રજૂ કરવામાં આવશે, જેનાથી વિદેશમાં જન્મેલા અથવા દત્તક લીધેલા બાળકો અને તેમના પરિવારોને ન્યાય મળશે.

લેના મેટલેજ ડાયબે જણાવ્યું કે જેમને અગાઉના કાયદાઓ દ્વારા બાકાત રાખવામાં આવ્યા હતા એવા લોકોને આ બિલને મંજુરી મળવાથી નાગરિકતા મળશે. ભવિષ્યને ધ્યાનમાં રાખીને સ્પષ્ટ નિયમો બનાવવામાં આવશે, કાયદામાં આ ફેરફારોથી (જુઓ પાનું ૨) ▸▸

## ચીફ જસ્ટિસ બન્યાના પહેલા દિવસે ૧૭ કેસની સુનાવણી કરી સૂર્યકાન્તે

નવી દિલ્હી: જમ્મુ-કાશ્મીરમાં બંધારણની કલમ ૩૭૦ રદ કરવી અને બિહાર મતદારયાદીના એસઆઈઆર સહિત અનેક સીમાચિહ્નરૂપ ચુકાદાઓનો હિસ્સો રહેલા જસ્ટિસ સૂર્યકાન્તે સોમવારે દેશના ૫૩મા ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (સીજેઆઈ) તરીકે હિન્દીમાં શપથગ્રહણ કર્યા હતા. જસ્ટિસ સૂર્યકાન્તે જસ્ટિસ બી. આર. ગવઈનું સ્થાન લીધું હતું.

સીજેઆઈનો હોદ્દો ગ્રહણ કર્યાના પ્રથમ દિવસે કાન્તે ૧૭ કેસની સુનાવણી કરી હતી. તેમણે નવો નિયમ કર્યો હતો કે કેસની તાકીદે સુનાવણી માટે લેખિતમાં વિનંતી કરવી અને માત્ર મૃત્યુદંડની સજા અને વ્યક્તિગત આઝાદીને લગતા કેસને મામલે અસાધારણ સંજોગોમાં જ મૌખિક વિનંતીને ધ્યાન પર લેવામાં આવશે.

સુપ્રીમ કોર્ટમાં પ્રથમ દિવસે આવી પહોંચેલા કાન્તે કોર્ટના પરિસરમાં મહાત્મા ગાંધી અને ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી.

રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા એક નાનકડા સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કાન્તને શપથગ્રહણ કરાવ્યા હતા. ૩૦ ઑક્ટોબરે જસ્ટિસ કાન્તની ભાવિ સીજેઆઈ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. કાન્ત (જુઓ પાનું ૨) ▸▸

## પૅપર સ્પ્રે રાખ્યાં: દિલ્હીમાં બાવીસ પ્રદૂષણ વિરોધી દેખાવકારોની ધરપકડ

નવી દિલ્હી: દિલ્હી પોલીસે રાષ્ટ્રીય રાજધાનીમાં વધતા વાયુ પ્રદૂષણના સ્તરને લઇને ઈન્ડિયા ગેટ ખાતે વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસકર્મીઓને અવરોધવા અને તેમના પર હુમલો કરવા, સાથે પૅપર સ્પ્રે રાખવા તેમજ રસ્તો બ્લોક કરવાના આરોપસર બાવીસ લોકોની ધરપકડ કરી છે. આ જાણકારી એક અધિકારીએ સોમવારે આપી હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર રવિવારે વિરોધ પ્રદર્શન દરમિયાન પરિસ્થિતિ ત્યારે વણસી જ્યારે કેટલાક પ્રદર્શનકારીઓએ પોલીસ પર પૅપર સ્પ્રેનો ત્યારે ઉપયોગ કર્યો જ્યારે તેઓ વિરોધીઓને સ્થળ પર હટાવી રહ્યા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે વિરોધીઓ સી-હેક્સાગોન નજીક એકત્રિત થયા હતા. તેમને કહેવામાં આવ્યું (જુઓ પાનું ૨) ▸▸

## પેશાવરમાં અર્ધલશ્કરી દળના મુખ્યાલય પર સુસાઇડ બૉમ્બિંગ: ત્રણનાં મોત

પેશાવર: પાકિસ્તાનના પેશાવરમાં સોમવારે અર્ધલશ્કરી દળના મુખ્યાલય પર આત્મઘાતી હુમલામાં ઓછામાં ઓછા ત્રણ સુરક્ષા કર્મચારી માર્યા ગયા હતા અને બે અન્ય ઘાયલ થયા હતા, એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

શહેર પોલીસ વડા મિયાં સઈદે જણાવ્યું હતું કે, ફેડરલ કોન્સ્ટેબ્યુલરી (એફસી) મુખ્યાલય પર હુમલો કરવાનો પ્રયાસ કરનાર ત્રણ આત્મઘાતી હુમલાખોર પણ વળતા ફાયરિંગમાં માર્યા ગયા હતા.

એક હુમલાખોરે મુખ્ય દરવાજા પર પોતાને વિસ્ફોટ કર્યો હતો, જ્યારે અન્ય બે પરિસરમાં પ્રવેશ્યા હતાં. પણ એફસીના સુરક્ષા કર્મચારીઓએ કરેલા (જુઓ પાનું ૨) ▸▸

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારત બેસી રહે ને સિંધ ખોળામાં આવીને ના પડે

**ભારતના** સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સિંધ અંગે કરેલા નિવેદનથી પાકિસ્તાન ઉકળ્યું છે. રાજનાથ સિંહે રવિવારે દિલ્હીમાં કહેલું કે, આજે સિંધ ભારતનો ભાગ ભલે ના હોય પણ સિંધ અને ભારતની સભ્યતા એક જ છે તેથી સભ્યતાની રીતે સિંધ હંમેશાં ભારતનો ભાગ રહેશે. રાજનાથે એવું પણ કહ્યું કે, સરહદો ક્યારે બદલાઈ જાય એ કોઈને ખબર નથી હોતી એ જોતાં ભવિષ્યમાં સિંધ ભારત પાસે આવી જાય એવું પણ બને. રાજનાથના નિવેદનથી પાકિસ્તાનને મરચાં લાગી ગયાં છે. પાકિસ્તાને રાજનાથના નિવેદનને ખોટું, ઉશ્કેરણીજનક અને ખતરનાક ગણાવ્યું છે. પાકિસ્તાનનું કહેવું છે કે, આવાં નિવેદનો આંતરરાષ્ટ્રીય કાયદાની વિરુદ્ધ છે અને તેના કારણે ઉશ્કેરાટ વ્યાપે છે તેથી ભારતીય નેતાઓ આવાં નિવેદનો આપવાથી દૂર રહે.

પાકિસ્તાનની વાત બેવડાં ધોરણોનો નાદાર નમૂનો છે. પાકિસ્તાન પોતે જમ્મુ અને કાશ્મીર વિશે છાસવારે આવાં નિવેદનો કરે છે, ભારતના પ્રદેશ એવા જમ્મુ અને કાશ્મીરનો પ્રદેશ બથાવીને બેસી ગયું છે અને તેને આઝાદ કાશ્મીર ગણાવે છે. પાકિસ્તાન એવો બકવાસ પણ કરે છે કે, જમ્મુ અને કાશ્મીરને ભારત લશ્કરના જોરે પોતાની સાથે રાખે છે, બાકી કાશ્મીરનાં લોકો તો ભારત સાથે રહેવા ધોળે ધરમેય તૈયાર નથી. માત્ર એટલું જ નહીં પણ પાકિસ્તાન તો જમ્મુ અને કાશ્મીરને ભારતથી અલગ કરાવવાના ઉધમાતમાં કોઈ કસર છોડતું નથી. કાશ્મીરમાં આતંકવાદ દ્વારા નિર્દોષોની હત્યા કરવાથી માંડીને અરાજકતા ફેલાવવા સુધીનું બધું પાકિસ્તાન કરે છે. પાકિસ્તાન આ બધું કરે ત્યારે તેને આંતરરાષ્ટ્રીય કાયદા પણ યાદ નથી આવતા કે તેના કારણે ઉશ્કેરાટ વ્યાપે છે એ પણ યાદ નથી હોતું ને રાજનાથે સિંધની વાત છેડી તેમાં તો મરચાં લાગી ગયાં.

ભારતને તેનાથી કોઈ ફરક પડતો નથી. ભારતના નેતા પાકિસ્તાનના આંગળિયાત નથી તેથી તેમણે શું બોલવું એ પાકિસ્તાન નક્કી ના કરી શકે. રાજનાથે માત્ર નિવેદન આપ્યું છે ને નિવેદનના કારણે કોઈ આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ પણ થતો નથી તેથી પાકિસ્તાનના વાંધાની પરવા કરવા જેવી નથી પણ મુખ્ય મુદ્દો સિંધમાં લોકો પાકિસ્તાનથી ખુશ નથી તેનો છે. માત્ર સિંધ જ નહીં પણ આખું પાકિસ્તાન અને છેક અફઘાનિસ્તાન સુધીનો પ્રદેશ ભારતીય સભ્યતાનો ભાગ છે તેથી રાજનાથની એ વાત તો સો ટકા સાચી જ છે પણ ભવિષ્યમાં સિંધ ભારતમાં ભળી શકે એ વાત પણ સાચી છે.

સિંધમાં લાંબા સમયથી પાકિસ્તાનના શાસન સામે ઉકળાટ છે અને એક મોટો વર્ગ માને છે કે, સિંધી સંસ્કૃતિને બચાવવા સિંધીઓએ પાકિસ્તાનથી અલગ થવું જોઈએ નહિંતર ખતમ થઈ જઈશું. આ લાગણી બહુ વરસોથી છે ને સિંધીઓ રહેતા ભલે હોય પણ પાકિસ્તાનમાં તેમને ગોઠતું નથી એ પણ વાસ્તવિકતા છે. વરસોથી પાકિસ્તાનથી અલગ થવા એ લોકો ઊંચાનીચા થયા જ કરે છે. સિંધને પાકિસ્તાનથી અલગ કરીને જ્યાં ઈસ્લામ નહીં પણ સિંધુ સંસ્કૃતિ સર્વોપરી હોય તેવું અલગ રાષ્ટ્ર રચવાની માગણી સાથેની ઝુંબેશ પાકિસ્તાનમાં વરસોથી ચાલે છે.

આઝાદી પછી તરત જી.એમ. સઈદે આ વિચાર મૂકેલો. સિંધની પ્રજા પંજાબીઓ અને મોહાજીરોથી ત્રાસેલી હતી તેથી તેમને આ વિચાર ગમી ગયો. પંજાબીઓ પાકિસ્તાનના રાજકારણ પર ચડી બેઠા છે ને કોઈને ગાંઠતા નથી. ભારતમાં ઉત્તર પ્રદેશ સહિતનાં રાજ્યોમાંથી ગયેલા મુસલમાનો પાકિસ્તાનમાં મોહાજીરો કહેવાય છે. સિંધનાં કરાચી સહિતનાં શહેરોમાં આ મોહાજીરોનાં ધાડેધાડાં ઊતરીને બધે ઘૂસી ગયાં છે તેથી સિંધીઓનું રહેવું હરામ થઈ ગયું છે. આ કારણે મોહાજીરોથી પણ સિંધીઓ ત્રસ્ત છે.

સઈદે સિંધુ સંસ્કૃતિને જીવંત રાખવા માટે પંજાબીઓને મોહાજીરોથી અલગ દેશ જરૂરી છે તેવી વાત રમતી મૂકી. આ વિચારથી સિંધીઓ ઝૂમી ઉઠ્યા ને તેને વધાવી લીધો ત્યારથી સિંધીઓના મનમાં પકિસ્તાનથી અલગ થવાનો વિચાર છે. સિંધમાં રહેનારા મુસ્લિમો પણ મૂળ વેપારી પ્રજા છે તેના કારણે ખાધેપીધે સુખી છે. સિંધથી ભારત ભાગીને આવેલા હિન્દુઓ પણ સુખી પ્રજા છે. એ લોકો વખાના માર્યા ભારત તો ભાગીને આવી ગયા પણ તેમનાં ઘણાં સગાં ત્યાં રહી ગયેલાં. તેના કારણે સિંધ સાથે તેમને પણ લગાવ હતો જ. સઈદના વિચારે તેમના મનમાં પણ એક આશા પેદા કરી કે સિંધુ દેશ બને તો આપણે પણ પાછા વતનમાં જઈ શકીશું ને સુખે રહી શકીશું. તેમણે પણ આ વિચારને વધાવ્યો ને સઈદને મદદ કરવા માંડી. પરિણામે જીયે સિંધ ચળવળ જામી ગઈ. ઈન્દિરાએ તેને પછી તો ખુલ્લેઆમ મદદ કરી તેથી આ ચળવળ ઉગ્ર બની.

ઝુલ્ફીકાર અલી ભુટ્ટો સિંધી હતા તેથી ભુટ્ટો સત્તામાં આવ્યા પછી પાકિસ્તાનના રાજકારણમાં સિંધીઓનું વર્ચસ્વ વધ્યું એટલે ચળવળ ધીમી પડી હતી પણ જનરલ ઝિયાએ ભુટ્ટોને ફાંસીએ લટકાવી દીધા પછી પાછા પંજાબી ચડી બેઠા તેથી સિંધીઓમાં અસંતોષ વધ્યો હતો. ઝિયાનું શાસન લાંબું ચાલ્યું ને પછી નવાઝ શરીફ આવી ગયા તેથી જીયે સિંધ ચળવળ મજબૂત થઈ કેમ કે શરીફ પણ પંજાબી હતા. બેનઝિર ભુટ્ટોએ પણ રાજકીય ફાયદા માટે સિંધુ દેશનું કાર્ડ ખેલેલું ને તેના કારણે સિંધીઓમાં પોતાની સંસ્કૃતિનું ગૌરવ વધ્યું.

બેનઝિર સત્તામાં આવ્યાં પછી તેમણે આ ચળવળને થોડી ધીમી પાડી પણ બેનઝિરની હત્યા પછી સિંધી નોંધારા થઈ ગયા. સઈદ ગુજરી ગયા પછી નાના નાના રાજકીય પક્ષો રચાયેલા ને પોતાની રીતે લડતા હતા પણ બેનઝિરે તેમને દબાવી દીધેલા. બેનઝિર ગયાં પછી તેમને મોકળું મેદાન મળ્યું તેથી તેમણે આ ઝુંબેશને વેગવંતી બનાવી દીધી. ૨૦૧૭માં ઝૂલેલાલની દરગાહ પર હુમલો થયો પછી આ ચળવળમાં જીવ આવ્યો તેથી પાકિસ્તાન સરકાર પણ સિંધીઓ અલગ થવા ઉગ્ર બને એ વિચારે ફફડે જ છે. રાજનાથના સામાન્ય નિવેદન સામે આપેલું આકરું રીએક્શન આ ફફડાટનું જ પરિણામ છે.

રાજનાથની વાત ખોટી નથી પણ સાથે સાથે એ પણ હકીકત છે કે, કશું બેઠાં બેઠાં ના મળે ને તેના માટે મથવું પડે. રાજનાથે તો પહેલાં પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) ભારતમાં લોકોના આંદોલનના કારણે ભળી જશે એવું પણ કહેલું ને હવે સિંધ વિશે પણ તેમણે એ જ વાત કરી છે. સિંધમાં પાકિસ્તાનવિરોધી માહોલ છે ખરો પણ તેને ભારતમાં ભેળવવું હોય તો તેના માટે ભારતે પણ મથવું પડે. સૂતેલા સિંહના મોંમાં પણ કોળિયો આવીને પડતો નથી ને તેણે પણ શિકાર કરવા તો જવું જ પડે. આ વાત પીઓકેને પણ લાગુ પડે છે ને સિંધને પણ લાગુ પડે છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર હેમંતઋતુ, મંગળવાર,
તા. ૨૫-૧૧-૨૦૨૫, બુધ પૂર્વમાં ઉદય

- ભારતીય દિનાંક ૪, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ સુદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૫મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરાષાઢા રાત્રે ક. ૨૩-૫૭ સુધી, પછી શ્રવણ
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૩, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- બપોરે ક. ૧૪-૧૨, ભરતીઃ મધ્યરાત્રિ પછી ક. ૦૩-૨૦ (તા. ૨૬)
- ઓટઃ સવારે ક. ૦૮-૪૩, રાત્રે ક. ૨૦-૧૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ - પંચમી. નાગપંચમી, બુધ પૂર્વમાં ઉદય થાય છે.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, શુક્ર-મંગળ ગ્રહદેવતાનું પૂજન, વિશ્વદેવતાનું પૂજન, સૂર્યદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મુંડન કરાવવું નહિ, લાલ વસ્ત્ર, આભૂષણ, નિત્ય થતાં દુકાન-નોકરી વેપારના કામકાજ, દસ્તાવેજના કામકાજ, સહી, રજિસ્ટ્રેશન વર્જ્ય છે. બી વાવવું, સીમંત સંસ્કાર, પ્રાણી પાળવા.
- આચમનઃ બુધ-શુક્ર યુતિ મળતાવડો સ્વભાવ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ પ્રવૃત્તિશીલ સ્વભાવ
- ખગોળ જ્યોતિષઃ બુધ-શુક્ર યુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, બુધનો પૂર્વમાં ઉદય થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-તુલા, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## રાજકીય પક્ષોને મળતું રોકડ દાનઃ સુપ્રીમ કોર્ટે સરકારનો જવાબ માગ્યો

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે આવકવેરા કાયદાની જોગવાઈની માન્યતાને પડકારતી અરજી પર કેન્દ્ર સરકાર અને અન્ય લોકો પાસેથી જવાબ માંગ્યો છે જે રાજકીય પક્ષોને ૨૦૦૦ રૂપિયાથી ઓછી રકમના અનામી રોકડ દાન પ્રાપ્ત કરવાની મંજૂરી આપે છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે પારદર્શિતાનો આ અભાવ ચૂંટણી પ્રક્રિયાની શુદ્ધતાને નબળી પાડે છે કારણ કે તે મતદારોને રાજકીય ભંડોળના સ્ત્રોત, દાતાઓ અને તેમના હેતુઓ સહિત મહત્ત્વપૂર્ણ જ્ઞાનથી વંચિત રાખે છે, જેના કારણે તેઓ મતદાન કરતી વખતે તર્કસંગત, બુદ્ધિશાળી અને સંપૂર્ણ રીતે જાણકાર નિર્ણય લેતા અટકાવે છે.

સુપ્રીમ કોર્ટે અરજી પર કેન્દ્ર સરકાર, ચૂંટણી પંચ અને અન્ય લોકોને તેમના જવાબો માગતી નોટિસ જારી કરી છે, જેમાં રાજકીય પક્ષની નોંધણી અને ચૂંટણી પ્રતીકની ફાળવણી માટે શરત તરીકે કોઈ પણ રાજકીય પક્ષ દ્વારા રોકડમાં કોઈ રકમ પ્રાપ્ત ન કરી શકાય તે માટે ચૂંટણી પંચને નિર્દેશ આપવાની માંગ પણ કરવામાં આવી છે.

ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે જણાવ્યું હતું કે આ મામલો ચાર અઠવાડિયા પછી સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવશે.

શરૂઆતમાં, બેન્ચે અરજદાર ખેમ સિંહ ભાટી અને એડવોકેટ સ્નેહા કલિતા વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ વિજય હંસારિયાને પૂછ્યું કે તેઓ પહેલા હાઈકોર્ટમાં કેમ નથી ગયા. હાઈકોર્ટને આ અંગે વિચાર કરવા દો.

હંસારિયાએ કહ્યું કે આ અરજી તમામ રાજકીય પક્ષો અને દેશભરમાં તેમને મળતા ભંડોળને લગતી છે.

## યુકેના પ્રવાસ માટે આગોતરી પરવાનગી ફરજિયાત

લંડનઃ બ્રિટનની સરકાર દ્વારા સોમવારે જાહેર કરવામાં આવેલા નિયમો મુજબ અત્યાર સુધી વિઝામુક્તિનો લાભ લેતા જે તે દેશના આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ હવે ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઑથોરાઈઝેશન (ઈટીએ) મારફતે આગોતરી પરવાનગી વિના યુકેનો પ્રવાસ નહીં કરી શકે.

યુએ, કૅનેડા અને ફ્રાન્સ સહિતના ૮૫ દિવસના પ્રવાસીઓ જે લોકોને અત્યાર સુધી આગોતરા ક્લિયરન્સની જરૂર નહોતી પડતી તેમણે હવે પચીસ ફેબ્રુઆરી ૨૦૨૬થી યુકેમાં પ્રવેશતા અગાઉ ઈટીએ માટે ઑનલાઈન અરજી કરવાની રહેશે.

યુકે જતા ભારતીયોને વિવિધ શ્રેણી અંતર્ગત વિઝા લેવાની જરૂર પડે છે એટલે નવા નિયમોની તેમના પર કોઈ અસર નહીં પડે.

ઈટીએ અમને યુકેમાં પ્રવેશતા લોકો તરફથી ઊભું થતું જોખમ ખાળવા વધુ સત્તા આપશે અને ઈમિગ્રેશનનું વધુ વ્યાપક ચિત્ર દેખાડશે, એમ યુકેના મિનિસ્ટર ઑફ ઈમિગ્રેશન ઍન્ડ સિટિઝનશિપ માઈક ટૅપએ કહ્યું હતું. (એજન્સી)

## અરુણાચલમાં જન્મેલી ભારતીય નાગરિકના પાસપોર્ટને અમાન્ય ઠેરવ્યો ચીને

### શાંઘાઈ ઍરપોર્ટ પર ૧૮ કલાક સુધી મહિલાને હેરાન કરી

શાંઘાઈ : ચીન દ્વારા ભારતીય મહિલાને પરેશાન કરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ અંગે મળતી માહિતી મુજબ અરુણાચલ પ્રદેશની એક મહિલાને ચીની અધિકારીઓ દ્વારા શાંઘાઈ એરપોર્ટ પર અટકાયત કરીને હેરાન કરવામાં આવી હતી. જેમાં ભારતીય પાસપોર્ટને માન્ય માનવાનો પણ ઇનકાર કર્યો હતો. આ ઘટના અંગે માહિતી આપતા ભારતીય મહિલા પેમા વાંગ થોંગડોકે જણાવ્યું હતું કે ૨૧ નવેમ્બરના રોજ શાંઘાઈ પુડોંગ એરપોર્ટ પર ઇમિગ્રેશન અધિકારીઓએ તેને ૧૮ કલાક માટે અટકાયતમાં રાખી હતી અને કહ્યું હતું કે પાસપોર્ટ અમાન્ય છે કારણ કે તેનું જન્મસ્થળ અરુણાચલ પ્રદેશ છે જે ચીનનો હિસ્સો છે.

તેમજ થોંગડોકના નિવેદન મુજબ, અરુણાચલ પ્રદેશને તેમના જન્મસ્થળ તરીકે જોયા બાદ ચીની ઇમિગ્રેશન અધિકારીઓએ તેમના ભારતીય પાસપોર્ટને કથિત રીતે અમાન્ય જાહેર કર્યો હતો. અધિકારીઓએ તેમની ભારતીય નાગરિકતાને માન્યતા આપવાનો ઇનકાર કર્યો, તેમને કહ્યું, અરુણાચલ પ્રદેશ ચીનનો ભાગ છે. તેમનો પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યો હતો અને માન્ય જાપાની વિઝા હોવા છતાં તેમને આગળની ફ્લાઇટમાં જતા અટકાવવામાં આવ્યા હતા.

થોંગડોકે વધુમાં જણાવ્યું કે ઇમિગ્રેશન અધિકારીઓ અને ચાઇના ઇસ્ટર્ન એરલાઇન્સના કર્મચારીઓએ તેમનું અપમાન કર્યું અને મજાક ઉડાવી, અને કહ્યું કે ચાઇનિઝ પાસપોર્ટ માટે અરજી કરો. તેમને ભોજન અને અન્ય એરપોર્ટ સુવિધાઓ અંગે કોઈપણ સત્તાવાર માહિતી આપી ન હતી.

તેમજ ચાઇના ઇસ્ટર્ન એરલાઇન્સ સાથે નવી ટિકિટ ખરીદવા માટે સંમત થયા પછી જ તેમને તેમનો પાસપોર્ટ પાછો આપવામાં આવ્યો હતો. જેના પરિણામે ચૂકી ગયેલી ફ્લાઇટ્સ અને હોટેલ બુકિંગથી નાણાકીય નુકસાન થયું હતું.

## કૉચિંગ કલાસીસનો બેલગામ ફેલાવોઃ હાલના કાયદાઓ ચકાસશે સંસદીય સમિતિ

નવી દિલ્હીઃ તણાવને કારણે વિદ્યાર્થીઓની આત્મહત્યામાં થયેલા વધારા વચ્ચે, એક સંસદીય સમિતિએ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને ટેકો આપવા માટે કૉચિંગ સેન્ટરોના પ્રસાર અને તેનાથી ઉદ્‌ભવતા સામાજિક મુદ્દાઓની સમીક્ષા કરવાનો નિર્ણય લીધો છે. શિક્ષણ, મહિલા, બાળકો, યુવા અને રમતગમત પરની સ્થાયી સમિતિ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) ની અસર અને શિક્ષણ અને વિદ્યાર્થી પર ઉભરતી ટેક્નોલોજીના લાભની પણ તપાસ કરશે.

તાજેતરના લોકસભા બુલેટિન અનુસાર, સ્થાયી સમિતિએ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન પીએમ સ્કૂલ્સ ફોર રાઇઝિંગ ઇન્ડિયા (પીએમ શ્રી) ની સમીક્ષા કરવાનો પણ નિર્ણય લીધો છે. બુલેટિનમાં જણાવાયું છે કે પેનલ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને ટેકો આપવા માટે કોચિંગ સેન્ટરોના પ્રસાર, તેનાથી ઉદ્‌ભવતા સામાજિક મુદ્દાઓ અને આ બાબતે હાલના કાયદાઓની સમીક્ષા કરશે.

પેનલ ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થીઓ માટે માનસિક સ્વાસ્થ્યને ટેકો આપવા માટે સરકારના પ્રયાસોની પણ સમીક્ષા કરશે.

તાજેતરના વર્ષોમાં કૉચિંગ સંસ્થાઓમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓએ અભ્યાસના દબાણને કારણે પોતાનું જીવન ટૂંકાવી લીધા હોવાના કિસ્સાઓ સામે આવ્યા છે, જેમાં એકલા રાજસ્થાનના કોટા શહેરમાં જ ઘણા કિસ્સા નોંધાયા છે, જે ભારતની કૉચિંગ રાજધાની તરીકે ઓળખાય છે.

## અમેરિકી વિઝા ન મળતા આંધ્રની મહિલા તબીબે જીવન ટૂંકાવ્યું

અમરાવતી/હૈદરાબાદઃ આંધ્ર પ્રદેશના ગુંટૂર જિલ્લામાં એક ૩૮ વર્ષીય મહિલા તબીબે અમેરિકી વિઝા ન મળતા ડિપ્રેશનને કારણે હૈદરાબાદમાં તેના ફ્લેટમાં આત્મહત્યા કરી લીધી હતી. આ જાણકારી એક પોલીસ અધિકારીએ આપી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર આ ઘટના બાવીસ નવેમ્બરના રોજ પ્રકાશમાં આવી હતી. શહેરના બીજા વિસ્તારમાં રહેતા તેમના પરિવારના સભ્યોએ કોઇ જવાબ ન મળતા દરવાજો તોડ્યો ત્યારે મહિલા તબીબ મૃત હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે રવિવારે જણાવ્યું કે મૃતક રોહિણીએ દરવાજો ખોલ્યો નહીં ત્યારે ઘરકામ કરતી નોકરાણીએ તેના પરિવારને આ વિશે જાણ કરી હતી.

## ભારત અને કૅનેડા મુક્ત વેપાર સંધિ માટેની વાતચીત કરવા સંમત

નવી દિલ્હી ભારત અને કૅનેડા ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટ (મુક્ત વેપાર સંધિ, એફટીએ) માટેની વાતચીત કરવા સંમત થયા છે અને બન્ને દેશો બે માર્ગી વેપારને ૨૦૩૦ સુધી ૫૦ અબજ અમેરિકન ડૉલર સુધી લઈ જવાનો હેતુ રાખ્યો છે, એવી માહિતી કેન્દ્રના વાણિજ્ય છે અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયુષ ગોયલે આપી હતી.

ગોયલે સોમવારે એક ઈવેન્ટમાં કહ્યું હતું કે એફટીએ કોમ્પ્રેહન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ (સર્વગ્રાહી આર્થિક ભાગીદારી કરાર, સીઇપીએ)માં અનેક વ્યૂહાત્મક તત્ત્વો હશે અને આ બે દેશ વચ્ચેનો વિશ્વાસ બતાડે છે. આ સંધિથી બન્ને દેશના રોકાણકારોમાં અને બિઝનેસમાં સ્થિરતા આવશે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમે મહત્ત્વાંકાક્ષી સીઇપીએ પર વાતચીત શરૂ કરી છે અને અમે ૨૦૩૦ સુધી અમારો વેપાર બમણો કરવા માગીએ છીએ. બન્ને દેશો કુદરતી સાથીદારો છે અને એકમેક સાથે હરીફાઈ કરતા નથી. ભારત અને કૅનેડાની તાકાત રોકાણકારો અને બિઝનેસ માટે ગુણાકાર જેવું કામ કરશે. અમે કૅનેડા પાસે ઘણું શીખી શકીએ છીએ અને અમે કૅનેડાને ઘણું ઓફર કરી શકીએ.(એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### અલવિદા 'વીરુ'

કરી હતી. જોકે કુટુંબ તરફથી કોઈ પ્રતિક્રિયા વ્યક્ત કરાઈ નહોતી.

અનેક મીડિયા હાઉસે ૧૧ નવેમ્બરે એવા અહેવાલ વહેતા મૂક્યા હતા કે ધર્મેન્દ્રનું અવસાન થયું છે. જોકે ધર્મેન્દ્રને તેના પછીના દિવસે હૉસ્પિટલમાંથી રજા અપાઈ હતી અને ઘરમાં તેમની સારવાર શરૂ થઈ હતી. કરણ જોહર, કાજોલ, અજય દેવગન અને કરિના કપૂરે સોશ્યલ મીડિયા પર ધર્મેન્દ્રના અવસાન બદલ શોક વ્યક્ત કર્યો હતો.

ધર્મેન્દ્રના પરિવારમાં તેમની પત્નીઓ પ્રકાશ કૌર, હેમા માલીની, પુત્રો સની અને બોબી દેઓલ અને પુત્રીઓ અજીતા, ઈશા અને આહનાનો સમાવેશ થાય છે.

ધર્મેન્દ્રનો જન્મ ૧૯૩૫માં પંજાબમાં થયો હતો. તેમનું આખું નામ ધર્મેન્દ્ર સિંહ દેઓલ હતું. તેમણે છ દાયકાની જાજરમાન કારકિર્દીમાં ૩૦૦થી વધારે ફિલ્મોમાં કામ કર્યું હતું. તેમના ક્લાસિક ફિલ્મમાં 'શોલે', 'ચુપકે ચુપકે', સત્યકામ, અનુપમા, સીતા ઔર ગીતા વગેરેનો સમાવેશ થાય છે. ધર્મેન્દ્રે સર્વતોમુખી પ્રતિભા માટે જાણીતા હતા. તેણે એક્શન, રોમાન્સ અને કોમેડી ફિલ્મોમાં કામ કર્યું હતું. (એજન્સી)

### ગજબનું સ્ટારડમ

''અનુપમા,'' ''સીતા ઔર ગીતા,'' જેવી ફિલ્મોએ તેમને ઘર-ઘરમાં જાણીતા બનાવી દીધા. ધર્મેન્દ્ર હિન્દી સિનેમાના એવા સુપરસ્ટાર હતા, જેમણે અમિતાભ બચ્ચન અને શાહરુખ ખાન કરતાં વધુ હિટ ફિલ્મો આપી હતી.

૮૦ના દાયકામાં, બોલિવૂડના 'હી-મેન' એ એક્શન ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું અને 'બદલે કી આગ', 'ગુલામી', 'લોહા' અને 'એલાન-એ-જંગ' જેવી ફિલ્મોમાં જોવા મળ્યા. ૬૪ વર્ષની કરિયરમાં ધર્મેન્દ્રએ ૭૫ હિટ ફિલ્મો આપી, જે કોઈપણ હિન્દી ફિલ્મ અભિનેતા દ્વારા મુખ્ય ભૂમિકામાં આપેલી સૌથી વધુ હિટ ફિલ્મો છે. તેમાંથી છ બ્લોકબસ્ટર ફિલ્મો હતી.

અમિતાભ બચ્ચન (૫૭), રાજેશ ખન્ના (૪૨), શાહરુખ ખાન (૩૫) અને સલમાન ખાન (૩૮) જેવા સુપરસ્ટારોએ તેમની કારકિર્દીમાં ધર્મેન્દ્ર કરતાં ઓછી હિટ ફિલ્મો આપી છે. તમને જણાવી દઈએ કે આ માહિતી અત્યાર સુધી આ તમામ સ્ટાર્સની રિલીઝ થયેલી ફિલ્મો અનુસાર છે.

### અભિનેતાએ નેતા

મર્યાદિત ભાગીદારી પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યા હતા. ૨૦૦૮માં એક ઇન્ટરવ્યુમાં ધર્મેન્દ્રએ રાજકારણ પ્રત્યે તેમની નારાજગી વિશે વાત કરી હતી. ત્યારે તેમણે ફિલ્મ સ્ટાર્સને એક સલાહ આપી હતી.

ધર્મેન્દ્રએ કહ્યું કે હું એમ નહીં કહું કે રાજકારણમાં પ્રવેશ કરવો એ ભૂલ હતી, પણ હા એક અભિનેતાએ રાજકારણમાં આવવું જોઇએ નહીં કારણ કે તેનાથી ઓડિયન્સ અને ફેન્સ વચ્ચે સામાન્ય સ્વીકૃતિ વિભાજિત થઇ જાય છે. એક અભિનેતાએ હંમેશા અભિનેતા જ રહેવું જોઇએ. આટલા વર્ષોમાં મારા ચાહકો તરફથી મળેલો પ્રેમ અને સમર્થન જ મારા માટે સૌથી મોટી સિદ્ધિ છે. સંસદમાં તેમની ઓછી હાજરી વિશે પૂછવામાં આવતા પીઢ અભિનેતાએ કહ્યું કે તેઓ તેમના મતવિસ્તારના મુદ્દાઓ ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

તેમનો કાર્યકાળ ૨૦૦૯માં પૂરો થયો અને તેમણે આ બેઠક પરથી ફરી ક્યારેય ચૂંટણી લડી નહીં. ૨૦૧૦માં લુધિયાણામાં એક જાહેર કાર્યક્રમમાં અભિનેતાએ તેમના રાજકીય પદાર્પણ પર અફસોસ વ્યક્ત કર્યો હતો.

તેમણે કહ્યું કે મને રાજકારણમાં ગૂંગળામણ થતી હતી. હું ભાવનાત્મક રીતે આ ક્ષેત્રમાં ખેંચાયો હતો. જે દિવસે મેં હા પાડી, તે દિવસે હું વોશરૂમ ગયો અને અરીસા સાથે માથું પછાડીને પસ્તાવો વ્યક્ત કર્યો હતો. રાજકારણ એવી વસ્તુ છે જે હું ક્યારેય કરવા માંગતો ન હતો. તેમણે કહ્યું કે મેં મારા મતવિસ્તાર બિકાનેરના લોકો માટે જેટલું કામ કર્યું છે તેટલું આજ સુધી કોઇએ કર્યું નથી.

### કૅનેડાએ

કૅનેડિયન નાગરિકતાને મજબૂત અને સુરક્ષિત બનાવવામાં મદદ મળશે.

ઇમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટિઝનશિપ કૅનેડાના જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૦૯ માં રજૂ કરવામાં આવેલા નિયમો મુજબ કૅનેડાની બહાર જન્મેલા અથવા દત્તક લીધેલા બાળકોને કેનેડાની નાગરિકતા મેળવવા તેના માતા કે પિતા બેમાંથી કોઈ એક કેનેડામાં જન્મેલા હોવા જોઈએ અથવા કનેડાના નાગરિક હોવા જોઈએ. ડિસેમ્બર ૨૦૨૩ માં, ઓન્ટારિયો સુપિરિયર કોર્ટે આ નિયમને ગેરબંધારણીય ઠેરવ્યો. ફેડરલ સરકારે નિર્ણય સ્વીકાર્યો, સરકારે આ નિર્ણય સામે ઉપરની કોર્ટમાં અપીલ ન કરી.

### રામ મંદિર

તેજનાં પ્રતીકરૂપ ઓમ લખેલું તેજસ્વી સૂર્ય અને કોવિદરાનાં ઝાડનું ચિત્ર આ ધ્વજમાં હશે, એમ વડા પ્રધાનના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આ પવિત્ર ભગવો રામરાજ્યના આદર્શ, ગૌરવ, એકતા, સાંસ્કૃતિકને મૂર્ત સ્વરૂપ આપતો સંદેશો આપશે. પરંપરાગત ઉત્તર ભારતીય નાગરા બાંધકામ શૈલીમાં તૈયાર કરવામાં આવેલા મંદિરના શિખર પર લહેરાવવામાં આવશે. મંદિરના આસપાસના ૮૦૦ મીટર પરિસરમાં પરંપરાગત દક્ષિણ ભારતીય શૈલીમાં કરવામાં આવેલું બાંધકામ મંદિરના બાંધકામની વિવિધ શૈલીનું પ્રદર્શન કરશે.

માતા અન્નપૂર્ણા મંદિરની મુલાકાત દરમિયાન મોદી રામ દરબાગ ગર્ભગૃહમાં દર્શન અને પૂજા કરશે. ત્યાર બાદ મોદી રામ લલ્લા ગર્ભગૃહ ખાતે દર્શન કરશે, એમ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. મંગળવારે બપોરે મોદી રામ મંદિરના શિખર પર ભગવો લહેરાવી સંસ્કૃતિ અને રાષ્ટ્રીય એકતાના નવા પ્રકરણનો આરંભ કરશે. (એજન્સી)

### ચીફ જસ્ટિસ

૧૫ મહિના આ હોદ્દા પર રહેશે. ૬૫ વર્ષની ઉંમરે એટલે કે ૯, ફેબ્રુઆરી ૨૦૨૭ના તેઓ આ હોદ્દો છોડશે.

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે આ સમારોહમાં હાજરી આપી હતી. શપથગ્રહણ કર્યાના તુરંત બાદ કાન્ત વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા અને તેમનું અભિવાદન કર્યું હતું. (એજન્સી)

### પૅપર સ્પ્રે

હતું કે તે જગ્યાએ તેમના વિરોધને કારણે એમ્બ્યુલન્સ અને મેડિકલ સ્ટાફને પસાર થવામાં મુશ્કેલી પડી રહી છે.

અધિકારીએ જણાવ્યું કે ત્યારબાદ પરિસ્થિતિ ઝપાઝપીમાં ફેરવાઇ ગઇ અને કેટલાક વિરોધીઓએ અમારા સ્ટાફ પર પેપર સ્પ્રેનો ઉપયોગ કર્યો હતો. જે વિચિત્ર અને દુર્લભ છે. અત્યાર સુધીમાં બાવીસ વિરોધીઓની ધરપકડ કરવામાં આવી હોવાનું તેમને જણાવ્યું હતું.

### પેશાવરમાં

ગોળીબારમાં બંને ઘટનાસ્થળે જ માર્યા ગયા હતા, એમ સઈદે ઉમેર્યું હતું.અ

બે આત્મઘાતી વિસ્ફોટ એફસી મુખ્યાલયની અંદર થયા, એક મુખ્ય દરવાજા પર અને બીજો પરિસરમાં સ્થિત મોટરસાયકલ સ્ટેન્ડ પાસે, એમ ખૈબર પખ્તુનખ્વાના પોલીસ મહાનિરીક્ષક ઝુલ્ફીકાર હમીદે જણાવ્યું હતું.

# ગ્રીક ગોડથી ગરમ ધરમ

નવી દિલ્હીઃ જ્યારે તેઓ તેમના મોહક સ્મિતથી દિલ તોડી રહ્યા ન હોય ત્યારે તેઓ તેમના મજબૂત હાથથી ખરાબ લોકોનાં હાડકાં તોડતા હતા અને પછી તેમનો કોમિક ટાઇમિંગ એવો હતો જેણે પ્રેક્ષકોને આનંદમાં ડૂબાડી દીધા. ધર્મેન્દ્ર, ૬૫ વર્ષની કારકિર્દીમાં કોઈ પણ પૂર્ણવિરામ વિના આ બધું પૂરું પાડનાર દુર્લભ સ્ટાર હતા. જાદુ, સંવેદનશીલતા, કરિશ્મા. અને ક્લાસિક સુંદરતા. સ્ટારડસ્ટથી છલકાયેલ અને ટિન્સેલથી લપેટાયેલ, તેમની કારકિર્દી - તીવ્ર ''સત્યકામ''થી રોમેન્ટિક ''બહારેં ફિર ભી આયેંગી'', ઉત્સાહી ''શોલે'' થી સ્વસ્થ ''ચુપકે ચુપકે'' અને આકર્ષક એક્શનર ''ચરસ'' સુધી દરેક પ્રકારની ફિલ્મોમાં ફેલાયેલી હતી. કદાચ મોટા મેટિની સ્ટાર્સમાંના છેલ્લા, તેમણે પડછાયામાં ઝાંખા પડવાનો ઇનકાર કર્યો, તેમના ઘણા સમકાલીન લોકોની કારકિર્દી પર સૂર્યાસ્ત થયા પછી પણ લાંબા સમય સુધી તેઓ ચમકતા રહ્યા. ધર્મેન્દ્ર, એક માણસ જે કદાચ બીજા કોઈ કરતાં વધુ ચોક્કસ ભલાઈ અને સ્વસ્થતાને મૂર્તિમંત કરતો હતો. ધર્મેન્દ્રનું સોમવારે તેમના મુંબઈના ઘરે અવસાન થયું. ૮ ડિસેમ્બરે તેઓ ૯૦ વર્ષના થયા હોત.

૨૦૨૩ માં, જ્યારે તેઓ ૮૮ વર્ષના હતા, ત્યારે તેમણે કરણ જોહરની ''રોકી ઔર રાની કી પ્રેમ કહાની'' માં શબાના આઝમી સાથે ખૂબ જ પ્રભાવશાળી રોમાંસ કર્યો - જે હજુ પણ હૃદય તોડે છે અને સદાબહાર પ્રેમ ગીત ''અભી ના જાઓ છોડ કર''ના તાલ સાથે નિસાસો નાખે છે, કારણ કે તેઓ તેમના ખોવાયેલા પ્રેમને વ્યક્ત કરે છે. અને તેને ચુંબનથી સીલ કરે છે!

ચાલ ધીમી હતી, ઉંમર સ્પષ્ટ હતી પણ ચમકતી આંખો અને તે ગરમ સ્મિત અકબંધ હતું. આ એક એવો અભિનેતા હતા જેણે દાયકાઓ દરમિયાન હિન્દી ફિલ્મ ઉદ્યોગનો વિકાસ જોયો, કાળા અને સફેદથી રંગીન અને હવે ડિજિટલ યુગમાં આગળ વધતા ગયા અને ખાતરી કરી કે તે દરેક યુગમાં સુસંગત રહે. વ્યાપારી સિનેમામાં તેમના પગ મજબૂત રીતે રોપાયેલા, ધર્મેન્દ્ર રાજેશ ખન્નાના સુપરસ્ટારડમ અને અમિતાભ બચ્ચનના ઉદયથી બચી ગયા, ખાતરી કરી કે તેમની જગ્યા ફક્ત તેમની પોતાની છે. તેઓ ગરમ ધરમ હતા અને પરીકથાના હીરોની નરમાઈ સાથે હિન્દી સિનેમાના મૂળ હિ-મેન હતા. ૩૦૦થી વધુ ફિલ્મોમાં અભિનય કરનાર ધર્મેન્દ્રને ઘણીવાર 'ગ્રીક ગોડ' કહેવામાં આવતું હતું, એક એવો ટેગ છે જે એક સંવેદનશીલ કલાકારને તેના કામથી થોડોક જ છુપાવી દેતો હતો.

''હું જ્યારે પણ સ્ક્રીન પર આવ્યો ત્યારે મેં હંમેશાં મારી પ્રતિમા તોડી નાખી છે. મને ખબર નથી કે ગ્રીક ગોડ હોવાનો અર્થ શું થાય છે, પરંતુ લોકો મને ગ્રીક ગોડ કહેતા હતા,'' એવું તેમણે ૨૦૧૮માં એક મુલાકાતમાં લાક્ષણિક નમ્રતા સાથે કહ્યું હતું.

તે એક સરળ ગામડાના પંજાબી છોકરાનો સાર હતો અને જેને તેમણે જાળવી રાખ્યો હતો. સોશ્યલ મીડિયા પર સક્રિય, ધર્મેન્દ્ર વારંવાર લોનાવાલામાં તેમના ખેતરમાંથી પેદાશોના વીડિયો અને તેમણે લખેલા ઊર્દૂ શ્લોકો અને તેમના હેન્ડલ પર ઉદારતાથી ટાંકેલા ચિત્રો શેર કરતા હતા.

તે વાતચીત કરવાનો એક અસરકારક માર્ગ હતો - સમજદાર ધર્મેન્દ્રના ઇન્સ્ટાગ્રામ પર ૨.૬ મિલિયન ફોલોઅર્સ હતા અને હેન્ડલ ''આપકાધરમ'' પર ૭૭૦.૫ હજાર એક્સ ફોલોઅર્સ હતા. ધર્મેન્દ્રનો જન્મ ૮ ડિસેમ્બર, ૧૯૩૫ના રોજ પંજાબના લુધિયાણા જિલ્લાના નસરાલી ગામમાં એક આદર્શવાદી શાળા શિક્ષકને ઘરે ધર્મસિંહ દેઓલ તરીકે થયો હતો. ધર્મેન્દ્ર માત્ર બે વર્ષના હતા ત્યારે તેમના પિતાની બદલી પછી પરિવાર સહેનવાલ ગામમાં રહેવા ગયો. તેમના પિતા, એક શાળા શિક્ષક હતા અને આશા રાખતા હતા કે તેમનો પુત્ર પ્રોફેસર બનશે.

દિલીપ કુમાર અને મધુબાલાની ફિલ્મોના જાદુથી મોહિત થઈને ધર્મેન્દ્ર એક અલગ જ સ્વપ્ન પાળવા લાગ્યા હતાઃ પોસ્ટરો પર પોતાનું નામ જોવાનું. તે ઘણીવાર સ્થાનિક સ્ટેશન પર પુલ પર ચઢતો અને પ્રાર્થના કરતો કે ફ્રન્ટિયર મેઇલ એક દિવસ તેને સપનાના શહેર મુંબઈ લઈ જશે. તેમ થયું.

૧૯૫૮માં, ફિલ્મફેર મેગેઝિને રાષ્ટ્રવ્યાપી પ્રતિભા શોધની જાહેરાત કરી. યુવાન ધરમે પોતાનું નસીબ અજમાવવાનું નક્કી કર્યું, સ્પર્ધા જીતી અને મુંબઈ માટે પોતાનો સામાન પેક કર્યો. તેણે પહેલી ફિલ્મ સાઇન કરી જે બિમલ રોયની ''બંદિની'' હતી જેમાં અશોક કુમાર અને નૂતન હતા. ફિલ્મ શરૂ થવાની રાહ જોતી વખતે, તેને ગુજરાન ચલાવવામાં મુશ્કેલી પડી અને તેણે ટકી રહેવા માટે એક ડ્રિલિંગ કંપનીમાં મહિનાના ૨૦૦ રૂપિયામાં કામ કર્યું.

પહેલો બ્રેક ૧૯૬૦માં અર્જુન હિંગોરાનીની ''દિલ ભી તેરા, હમ ભી તેરે'' સાથે મળ્યો. ડેબ્યૂ સફળ ન રહ્યું, પરંતુ તેમની નોંધ લેવાઇ.

આઇ મિલન કી બેલા, હકીકત અને કાજલ સહિતની ફિલ્મોની શ્રેણી પછી, મીના કુમારી સાથે ૧૯૬૬ની ફિલ્મ ''ફૂલ ઔર પથ્થર'' સાથે સ્ટારડમ મળ્યું.

તે જ વર્ષે તેમને ''અનુપમા''માં જોવા મળ્યા, જે દિગ્દર્શક હૃષિકેશ મુખર્જી સાથેની તેમની પહેલી ફિલ્મ હતી, જેમણે તેમને શર્મિલા ટાગોરના સૌમ્ય, સહાયક હીરો તરીકે જોયા હતા. મુખર્જી, જેમણે ધર્મેન્દ્રને તેમની અન્ય ઘણી ફિલ્મોના રફ સ્ક્રીન વ્યક્તિત્વથી અલગ રીતે કલ્પના કરી હતી, તેમણે તેમને ''મજલી દીદી'', ''સત્યકામ'', ''ગુડ્ડી'', ''ચૈતાલી'' અને અલબત્ત, ''ચુપકે ચુપકે'' માં કાસ્ટ કર્યા, જ્યાં વનસ્પતિશાસ્ત્રના પ્રોફેસર પરિમલ ત્રિપાઠી તરીકેની તેમની ભૂમિકા લાંબા સમય સુધી યાદ રાખવામાં આવશે. ૭૦ અને ૮૦ના દાયકામાં જ્યારે બીજું મોટું નામ ક્ષિતિજ પર હતું ત્યારે ધર્મેન્દ્ર સુપરસ્ટાર અમિતાભ બચ્ચન સાથે તેની સંપૂર્ણ ક્ષમતામાં ખીલી ઊઠ્યા.

તેમણે ''ચુપકે ચુપકે'' માં બચ્ચન સાથે જોડી બનાવી. અને ''શોલે'' માં પણ યાદગાર રીતે જ્યાં જય અને વીરુ તરીકેની તેમની ભૂમિકાઓ પુરુષ બંધનને વ્યાખ્યાયિત કરવા આવી, બે પાત્રો કોમેડી, એક્શન અને રોમાંસનું મિશ્રણ કરે છે.

૮૦ના દાયકામાં ધર્મેન્દ્રને ટોચનું મહેનતાણું મળતું રહ્યું અને તેમણે શ્રીદેવી અને ડિમ્પલ કાપડિયા જેવી નાયિકાઓ સાથે રોમાન્સ કર્યો, જેમણે તેમના પુત્ર સની સાથે પણ કામ કર્યું હતું. પછીના દાયકાઓમાં, ધર્મેન્દ્રએ અન્ય ભૂમિકાઓમાં ઝંપલાવ્યું. ૨૦૦૭માં, જ્યારે ધર્મેન્દ્ર ૭૨ વર્ષના હતા, ત્યારે તેમણે શ્રીરામ રાઘવનની ''જોની ગદાર'' માં એક ગેંગ મેમ્બર અને અનુરાગ બાસુની ''લાઇફ ઇન અ મેટ્રો'' માં પોતાના બાળપણના પ્રેમ સાથે જોડાતા એક માણસની ભૂમિકા ભજવી હતી. તેમના અંગત જીવન પરના સતત પ્રકાશથી કોઈ બચી શક્યું નહીં. તેમના લગ્ન પ્રકાશ કૌર સાથે થયા હતા. તેમને ચાર બાળક છે - પુત્રો, અભિનેતા બોબી અને સની દેઓલ અને બે પુત્રીઓ વિજેતા અને અજીતા. નોંધપાત્ર કારકિર્દીમાં એમને ફક્ત થોડા જ પુરસ્કારો મળ્યા.

જીવનના મંચ પરથી તેમની ફિલ્મ પૂરી થઇ ગઈ છે, પરંતુ ધર્મેન્દ્ર હજુ સુધી પૂર્ણ થયા નથી. આ વર્ષે ડિસેમ્બરમાં, તે શ્રીરામ રાઘવન દ્વારા લખાયેલી યુદ્ધ ફિલ્મ ''ઇક્કિસ'' માં જોવા મળશે. સાચા તારા ક્યારેય મરતા નથી. તેઓ ફક્ત દૂરના આકાશમાં ચમકતા હોય છે. ■

## એક ભવ્ય મેગા સ્ટાર

૨૦૨૩માં ફિલ્મ 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' માં ધરમજીને દિગ્દર્શિત કરનાર કરણ જોહરે ઇન્સ્ટાગ્રામ પર જણાવ્યું હતું કે 'એક યુગનો અંત આવી ગયો છે..... એક ભવ્ય મેગા સ્ટાર... મુખ્ય પ્રવાહના સિનેમામાં હીરોનું મૂર્તિમંત સ્વરૂપ ... હેન્ડસમ અને સ્ક્રીનની હાજરીથી જ પ્રભાવ પડતો ... ભારતીય સિનેમાની દંતકથા છે અને હંમેશા રહેશે ... સિનેમાના ઇતિહાસના પૃષ્ઠોમાં તેમની હાજરી ઊડીને આંખે વળગે છે ... ઉમદા વ્યક્તિ ... ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં દરેકને તેમને માટે ખૂબ લગાવ હતો.' ■

## ગૌરવશાળી વ્યક્તિત્વઃ સુનીલ શેટ્ટી

સુનીલ શેટ્ટીએ પોસ્ટ કર્યું હતું કે 'ગૌરવશાળી વ્યક્તિત્વ. હૂંફમાં લપેટાયેલું સ્ટારડમ. શુદ્ધ હૃદયમાં વીરતા. આ ધરમ પાજીનો વારસો છે. દુનિયા માટે તેઓ હિ-મેન હતો. તેમને ઓળખતા લોકો માટે એક અનેરી હૂંફ હતા.'

ફરહાને દેઓલ પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ધર્મેન્દ્રનું સ્થાન કોઈ નહીં લઈ શકે. ■

# પંજાબના ફગવાડા ગામમાં શોક, જ્યાં વીત્યું હતું ધર્મેન્દ્રનું બાળપણ

મુંબઈઃ બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રના અવસાનના સમાચાર મળતાની સાથે ભારતીય ફિલ્મ જગતમાં શોકની લાગણી છે, આ સાથે પંજાબના કપૂરથલા જિલ્લાના ફગવાડા ગામમાં પણ શોકનો માહોલ છે. ધર્મેન્દ્રએ ફગવાડામાં પોતાનું બાળપણ વિતાવ્યું હતું, બોલિવૂડમાં ખ્યાતિ મેળવ્યા બાદ પણ ધર્મેન્દ્ર ફગવાડા સાથે જોડાયેલા રહ્યા હતાં. પંજાબની મુલાકાત દરમિયાન, તેઓ ફગવાડામાં જ રોકાતા અને તેમના બાળપણના મિત્રો સાથે સમય વિતાવતા.આજે સોમવારે ધર્મેન્દ્રના નિધનના સમાચારને કારણે ફગવાડામાં શોકનો માહોલ છવાઈ ગયો છે. ધર્મેન્દ્રના પિતા માસ્ટર કેવલ કૃષ્ણ ચૌધરી ફગવાડાની આર્ય હાઇસ્કૂલમાં ગણિત અને સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષક હતાં. ધર્મેન્દ્ર ૧૯૫૦માં આર્ય હાઇસ્કૂલમાં પાસઆઉટ થયા હતાં, તેમણે ૧૯૫૨ સુધી રામગઢિયા કોલેજમાં અભ્યાસ કર્યો હતો. આર્ય હાઇસ્કૂલમાં ભણેલા મિત્રોના જણાવ્યા મુજબ જ્યારે પણ તેઓ ફગવાડા આવતા, ત્યારે તેઓ અમારી સાથે બેસતા. ■

**મુંબઈ સમાચાર**

જો 'મુંબઈ સમાચાર' ન મળતું હોય કે 'મુંબઈ સમાચાર'ને સબ્સ્ક્રાઇબ કરવું હોય તો...

કૃપા કરીને અમારા સર્ક્યુલેશન વિભાગ સાથે સંપર્ક કરોઃ

લૅન્ડલાઈનઃ 022 22045531/33, Ext. 22.

મોબાઈલઃ +91 7045430579.

અમે આપના સહકારના આભારી છીએ અને દરરોજ આપની સાથે રહેવા માટે પ્રતિબદ્ધ છીએ

In case of non-delivery of Mumbai Samachar or to subscribe Mumbai Samachar please contact our Circulation Department:

Landline: 022 22045531/33, Ext. 22.

Mobile: +91 7045430579.

We value your readership and are committed to your daily connection.

# ધર્મેન્દ્રની કારકિર્દી એટલે સખત મહેનત અને સિનેમા પ્રત્યે તીવ્ર લગાવઃ અજિત પવાર

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે સોમવારે હિન્દી ફિલ્મોના અભિનેતા ધર્મેન્દ્રના નિધન પર દુઃખ વ્યક્ત કરી જણાવ્યું હતું કે પીઢ અભિનેતાની ચિત્રપટ યાત્રા સખત મહેનત, સમર્પણ અને કલા પ્રત્યેનો નિઃસ્વાર્થ પ્રેમ દર્શાવે છે. ધર્મેન્દ્રનું સોમવારે મુંબઈમાં ૮૯ વર્ષની વયે તેમના નિવાસસ્થાને નિધન થયું હતું.

અજિત પવારે શોક વ્યક્ત કરી જણાવ્યું હતું કે તેમના નિધનથી ભારતીય સિનેમાના એક મહત્ત્વપૂર્ણ યુગનો અંત આવ્યો છે. ફિલ્મોમાં ધર્મેન્દ્રનું યોગદાન સખત મહેનત, સમર્પણ અને કલા પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમનું ઉદાહરણ છે. તેમના પર્ફોર્મન્સે કેટલીક પેઢીના ભાવકોને મંત્રમુગ્ધ કર્યા છે. નૈસર્ગિક અભિનય શૈલી, સરળતા અને પાત્રોની ભાવના આબાદ ઉપસાવવા માટે તેમની વ્યાપકપણે પ્રશંસા કરવામાં આવી હતી એનો ઉલ્લેખ કરી નાયબ સીએમએ જણાવ્યું હતું કે, 'શોલે', 'ચુપકે ચુપકે', 'અનુપમા', 'સત્યકામ' અને 'દિલ્લગી' જેવી ફિલ્મોમાં તેમનો અભિનય પ્રેક્ષકો ક્યારેય નહીં ભૂલે.

અફલાતૂન આવકાર મેળવનારી ફિલ્મ 'શોલે'માં અભિનેતાએ સાકાર કરેલું વીરુનું પાત્ર સિને પ્રેમીઓ ક્યારેય નહીં ભૂલે. ધર્મેન્દ્રનું નિધન હિન્દી ફિલ્મ ઉદ્યોગને મોટી ખોટ પડી છે.

અજિત પવારે તેમના પરિવારના સભ્યો અને ચાહકોને દુઃખ સહન કરવાની શક્તિ મળે માટે પ્રાર્થના કરી હતી. (પીટીઆઈ)■

## દંતકથા સમાન ધરમજી

મુંબઈઃ ભારતીય સિનેમાની પ્રમાણસિદ્ધ દંતકથા, અનેક પેઢીઓ માટે પ્રેરણા અને ઓરિજિનલ હિ-મેન. આ શબ્દોમાં અક્ષય કુમાર, અજય દેવગણ અને કરણ જોહર સહિત અનેક હસ્તીઓએ ધરમજીનું સ્મરણ કર્યું હતું. પહેલી ફિલ્મ 'દિલ ભી તેરા હમ ભી તેરે' (૧૯૬૦)થી 'સત્યકામ'થી લઈને 'શોલે' અને 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જીયા' (૨૦૨૪) સુધી ૩૦૦ ફિલ્મોમાં ૬૫ વર્ષની કારકિર્દીમાં છવાઈ ગયેલા સ્ટાર ધર્મેન્દ્રનું સોમવારે ૮૯ વર્ષની વયે નિધન થયું છે.

## ફોરેવર ઈન પાવરઃ કરીના કપૂર

અભિનેત્રી કરીના કપૂર ખાને તેના ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર તસવીરો શેર કરી લખ્યું છે કે ''ફોરએવર ઇન પાવર.''

## એમને જોઈને હી-મેન બનવા માગતાઃ અક્ષયકુમાર

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર અક્ષયે દિવંગત ધરમજીનો ફોટો શેર કરતા કહ્યું હતું કે અભિનેતા તેમની ફિલ્મો દ્વારા જીવતા રહેશે. મારી ઉંમરના લગભગ બધા છોકરાઓ મોટા થઈ ધરમજી જેવા હિમેન બનવા માગતા હતા. ઈન્ડસ્ટ્રીના ઓરિજિનલ હિમેન. અનેક પેઢીઓ માટે પ્રેરણાદાયક બનવા માટે ધરમજી આપનો આભાર. તમે તમારી ફિલ્મો અને તમે આપેલા સ્નેહને કારણે કાયમ લોકો વચ્ચે જીવંત રહેશો. ■

## ચિત્રપટ ઉદ્યોગનો પાયો

અજય દેવગણે ધર્મેન્દ્રને તેમની હૂંફ, ઉદારતા અને અનોખા વ્યક્તિત્વ બદલ યાદ કર્યા. તેણે જણાવ્યું કે 'ફિલ્મ ઉદ્યોગે એક દિગ્ગજ કલાકાર ગુમાવ્યા છે. આપણા ચિત્રપટ ઉદ્યોગના ઘડતરમાં પાયાનું કામ કરનારી વ્યક્તિને આપણે ગુમાવી છે. પ્રભુ ધરમજીના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.' ■



## હવે પછીનો દાયકો શા માટે એસેટ ક્લાસ ડાયવર્સિફિકેશનનો છે

રોહિત મટ્ટૂ, નેશનલ હેડ-રિટેલ સેલ્સ, એક્સિસ એએમસી

વૈશ્વિક અર્થતંત્ર નોંધપાત્ર પરિવર્તનના તબક્કામાં પ્રવેશી ગયું છે. સતત ફુગાવો, બદલાતા વ્યાજ દર ચક્રો અને વિકાસની બદલાતી જતી પેટર્ને રોકાણનું એવું ક્ષેત્ર ઊભું કર્યું છે જે અનિશ્ચિતતા દ્વારા વ્યાખ્યાયિત છે.

★ બદલાતી બજાર ગતિશીલતા અને રોકાણકારોની વર્તણૂકઃ

પાછલા દાયકામાં મોટાભાગે મજબૂત ઇક્વિટી-આધારિત વૃદ્ધિનું પ્રભુત્વ હતું, જે નીચા વ્યાજ દરો અને પુષ્કળ લિક્વિડિટી દ્વારા સમર્થિત હતી. જોકે, તાજેતરના બજાર ચક્રોએ ફક્ત ઇક્વિટી પર આધાર રાખવાની મર્યાદાઓ ખુલ્લી પાડી દીધી છે. તીવ્ર અસ્થિરતાના સમયે રોકાણકારોને યાદ અપાવ્યું છે કે એક જ એસેટ ક્લાસમાં એકાગ્રતા જોખમને વધારી શકે છે અને પોર્ટફોલિયોની સ્થિરતા ઘટાડી શકે છે. રોકાણકારોની પસંદગીઓ તે મુજબ વિકસિત થઈ છે. હવે આક્રમક વૃદ્ધિને બદલે સુસંગતતા અને રિસ્ક-એડજસ્ટેડ હોય તેવા વળતર પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે. બજારની ગતિશીલતા બદલાતી હોવાથી રોકાણકારો હવે ઘટાડાતરફી જોખમો મેનેજ કરવાની સાથે તકો ઝડપવા માટે વિવિધ એસેટ ક્લાસમાં સંતુલિત રોકાણ શોધી રહ્યા છે. સુગમતા અને અનુકૂલનક્ષમતા આધુનિક રોકાણના પાયાના પથ્થરો બની રહી છે.

★ મલ્ટી-એસેટ ફંડ્સઃ રોકાણકારની યાત્રાને સરળ બનાવે છે. એક જ ફંડમાં વિવિધ સ્થાનિક એસેટ ક્લાસમાં એક્સપોઝર ઓફર કરીને રોકાણકારો માટે આ અભિગમને સુલભ બનાવે છે. આ ફંડ્સ ડાયવર્સિફિકેશન અને સમયાંતરે રિબેલેન્સિંગને સરળ બનાવે છે, જેનાથી રોકાણકારો વૃદ્ધિ, આવક અને સ્થિરતાના સંતુલિત મિશ્રણનો લાભ મેળવી શકે છે. આ માળખું સુવિધા અને શિસ્ત પ્રદાન કરે છે, જે મલ્ટિ-એસેટ ફંડ્સને પાયાથી શરૂઆત કરી રહેલા નવા રોકાણકારો અને પોતાના મુખ્ય પોર્ટફોલિયોમાં સ્થિરતા ઇચ્છતા અનુભવી રોકાણકારો બંને માટે યોગ્ય બનાવે છે. તેઓ વિચારપૂર્વક એસેટની ફાળવણી અને રિસ્ક મેનેજમેન્ટ દ્વારા લાંબા ગાળે સંપત્તિ ઊભી કરવા માટે માર્ગદર્શનપૂર્ણ ઉકેલ બની રહે છે.

★ નિષ્કર્ષઃ આગામી દાયકો એવા રોકાણકારોને વળતર આપશે જેઓ એસેટ્સની ફાળવણી અને ડાયવર્સિફિકેશનને રોકાણના પાયાના પથ્થર તરીકે જોતા હશે. આ અણધારી દુનિયામાં, મલ્ટિ-એસેટના દ્રષ્ટિકોણ દ્વારા ડાયવર્સિફિકેશન સંભવિત વળતર ઘટાડવા વિશે નથી, પરંતુ સહનશક્તિ બનાવવા વિશે છે. મલ્ટિ-એસેટ વિચારસરણી આધુનિક રોકાણના સારને દર્શાવે છે - સંતુલન, અનુકૂલનક્ષમતા અને ટકાઉપણું. અર્થતંત્રો અને બજારો તેમના પોતાના મહત્તમ રિ-બેલેન્સિંગમાંથી પસાર થઈ રહ્યા છે ત્યારે રોકાણકારો જે મલ્ટિ-એસેટ ફંડ્સ દ્વારા સંભવિતપણે સરળ બની શકે તેવો આ પ્રકારનો અભિગમ અપનાવશે તેઓ અનિશ્ચિતતામાં આગળ વધવા અને સંપત્તિ ઊભી કરવાના ભવિષ્યની વ્યાખ્યા કરતી તકો મેળવવા માટે શ્રેષ્ઠ સ્થાને રહેશે.

Axis Bank Ltd. is not liable or responsible for any loss or shortfall resulting from the operation of the scheme. Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# ધર્મેન્દ્રજીનો વારસો કાયમ ધબકતો રહેશેઃ ગડકરી

નાગપુરઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ સોમવારે દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રના નિધન પર શોક વ્યક્ત કરતા કહ્યું હતું કે ભારતે એક ઉચ્ચ પ્રતિભાશાળી હસ્તી ગુમાવી છે. અભિનેતા એવો વારસો મૂકી ગયા છે જે કાયમ આપણી વચ્ચે કાયમ ધબકતો રહેશે.

શોક વ્યક્ત કરતા ગડકરીએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર જણાવ્યું હતું કે 'ભારતીય સિનેમાના મહાન કલાકાર પૈકી એક ધર્મેન્દ્રજીના નિધનથી ખૂબ જ દુઃખી છું. તેમનો કાલાતીત અભિનય, સ્વભાવમાં નમ્રતા અને દર્શકો પર પ્રભાવ પાડતી હાજરીએ ફિલ્મ પ્રેમીઓ અને કલાકારોની પેઢીઓને મંત્રમુગ્ધ કર્યા છે. ભારતે એક મહાન કલાકાર ગુમાવ્યા છે, જેનો વારસો કાયમ ટકી રહેશે. તેમના પરિવાર, સાથીદારો અને લાખો પ્રશંસકો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના. ઓમ શાંતિ.' (પીટીઆઈ)■

# સેવાથી સાંસ્કૃતિકતા સુધી, માનસ વંદે માતરમ્ રામકથાના ત્રીજા દિવસે મોરારિબાપુએ દાન, રામાતુર ભાવ અને સાધુત્વનું પાવન માર્ગદર્શન કર્યું

વૃદ્ધાશ્રમ, વૃક્ષારોપણ, અધ્યતન હૉસ્પિટલ જેવા લોકકલ્યાણના કાર્યો અર્થે તથા વંદે માતરમ્‌ની રચનાને ૧૫૦ વર્ષની પૂર્ણાહુતિની ઉજવણી અર્થે આયોજિત ૯૬૭મી રામકથા ''માનસ વંદે માતરમ્''ના તૃતીય દિવસે સોમવાર, તા. ૨૪ નવેમ્બરના રોજ સવારે કથા શરૂ કરતા પહેલા સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ દ્વારા થઈ રહેલા વૃક્ષારોપણ અને જ્યાં સુધી ૨૦ ફૂટ ઊંચા ના થઈ જાય ત્યાં સુધીની જાળવણી અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સંસ્થાના આ સેવાકાર્યમાં મુખ્ય યોગદાન આપનાર વિનુભાઈ નાગ્રેચા પરિવારને તથા અન્ય દાતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

લંડન સ્થિત વિનુભાઈ નાગ્રેચા પરિવાર જેમણે રૂપિયા ૧૦૮ કરોડની માતબર રકમ સદ્‌ભાવના વૃદ્ધાશ્રમને આપી

બાપુએ જાણીતા હાસ્ય કલાકાર અને પોતાની બધી જ કમાણી લોકકલ્યાણ અર્થે વાપરનાર એવા જગદીશભાઈ ત્રિવેદી રચિત કાવ્ય ''વધે કોઈ આગળ તો વધાવી શકો છો?''નું પઠન કર્યું હતું.

### કથાના મનોરથી પરાગભાઈ શાહના સંકલ્પનો ઉલ્લેખ, કુલ ૧૦૮ અધ્યતન હૉસ્પિટલ બનાવવાની નેમ

આ પ્રસંગે પૂજ્ય બાપુએ કથાના મનોરથી ઘાટકોપરના ધારાસભ્ય પરાગભાઈ શાહનો ખાસ ઉલ્લેખ કર્યો કે, ''દર્દી નારાયણની વિનામૂલ્ય સારવાર માટે કેશ કાઉન્ટર વિનાની જે સુપર સ્પેશ્યાલિટી હૉસ્પિટલ જૂનાગઢમાં બની રહી છે, તેવી ૧૦૮ હૉસ્પિટલો બનાવવાનો સંકલ્પ પરાગભાઈ શાહે કર્યો છે અને તેની પ્રેરણા તેમના ગુરુદેવ પૂજ્ય સંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પાસેથી મળેલ છે.''

### કળિયુગમાં ધર્મ ફક્ત દાનરૂપી પાયા પર ઊભો છે

પૂજ્ય બાપુએ ગઈકાલે દાનનો મહિમા સમજાવ્યો હતો. તેમણે કહ્યું કે સતયુગમાં ધર્મ ચાર પાયા પર ટક્યો હતો, ત્રેતાયુગમાં એક પાયો નીકળી ગયો, દ્વાપરયુગમાં વધુ એક પાયો નીકળી ગયો અને કળિયુગમાં વધુ એક પાયો નીકળી જતાં આજે ધર્મ માત્ર એક જ પાયા પર ઊભો છે અને એ પાયો દાન છે. કળિયુગમાં આપણો ધર્મ દાનના પાયા ઉપર ઊભો છે.

### વંદે માતરમ્ કાવ્યમાં દુર્ગાસ્તુતિ

કથાના વિષય માનસ વંદેમાતરમ્‌નો વિશેષ ઉલ્લેખ કરતા બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય લિખિત મૂળ વંદે માતરમ્‌ની છેલ્લી પંક્તિનું ગાન કર્યું હતું. ''આમી દુર્ગા દુર્ગા દુર્ગા બોલે...'' આ પંકિત ના ગાન સાથે પૂજ્ય બાપુએ જગતજનની માતા જગદંબાને યાદ કરી માતૃપંચકની શ્રૃંખલામાં વાત આગળ વધારતાં જગદજનની ગૌરીમાતા, વેદમાતા ગાયત્રી, ગંગા માતા, ભાગવત ગીતા અને ગૌમાતા એમ અધિક પાંચ માતૃપંચક વિશે વિસ્તૃત વર્ણન કર્યું હતું. ગૌમાતા વિશે વાત કરતાં પૂજ્ય બાપુએ કહ્યું કે દરેકે એક ગાય ઘરમાં પાળવી જોઈએ જો ગાય પાળવાની સગવડ ન હોય તો જ્યાં ગાય રાખવામાં આવતી હોય ત્યાં જઈને સેવા આપો.

### સાધુ તો સરળ હોય

પૂજ્ય બાપુએ ગઈકાલે સાધુનાં લક્ષણો વિશે પણ વર્ણન કર્યું હતું. ''સાધુ એ છે જેમની વાણી પાછળ અર્થ (તાત્પર્ય/સાર) દોડે છે, જેની વાણી અર્થ (પૈસા/સંપત્તિ) પાછળ દોડતી હોય તે તો અસાધુ કહેવાય.'' સાધુ સરળ હોય, તે કુટિલ ન હોય. સાધુ તે છે જેની વાણી સરળ હોય, સાદી વેશભૂષા હોય, વ્યવહાર સરળ હોય અને સાદો આહાર હોય.

### કામાતુરને બદલે રામાતુર થઈને કથા સાંભળજો

રામકથા શા માટે સાંભળવી જોઈએ એ માટે તુલસીદાસજીએ ત્રણ કારણો બતાવ્યા, રામકથા સાંભળવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે, મનનો બોજ હળવો થાય છે અને વાણી શુદ્ધ થાય છે. બાપુએ કહ્યું કે કામાતુર થઈને આવવાને બદલે ''રામાતુર'' થઈને કથા સાંભળવા આવો.

### ત્રીજા દિવસે પૂજ્ય મોરારિબાપુના અમૃતમય વચનો જે હૃદયને સ્પર્શી ગયા

- કોઈનું દિલ તોડતા પહેલા વ્રત તોડી નાખો.
- બીજાની પ્રગતિ જોઈને રાજીપો વ્યક્ત કરવો તે પણ એક કથા જ છે.
- બધા લાભ શુભ નથી હોતા, નાનકડો લાભ પણ બહુ જ શુભ હોય છે.
- અરીસો એટલે ગમે છે, કારણ કે તે આપણું ચિત્ર બતાવે છે, જ્યારે તે ચરિત્ર બતાવવા લાગશે ત્યારે આપણે અરીસાને પણ તોડી દઈશું.
- બુદ્ધિને પ્રકાશિત કરનાર મહામંત્ર ગાયત્રી મંત્ર છે.
- પ્રભાવિત તો મદારી પણ કરી લે છે, પ્રકાશિત કરવું મહત્ત્વનું છે.
- પોતાની પાસે અને પોતાના બાળકો પાસે ગીતા અને રામાયણ જરૂર રાખજો.
- આપણે ગાયના પૂજનની વ્યવસ્થામાં ગાયને પ્રેમ કરવાનું ભૂલી ગયા છીએ.
- કથાને ઘોળીને પી જવાની ના હોય તેમાં તો જીવનને ઝબોળી ઝબોળીને સુધારવાનું હોય.
- વિદ્વાન અને વિદ્યાવાન વચ્ચે ઘણું અંતર છે. રાવણ વિદ્વાન હતો, જ્યારે હનુમાનજી વિદ્યાવાન.
- જરૂરી નથી કે બધા સફળ જ હોય. નિષ્ફળતા સાથે પણ જીવતા શીખી લેવું જોઈએ.
- ક્યારેક હજારો બોલે તે સત્ય નથી હોતું અને ક્યારેક એક બોલે તે પણ સત્ય હોય છે.
- શબ્દ બ્રહ્મ છે, તે ક્યારેય મરતો નથી.
- ઉપનિષદો વાણી છે, તેને કોઈએ લખ્યા નથી.
- ગુરુ સંદેહ, સંશય અને ભ્રમ મિટાવે છે.

**માનસ વંદે માતરમ્ રામકથાનું Live પ્રસારણ**

* હોમ કેબલ - ચેનલ નં. ૯૮૫
* આસ્થા યુટ્યૂબ ચેનલ
* ચિત્રકૂટ ધામ તલગાજરડા યુટ્યૂબ ચેનલ

# ધર્મેન્દ્રની છેલ્લી સોશ્યલ મીડિયા પોસ્ટ થઈ વાઈરલ, અમિતાભ બચ્ચન સાથે ખાસ કનેક્શન

મુંબઈ: બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રએ ૮૯ વર્ષે છેલ્લાં શ્ર્વાસ લીધા હતા. ધરમપાજીએ પોતાના અભિનયથી ફેન્સના દિલોમાં એક અલગ જગ્યા બનાવી હતી અને તેમની ગણતરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના એવા અભિનેતાઓમાં કરવામાં આવે છે જેમણે દરેક પેઢીના દર્શકોનું મનોરંજન કર્યું હતું. ધરમપાજીના નિધન બાદ સોશ્યલ મીડિયા પર ધરમપાજીની છેલ્લી સોશ્યલ મીડિયા પર પોસ્ટ વાઈરલ થઈ રહી છે. આ પોસ્ટનું અમિતાભ બચ્ચન સાથે ખાસ કનેક્શન છે. ચાલો જોઈએ શું છે ધરમપાજીની લાસ્ટ પોસ્ટ...

ધર્મેન્દ્ર સોશ્યલ મીડિયા પર ખાસ્સા એક્ટિવ હતા અને તેઓ સતત સોશ્યલ મીડિયા પર ફાર્મહાઉસના વીડિયો અને ફોટો શેર કરતાં હતા. હવે સોશ્યલ મીડિયા પર તેમની છેલ્લી પોસ્ટ વાઈરલ થઈ રહી છે. આ પોસ્ટ ધરમપાજીની છેલ્લી ફિલ્મ ઈક્કીસનું ટ્રેલર છે. આ ફિલ્મમાં દર્શકો ધરમપાજીને છેલ્લી વખત જોઇ શકશે. ૨૫મી ડિસેમ્બરના આ ફિલ્મ થિયેટરમાં રિલીઝ થવા જઈ રહી છે. ધરમપાજીએ ૨૯મી ઓક્ટોબરના ફિલ્મનું ટ્રેલર શેર કર્યું હતું.

ધર્મેન્દ્રની વાત કરીએ આ પોસ્ટ સાથે અમિતાભ બચ્ચનના કનેક્શનની તો ફિલ્મ ઈક્કીસથી અમિતાભ બચ્ચનના દોહિત્ર અગત્સ્ય નંદા ફિલ્મોમાં ડેબ્યુ કરવા જઈ રહ્યા છે. આમ ધરમપાજી એવા બોલિવૂડ એક્ટર બની ગયા છે કે જેમણે નાના અને દોહિત્ર સાથે સ્ક્રીન શેર કરી હોય. આ ફિલ્મનું પોસ્ટર પણ આજે રિલીઝ કરવામાં આવ્યું હતું જેમાં ધરમપાજીનો અલગ જ અંદાજ જોવા મળી રહ્યો છે.

૧૯૬૦માં ફિલ્મ 'દિલ ભી તેરા હમ ભી તેરે'થી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરનારા ધરમપાજીએ પોતાના ફિલ્મ કરિયરમાં અનેક હિટ ફિલ્મો આપી છે અને દિગ્ગજ કલાકારો સાથે કામ પણ કર્યું છે. તેમણે પોતાની એક્ટિંગથી દર્શકોના દિલોદિમાગ પર એક અલગ છાપ છોડી હતી.

ધરમપાજીએ અનપઢ, બંદિની, મેરા ગાંવ મેરા દેશ, શોલે, ધરમવીર, તહેલકા જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું. ધર્મેન્દ્રએ પોતાના સમયના કલાકાર બલરાજ સહાની, રાજ કપૂર, અમિતાભ બચ્ચન, સંજીવ કુમાર, અમરીશ પુરીની સાથે સાથે આજના જમાનાના રણવીર સિંહ, આલિયા ભટ્ટ, શાહિદ કપૂર સહિત અન્ય કલાકારો સાથે પણ કામ કર્યું હતું. ■

# સ્ટારડમે ધરમને બગાડ્યો નહોતો: શર્મિલા ટાગોર

નવી દિલ્હી: ધર્મેન્દ્ર એક અલગ જ પ્રકૃતિના માણસ હતા. તેઓ તેમના મૂળ સાથે જોડાયેલા રહ્યા હતા અને સ્ટારડમે અંત સુધી લોકો પરત્ત્વેના તેમના વલણમાં કોઈ ફરક નહોતો પાડ્યો, એમ વરિષ્ઠ અભિનેત્રી શર્મિલા ટાગોરે સોમવારે કહ્યું હતું. ધરમજી સાથેની પળોની વાતોને વાગોળતાં શર્મિલાએ કહ્યું હતું કે તેઓ મળતાવડા અને સહાય આપવા તત્પર રહેતા વ્યક્તિ હતા. ગરીબ હોય કે તવંગર દરેકને તેઓ સમભાવથી મળતા હતા. કોઈ પણ પ્રકારના સંકોચ વિના મેં તેમને રસ્તા પરથી પસાર થતી વ્યક્તિને ભેટતાં જોયાં હતાં. અંત સુધી મેં ધરમજીના સ્વભાવમાં કોઈ પરિવર્તન આવેલું નહોતું જોયું. અભિનેતા તરીકે તેઓ ઉત્કૃષ્ટ વ્યક્તિ હતા. ■

# યસુફસાબ ધર્મેન્દ્રને નાનો ભાઈ માનતા: સાયરાબાનુ

મુંબઈ: ધર્મેન્દ્ર અને દિલીપકુમાર બંને ભાઈઓ જેવા હતા. બંનેને બેડમિન્ટન રમવાનો અને ખાવાનો શોખ હતો, એમ 'આદમી ઔર ઈન્સાન'માં સાથે કામ કરનાર સાયરાબાનુએ સોમવારે કહ્યું હતું. ધર્મેન્દ્ર અને દિલીપકુમારે ૧૯૬૬માં આવેલી બંગાળી ફિલ્મ 'પારી' અને ૧૯૭૨માં બનેલી તેની રિમેક 'અનોખા મિલન' એમ માત્ર બે જ ફિલ્મમાં સાથે કામ કર્યું હતું. વર્ષ ૧૯૪૮માં આવેલી દિલીપકુમારની ફિલ્મ શહીદે અભિનેતા બનવાની પ્રેરણા આપી હોવાનું ધરમજી અવારનવાર કહેતા હતા. ધર્મેન્દ્રના અવસાનના સમાચારથી મને આઘાત લાગ્યો છે અને મારા માટે આ સૌથી દુ:ખદ દિવસ છે, એમ સાયરાબાનુએ કહ્યું હતું. ■

# ૫૧ રૂપિયાની ફીથી ૫૦૦ કરોડનું સામ્રાજ્ય

મુંબઈ: બોલિવૂડના હી-મેન ગણાતા દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રએ ૮૯ વર્ષે આજે છેલ્લાં શ્ર્વાસ લીધા. ધર્મેન્દ્ર એક અચ્છા કલાકાર હોવાની સાથે સાથે એક કુશળ બિઝનેસમેન પણ હતા એ તમે જાણો છો? એક્ટિંગ સિવાય ધરમપાજીએ રેસ્ટોરન્ટ્સથી લઈને હૉસ્પિટલ ફીલ્ડ સુધી અલગ અલગ ઈન્ડસ્ટ્રીમાં રોકાણ કર્યું છે. ફિલ્મોમાં પોતાની એક આગવી ઓળખ ઊભા કરનારા હી-મેનની નેટવર્થ વિશે વાત કરીએ તો તેમની નેટવર્થ ૪૫૦થી ૫૦૦ કરોડ રૂપિયાની વચ્ચે છે. ચાલો વાત કરીએ હિ-મેનની નેટવર્થ વિશે...

## પંજાબથી મુંબઈ સુધીની સફર

હિ-મેનની નેટવર્થ વિશે વાત કરીએ એ પહેલાં તેમની સફર વિશે થોડું જાણી લઈએ. ૮મી ડિસેમ્બર, ૧૯૩૫માં જન્મેલા લુધિયાણા સ્થિત સાહનેવાલ ગામમાં ધર્મેન્દ્રનો જન્મ થયો અને તેમનું નામ ધર્મેન્દ્ર કેવલ કૃષ્ણ દેઓલ છે. ઈન્ટરમિડિયેટનો અભ્યાસ કરતાં કરતાં જ તેમને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જોડાવવાનો વિચાર આવ્યો અને એક્ટિંગ કરવા તેઓ મુંબઈ આવ્યા અને પોતાની એક્ટિંગથી લોકોના દિલ જિતી લીધા.

## પર્સનલ લાઈફ રહી રોલર કોસ્ટર સમાન

ધર્મેન્દ્રએ પોતાના કરિયર દરમિયાન ૩૦૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યું અને તેમણે બે લગ્ન કર્યા છે. તેમનાં પહેલાં પત્ની પ્રકાશ કૌર છે અને આ લગ્નથી તેમને ચાર સંતાન જેમાં બે દીકરા અને બે દીકરીનો સમાવેશ થાય છે. આ ચારેય સંતાનોના નામ અનુક્રમે સની દેઓલ, બોબી દેઓલ, વિજેતા અને અજિતાનો સમાવેશ થાય છે. ૧૯૮૦માં તેમણે બોલિવૂડ એક્ટ્રેસ હેમા માલિની સાથે બીજા લગ્ન કરવા ઈસ્લામ અંગીકાર કર્યો અને આ લગ્નથી તેમને ઈશા દેઓલ અને આહના દેઓલ એમ બે દીકરીઓ છે.

## પહેલી ફિલ્મ માટે મળ્યા ૫૧ રૂપિયા

રિપોર્ટ્સમાં કરવામાં આવેલા દાવા અનુસાર ૧૯૬૦માં જ્યારે ધર્મેન્દ્રએ પહેલી ફિલ્મ દિલ ભી તેરા હમ ભી તેરે માટે ૫૧ રૂપિયાની ફી મળી હતી. આ રકમ પણ ફિલ્મના ત્રણ નિર્માતાઓએ મળીને આપી હતી. ત્યાર બાદ તો તેમને એટલું કામ મળ્યું કે ક્યારેય પાછા વળીને જોવું નથી પડ્યું.

## રૂપિયા ૪૫૦થી રૂપિયા ૫૦૦ કરોડની છે નેટવર્થ

વાત કરીએ ધર્મેન્દ્રની નેટવર્થની તો રિપોર્ટમાં કરવામાં આવેલા દાવા અનુસાર તેમની નેટવર્થ ૪૫૦ કરોડ રૂપિયાથી ૫૦૦ કરોડ રૂપિયા જેટલી છે. ફિલ્મોથી થનારી કમાણી સિવાય બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ અને બિઝનેસ ઈન્વેસ્ટમેન્ટથી થનારી કમાણીનો સમાવેશ પણ થાય છે.

ઉલ્લેખનીય છે કે તેમના નામથી એક રેસ્ટોરાં ચેન પણ ચાલે છે જેનું નામ છે ગરમ ધરમ.

## આલીશાન ફાર્મહાઉસથી લક્ઝરી કારનું કલેક્શન

ધર્મેન્દ્ર એક્ટિંગ સિવાય પોતાની રોયલ લાઈફસ્ટાઈલ માટે પણ જાણીતા છે. તેમની પાસે મુંબઈમાં આલીશાન ઘર છે તો ખંડાલા અને લોનાવલામાં ફાર્મહાઉસ પણ છે. ૧૦૦ એકરમાં ફેલાયેલા આ ફાર્મહાઉસની ઝલક હી-મેન અવારનવાર પોતાના સોશ્યલ મીડિયાના વીડિયોમાં દેખાડે છે. ધર્મેન્દ્ર મોટાભાગનો સમય આ ફાર્મહાઉસમાં જ પસાર કરતાં હતા. ધર્મેન્દ્રના આ ફાર્મહાઉસની કિંમત ૧૨૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે અને આ સિવાય તેમની કરોડોની અન્ય રિયલ એસ્ટેટની પ્રોપર્ટી પણ છે.

લક્ઝરી કારની વાત કરીએ તો ધર્મેન્દ્રના કલેક્શનમાં અનેક મોંઘી અને લક્ઝરી કારનો સમાવેશ થાય છે. તેમના કાર કલેક્શનમાં મર્સિડિઝ બેંઝ એસ-ક્લાસ, મર્સિડિઝ બેન્ઝ એસએલ૫૦૦ અને લેન્ડ રોવર રેન્જ જેવી મોંઘી કાર પણ છે. જોકે, તેમની મનપસંદ કાર વિશે વાત કરીએ તો તે ૬૫ વર્ષ જૂની એક ફિયેટ કાર છે અને આ કાર તેમણે ૧૮૦૦૦ રૂપિયામાં ખરીદી હતી. ■

# ધર્મેન્દ્રની આ વસ્તુઓ ચોરી લેતાં હતાં માતા

મુંબઈ: હિંદી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રએ ૮૯ વર્ષે આજે એટલે કે ૨૪મી નવેમ્બરના અંતિમ શ્ર્વાસ લીધા હતા. ધર્મેન્દ્રના નિધનથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના એક યુગનો અંત આવ્યો છે અને તેમને એના ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ક્યારેય ન પુરાય એવી ખોટ પડી છે, ત્યારે ચાલો જાણીએ તેમના જીવનના કેટલાક ઓછા જાણીતા કિસ્સાઓ વિશે...

બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્ર જેટલા પોતાનાં બાળકોની નજીક હતા, એટલા જ તેઓ પોતાના માતા-પિતાની પણ નજીક હતા. અનેક વખત ધરમપાજી ખુદ આ વાતનો ઉલ્લેખ કરી ચુક્યા છે. સોશ્યલ મીડિયા પર એક્ટિવ રહેતાં ધરમપાજીએ એક વખત પોતાની સંબંધિત એક રસપ્રદ કિસ્સો ફેન્સ સાથે શેર કર્યો હતો. ચાલો તમને આ કિસ્સા વિશે જણાવીએ...

૮૯ વર્ષના ધર્મેન્દ્ર સોશ્યલ મીડિયા પર સુપર એક્ટિવ હતા, તેઓ અવારનવાર સોશ્યલ મીડિયા પર વીડિયો અને ફોટો શેર કરતાં રહે છે. એક વખત ધરમપાજીએ પોતાની માતા સતવંત કૌરને લઈને ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે તેમની માતા તેમના કપડાં ચોરી લેતા હતા, પરંતુ આ કપડાં ચોરવાનું કારણ જાણીને તમે ચોંકી ઉઠશો.

ધર્મેન્દ્રએ પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું કે મારી માતા મારા કપડાં ચોરી લે છે અને પછી ગામમાં જરૂરિયાતમંદ વ્યક્તિને આપી દે છે. મારી માતા મને હંમેશાં કહેતાં કે તું શું કરીશ આટલા બધા કપડાંનું. હું જ્યારે મને કોઈ કપડાંની જરૂર પડે તો સનીને પૂછતો કે અરે મારી પેલું પેન્ટ કે પેલું શર્ટ ક્યાં છે ત્યારે સની કહેતો કે એ તો બીજી લઈ ગયા. હું જ્યારે પંજાબ જતો ત્યારે લોકો મને સામેથી કહેતાં કે પાજી આ તમારો કોટ છે કે પછી પાજી આ તમારો શર્ટ છે ત્યારે મને ખબર પડતી. મારી માતા ખરેખર મહાન હતી.

ધર્મેન્દ્રએ ૧૯૬૦માં બોલિવૂડ કરિયરની શરૂઆત કરી હતી અને તેમની પહેલી ફિલ્મ હતી દિલ ભી તેરા, હમ ભી તેરે. જોકે, તેમને ઓળખ મળી ફિલ્મ ફૂલ ઔર પથ્થરથી. આ ફિલ્મ ૧૯૬૬માં આવી હતી. પોતાના કરિયરમાં ધર્મેન્દ્રએ ૩૦૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતું. ■

# દિલીપકુમારના ઘરમાં ઘૂસી ગયા હતા ધર્મેન્દ્ર

નવી દિલ્હી: ફિલ્મ જગતમાં પ્રવેશ કરવા માટે ફિલ્મફેર ટેલેન્ટ કોન્ટેસ્ટ જીતી તે પહેલા, ધર્મેન્દ્ર બોમ્બે (એ સમયે મુંબઈ બોમ્બે તરીકે ઓળખાતું હતું) ગયા હતા. શહેરમાં આવી જરાય ગભરાયા વિના હિંમતપૂર્વક પોતાના આદર્શ દિલીપ કુમારના ઘરમાં ઘૂસી સીધા તેમના બેડરૂમમાં પહોંચી ગયા હતા. જોકે, દિલીપ કુમાર જાગી જવાથી ધર્મેન્દ્ર ત્યાંથી નાસી છૂટ્યા હતા. ૧૯૫૨ ની આસપાસના આ રસપ્રદ કિસ્સો વિશે ધર્મેન્દ્ર પોતે દિલીપ કુમારની આત્મકથા 'ધ સબસ્ટન્સ એન્ડ ધ શેડો' ના 'રિમિનિસેન્સ' વિભાગમાં વિગતવાર વાત કરી છે.

પુસ્તકમાં ધરમજીએ જણાવ્યું છે કે ૧૯૫૨માં હું કૉલેજના બીજા વર્ષમાં હતો ત્યારે પંજાબના નાનકડા શહેર લુધિયાણાથી મુંબઈ આવ્યો હતો. ત્યારે એક્ટર બનવાનો નિર્ણય નહોતો લીધો, પણ કોઈપણ ભોગે દિલીપ કુમારને મળવું હતું. 'શહીદ'માં તેમનો અભિનય મને સ્પર્શી ગયો હતો. હું અને દિલીપ કુમાર ભાઈઓ છીએ એવું કલ્પના હું કરવા લાગ્યો હતો.

ધરમજી આગળ જણાવે છે કે 'મુંબઈ પહોંચી બીજા જ દિવસે બિન્ધાસ્ત થઈ બાંદ્રામાં તેમના ઘરે મળવા ગયો. કોઈએ મને ગેટ પર રોક્યો નહીં એટલે હું મુખ્ય દરવાજામાંથી સીધો ઘરમાં ગયો. ઉપરના માળે બેડરૂમ તરફ જતી લાકડાની સીડી હતી. ત્યાં પણ મને કોઈએ ન રોક્યો એટલે હું દાદરા ચઢી એક ઓરડાના પ્રવેશદ્વાર પર ઊભો રહ્યો.'

ધર્મેન્દ્રને નજર સામે એક ગોરો, પાતળો, દેખાવડો યુવક સોફા પર સૂતો નજરે પડ્યો. કોઈ આવ્યું છે એવો ખ્યાલ આવતા દિલીપ કુમારની આંખ અચાનક ખૂલી ગઈ અને તેઓ ચોંકી ગયા. આગળ ધરમજી જણાવે છે કે એમને જાગેલા જોઈ શું કરવું એ જ બે ઘડી મને સમજાયું નહીં. તેઓ સોફા પર બેઠા થયા અને મારી સામે તાકી તાકીને જોવા લાગ્યા. એક સાવ અજાણી વ્યક્તિ એમાં બેડરૂમના દરવાજા પર ઊભી એમને નીરખી રહી હતી એ જોઈ તેમને પણ ખૂબ આશ્ચર્ય થયું હતું. મને તો મારી આંખો પર વિશ્વાસ નહોતો બેસતો, કારણ કે મારી સામે મારા આદર્શ દિલીપ કુમાર હતા. તેમણે બૂમ મારી નોકરને બોલાવ્યો. એ સાંભળી હું ગભરાયો અને દાદરા પરથી નીચે દોડી જઈ ઘરની બહાર નીકળી ગયો અને સતત પાછું વળીને જોઈ રહ્યો હતો કે કોઈ મારો પીછો તો નથી કરી રહ્યું ને. દિલીપ કુમારની આત્મકથામાં ધરમજીએ છ વર્ષ પછી દિલીપ કુમારની બહેનને કેવી રીતે મળ્યા અને એની મદદથી દિલીપ કુમારને એમના બંગલે વિધિસર રીતે કેવી રીતે મળ્યા એનો પણ ઉલ્લેખ કર્યો છે. પુસ્તકમાં ધરમજીએ જણાવ્યું છે કે દિલીપ કુમારે મને ગળે લગાડ્યો અને મૂકવા દરવાજા સુધી આવ્યા. (પીટીઆઈ) ■

# ધર્મેન્દ્ર અને હેમા માલિનીની ઉંમરમાં કેટલો તફાવત છે?

મુંબઈ: બોલિવૂડના હિ-મેન ધર્મેન્દ્રના નિધનથી હિંદી ફિલ્મ જગતના એક યુગનો અંત આવ્યો છે. સૌના લાડકા ધરમપાજીએ ૮૯ની વર્ષની વયે અંતિમ શ્ર્વાસ લીધા હતા અને તેઓ છેલ્લા કેટલાક સમયથી બીમાર હતા.

૧૯૮૦માં ધરમપાજી અને હેમા માલિનીએ લગ્ન કર્યા અને આજે પણ આ કપલની ગણતરી ઈન્ડસ્ટ્રીના મોસ્ટ ક્યુટ અને લોકપ્રિય કપલ્સમાં કરવામાં આવે છે. ફેન્સ બંનેને એક સાથે જોવા માટે ખૂબ જ આતુર હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૮મી ડિસેમ્બરના ધરમપાજી ૯૦ વર્ષના થવાના હતા અને પરિવારના સભ્યો તેમનો બર્થડે ખૂબ જ ધામધૂમથી સેલિબ્રેટ કરવાની તૈયારીઓ કરી રહ્યા હતા.

વાત કરીએ દિગ્ગજ કલાકારના પરિવારમાં કોણ કોણ છે એની તો ધરમપાજીના પરિવારમાં તેમના પહેલાં પત્ની પ્રકાશ કૌર અને એમનાથી થયેલાં બે દીકરા અને બે દીકરીઓનો સમાવેશ થાય છે. જ્યારે હેમા માલિની સાથેના બીજા લગ્નથી તેમને બે દીકરીઓ છે. ■


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.) (૪૯૧-એ)

### ૧૪. નોકરી ખાલી છે

CORPORATE REQUIRES Retired, Housewives, Bankers, Seniors. Good Incentives+Benefits.: 9867621481. (B-16756)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૩૩. ધંધાદારી

**પ્રોપર્ટી વેલ્યુએશન**
**સોસાયટી ફોર્મેશન**
**PR કાર્ડ/CTS પ્લાન**
**પ્રોપર્ટી ટેક્સ**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૬૭૭૭)

### ૭૫. જ્યોતિષ ભવિષ્ય

**ગુરુજી**

**પિતૃદોષ, મુંઝવતા પ્રશ્નોનો, લવ, બ્રેકઅપ, લગ્ન, સંતાન, ટૂંક સમયમાં તારીખ સાથે ચોક્કસ રીઝલ્ટ 7219004517. (૪૮૮-એ)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675 / 9326448699. (કાંદિવલી). (૪૨૮/બી)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


છેલ્લા પાનાનું ચાલુ

## અકસ્માત કે આતંકવાદ?

કટ્ટરવાદ તરફ દોરનારાઓ પર દેખરેખ રાખવામાં આવશે. પોલીસની સોશિયલ મીડિયા વિંગ્સ એલર્ટ પર છે અને શંકાસ્પદ નાગરિકો પર નજર રાખવામાં આવશે.

પોલીસને ઓનલાઇન કટ્ટરવાદી જૂથો વિશે માહિતી ભેગી કરવા અને પીએફઆઇ, સિમી તથા એસડીપીઆઇ જેવા આતંકવાદી સંગઠનોના ભૂતપૂર્વ સભ્યોની પ્રવૃત્તિઓ પર નજર રાખવાના નિર્દેશ પણ આપવામાં આવ્યા છે. (પીટીઆઇ) ■

## બેંગકોકથી આવેલા બે પ્રવાસી

કરોડ રૂપિયાનો હતો. આથી રંગવાલા વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.દરમિયાન અન્ય કેસમાં કસ્ટમ્સ વિભાગની ટીમે એમ.બી. હસમ નામના પ્રવાસીને આંતર્યો હતો, જે રવિવારે બેંગકોકથી આવ્યો હતો. તેના સામાનમાંથી ૧૨ પેકેટ્સ મળી આવ્યાં હતાં, જેમાં ૫૯૦૯ ગ્રામ ગાંજો છુપાવાયો હતો, જેની કિંમત છ કરોડ રૂપિયા થાય છે. ગાંજાની દાણચોરી માટે પ્રવાસીને કમિશન મળવાનું હતું, એવું તપાસમાં જણાયું હતું.

બંને પ્રવાસીએ બેંગકોકમાં ગાંજો કોની પાસેથી મેળવ્યો હતો અને તે મુંબઈમાં કઇ વ્યક્તિ સુધી પહોંચાડવાનો હતો, તેની તપાસ કરવામાં આવી રહી છે. ■

## જાતીય સંબંધની માગણી

બાઇકસવાર મોહંમદ તબીશ શોએબ કુટ્ટીને પોતાની કારમાં બેસવાનું કહ્યું હતું. ચિરાગ દારૂના નશામાં હતો અને તેણે કુટ્ટીનું કારમાં અપહરણ કર્યું હતું. તેણે બાદમાં કુટ્ટી પાસે જાતીય સંબંધની માગણી કરી હતી. કુટ્ટીએ આરોપીને કાર થોભાવવા માટે કહ્યું હતું ત્યારે આરોપીએ તેની મારપીટ કરી હતી. કુટ્ટીએ કારની ચાવી કાઢી લીધી હતી, જેને કારણે કાર થોભી ગઇ હતી. ■

## બંધારણી મૂંઝવણ

સ્વ-શાસન સંસ્થાઓમાં, જો ઓબીસીને ૨૭ ટકા ક્વોટા આપવામાં આવે, તો અનામત ૫૦ ટકાની મર્યાદા વટાવી જાય છે. આ ૫૦ ટકાની મર્યાદા, જે અનેક ચુકાદાઓમાં માન્ય રાખવામાં આવી છે, તે સરકારોને આ મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી રોકે છે, સિવાય કે અપવાદરૂપ સંજોગો દર્શાવવામાં ન આવે ત્યાં સુધી આ મર્યાદાનો ભંગ કરવાથી પ્રતિબંધિત કરે છે. ■

# પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

# હિન્દુ મરણ

**કપોળ**

સિહોરવાળા હાલ મુંબઇ ગં. સ્વ. ગીતાબેન ભૂપતરાય પારેખના પુત્ર સ્વ. અરુણભાઇના ધર્મપત્ની અ. સૌ. નિરંજન (ઉં. વ. ૮૨) તે સોનલનાં માતુશ્રી. રાજેશ વસંતરાય દોશીના સાસુ. ધ્રુવભાઇ, યોગેશભાઇ, પંકજભાઇનાં ભાભી. પીયર પક્ષે સિહોરવાળા સ્વ. વામનરાય અમૃતલાલ પારેખનાં દીકરી રવિવાર, તા. ૨૩-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા સર્વે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સુરતી વીસા વાયડા વણિક**

ગિરીશ રમણલાલ દલાલ (ઉં. વ. ૮૭) શનિવાર, તા. ૨૨-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. કમળાબેન રમણલાલના દીકરા. સ્વ. કોકિલાબેનના પતિ. સ્વ. હીના અને નિશીથના પિતા. રાજલના સસરા. ફોરમ અને વીરલના નાનાશ્રી. જીનલ, મોનીલ અને આકાશના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

લુણીધારવાળા હાલ ઘાટકોપર સ્વ. કાંતાબેન ગુણવંતરાય નારણદાસ મહેતાના પુત્ર પંકજભાઇના ધર્મપત્ની મંદા (સુષ્મા) (ઉં. વ. ૬૧) તા. ૨૩-૧૧-૨૫ના રવિવારે શ્રીજીચરણ પામેલ છે. તે ધવલના માતુશ્રી. ભાવના પ્રકાશ મહેતા, ફાલ્ગુની યોગેશ મહેતા, મિનાક્ષી બંકીમકુમાર સંઘવી, ભાવના અતુલકુમાર મહેતાના ભાભી. સ્વ. આણંદીબેન મહાદેવ નારાયણ લાંજેકરના દીકરી. વામનભાઇ રાજેશ્રીબેન, અસ્મીતાબેનના બેન. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી દશા દિશાવળ વણિક**

કોળીયાક નિવાસી હાલ મુંબઇ (વિક્રોલી) સ્વ. શાંતિલાલ વિઠ્ઠલદાસ મહેતાના સુપુત્ર. અવિનાશ શાંતિલાલ મહેતા (ઉં. વ. ૭૬) તા. ૨૨-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઉપેન્દ્ર શાંતિલાલ મહેતા, સ્વ. કિરીટ શાંતિલાલ મહેતા, મુકેશ શાંતિલાલ મહેતાના ભાઇ. સ્વ. કુસુમબેન ભાસ્કરભાઇ શાહ, સ્વ. દેવયાનીબેન ચંદુલાલ પારેખ, હિનાબેન જસવંતરાય શાહના ભાઇ. ગં. સ્વ. નીલાબેન અશ્વિનભાઇ પારેખના ભાઇ. લૌકિક વ્યવહાર તથા સાદડી પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છ વાગડ લોહાણા**

વસંતબાળા હરીશભાઇ ઠક્કર (રાજદે) (ઉં. વ. ૬૭) ગામ ભચાઉ (કચ્છ) હાલ ભિવંડી તા. ૨૩-૧૧-૨૫ના રામશરણ થયા છે. તે હરીશભાઇ છગનલાલ રાજદેના પત્ની. સ્વ. પાર્વતીબેન રામજીભાઇ પોપટના પુત્રી (રત્નલવાળા), તે સાગર, હીના, એકતાના માતુશ્રી. તે મીરાબેન, જયેસભાઇ, વિરલભાઇના સાસુ. જસવી, નિત્યાના નાનીજી. જયંતીભાઇ, નવીનભાઇના નાનાભાઇના ધર્મપત્ની તથા ભાવનાબેન, દિલીપભાઇ, અશ્વિનભાઇના ભાભી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨૫-૧૧-૨૫ના સાંજે ૪થી ૫.૩૦. ઠે. મલ્ટિપરપઝ હોલ, આમંત્રા કલબ હાઉસ, ટાટા આમંત્રા કોમ્પ્લેક્સ, કલ્યાણ ભિવંડી બાયપાસ, થાણા-નાશિક હાઇવે, ભિવંડી થાણા. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા મૂળ ગામ જોડિયા હાલ કાંદિવલી નિવાસી ગં. સ્વ. અનસુયાબેન ભૂપેન્દ્રભાઇ દક્ષિણી (ઉં.વ. ૮૪) તે સ્વ. ભૂપેન્દ્રભાઇ જીવણદાસ દક્ષિણીના પત્ની. યોગેશભાઇ, અજયભાઇ, જયેશભાઇના માતુશ્રી. તે રીટાબેન, વૈશાલીબેન, નેહલબેનના સાસુ. ચાંદનીબેન, કરણભાઇ, વિરજભાઇ, પલકબેનના દાદી. મંથનકુમાર ચેતનભાઇ દોશી તથા માનસી કરણભાઇ દક્ષિણીના દાદાજીસાસુ. રાજકોટવાળા સ્વ. ભગત મોરારજી કેશવજી કોટકના પુત્રી તા. ૨૨-૧૧-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૧૧-૨૫ મંગળવારના ૪થી ૬. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ હોલ, ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. નરસિંહદાસ માધવજી ચોથાણી ગામ જોડિયાવાળાના મોટા સુપુત્ર જયંતીલાલ (ઉં. વ. ૯૧) તે સુશીલા (હંસા)ના પતિ. સ્વ. પ્રતાપભાઇ, રોહિતભાઇ, લક્ષ્મીબેન, જયોત્સનાબેન, વાસંતીબેન, જયશ્રીબેન, હીનાબેનના મોટાભાઇ. લીના ઘનશ્યામ ઠક્કર, દિલીપભાઇ, નિલેશભાઇના પિતાશ્રી. સ્વ. નથુભાઇ કુંવરજી માણેક અંજારવાલાના જમાઇ તા. ૨૩-૧૧-૨૫ રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ, માટુંગા (સે. રે.), મંગળવાર, તા. ૨૫-૧૧-૨૫ના ૫.૩૦થી૭. લૌકિક વ્યવહાર બંધ રખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

રાજકોટ નિવાસી હાલ મુલુંડ સ્વ. પ્રફુલ દોલતરાય મલકાણના ધર્મપત્ની કોમલ (ઉં. વ. ૬૫) તા. ૨૦-૧૧-૨૫ના ગૌલોકવાસી થયેલ છે. તે પ્રીત, અમીષા, એકતા, ઇશાના માતુશ્રી. ઇન્દુમતી દિનેશકુમાર આણંદપરા, સરલા જયંતકુમાર પારેખ, રમેશ દોલતરાય મલકાણ અને શૈલેષ દોલતરાય મલકાણના ભાભી. તે સ્વ. ધીરજલાલ રતિલાલ મીઠાણી (રાજકોટ)ના સુપુત્રી. પરાગ ધીરજલાલ મીઠાણીના બેન. મહેશભાઇ ઠક્કર, રમેશભાઇ સાંગાણી, મનીષભાઇ ઠક્કર, પ્રતાપભાઇ કટારિયાના વેવાણ. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશાસોરઠિયા વણિક**

શ્રીમતી ગં. સ્વ. હંસાબેન સુરેશચંદ્ર શાહ (કાચલીયા) તે સ્વ. સુરેશચંદ્ર મૂલચંદ શાહ (કાચલીયા) ના ધર્મપત્ની રવિવાર તા. ૨૩.૧૧.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે દિનેશ, કંચન, તૃપ્તિના માતુશ્રી. વિજય ક્રિષ્ના દેશમુખ, કૈલાશ હીરાલાલ જયસ્વાલના સાસુ. આયુષ, આર્યા, ખુશીના નાની. જગદીશભાઈ, દિલીપભાઈ, નરેન્દ્ર તથા મીનાક્ષી બેનના ભાભી. પ્રાર્થનાસભા તેમજ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

તળાજવાળા હાલ કાંદિવલી, સ્વ. મંજુબેન રમણિકલાલ ગાંધીના સુપુત્ર ભરત (રાજુ) (ઉં. વ. ૬૪) રવિવાર ૨૩/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે કાશમીરાબેનના પતિ. નિશા પ્રશાંત શુક્લ તથા સ્નેહીલના પિતા. જયેશ (ચંદ્રકાંત) ગાંધી, જાગૃતિ સમીર પારેખના ભાઈ. ભાવનગરવાળા હરકિશનદાસ ચુનીલાલ મેહતાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૫/૧૧/૨૫ મંગળવારે ૪ થી ૬ પાવનધામ, પહેલે માળે, મહાવીરનગર કાંદિવલી વેસ્ટ.

**બાજ ખેડાવાળ બ્રાહ્મણ**

ગામ ઉમરેઠ હાલ બોરીવલી, સ્વ. જયેન્દ્ર હરિપ્રસાદ ભટ્ટ અને સ્વ. કુસુમબેનના પુત્ર તુષાર ભટ્ટ (ઉં. વ. ૭૦) તે મયુરીના પતિ. જીમિત તથા જયદીપના પિતા. સ્વ. મધુબેન તથા સ્વ. રમણલાલ દેવશંકર પંડ્યા સોજીત્રાના જમાઈ. ૧૮/૧૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

ચિંચણ નિવાસી હાલ કાંદિવલી, શશીકાંત સન્મુખલાલ શાહ (ઉં. વ. ૮૬) તે કાંતાબેનના પતિ. સ્વ. સન્મુખલાલ લાલદાસ શાહના પુત્ર. સ્વ. જમનાદાસ મોતીચંદ આણંદપરાના જમાઈ. કિન્નરી સંદીપભાઈ ગાંધી તથા ભાવેનના પિતા. સંદીપભાઈ તથા શૈલેજાના સસરા. ૨૩/૧૧/૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસા સોરઠિયા વણિક**

મુળ ગામ શિલ હાલ ગોરેગામ, મંજુલાબેન (ઉં. વ. ૭૯) તા. ૨૩-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે નવનિતલાલ કરસનદાસ શાહના ધર્મપત્ની. મિતેસ(બાપૂ) અને મોનિકાના માતુશ્રી. હેતલ, ભાવેશકુમારના સાસુ. પ્રેમકોર કરસનદાસ શાહના પુત્રવધૂ, જેકુવર ગોરધનદાસના દિકરી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

વેરાવળ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. સવિતાબેન તથા સ્વ.ભગવાનજી છગનલાલ રાજપોપટના દીકરી ચંદ્રિકા રાજપોપટ (ઉં. વ. ૭૦) તા. ૨૨/૧૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે રમેશભાઇના બહેન. અલકાના નણંદ, હેતલ વૈભવ શેઠ તથા અર્જુન-દ્રિષ્ટિના ફઈ. સ્વ. ધરમશીભાઈ, સ્વ. બાબુલાલભાઈ, સ્વ. જયંતીલાલ રાજપોપટના ભત્રીજી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

હળવદ નિવાસી હાલ મલાડ સ્વ. મુક્તાબેન દીપચંદ મહેતાના પુત્રવધૂ પ્રિતીબેન ભરતભાઇ મહેતા (ઉં. વ. ૫૭) તે ફોરમ મીતભાઇ શાહ અને કિંજલના માતુશ્રી. સ્વ. રજનીભાઇ, સ્વ. ભાનુબેન અમૃતલાલ, સ્વ. જયાબેન રમણીકલાલ, સ્વ. દીવ્યાબેન નંદકિશોર, સ્વ. રેખાબેન કીર્તિકુમાર, સ્વ. પૂનમબેન ચંદ્રકાંત, ગિરીશભાઇ, રક્ષાબેન યતિનભાઇ, પ્રસાંતભાઇના ભાભી. તે ચંદ્રીકાબેન સૂર્યકાંત વોરાની સુપુત્રી. તે આશાબેન કમલેશભાઇ, સોનલબેન મયુરભાઇ, રૂપલબેન કમલેશભાઇ, ડિમ્પલબેન અરિહંતભાઇ શેઠના બહેન તા. ૨૩-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૨૫-૧૧-૨૫ મંગળવારના ૧૦થી ૧૨. ઠે. વર્ધમાન સ્થા. જૈન ઉપાશ્રય, એસ. વી. રોડ, પારેખ ગલી, ચોથે માળે, કાંદિવલી (વેસ્ટ) લૌકિક વ્યવહાર પ્રથા બંધ રાખેલ છે.

**ઝાલાવાડ વિશા શ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી હાલ મુંબઇ સ્વ. જીતેન્દ્રભાઇ શાંતિલાલ શાહ (ઉં. વ. ૭૯) સ્વ. લીલાવતીબેન શાંતિલાલ જુઠાભાઇ શાહના પુત્ર. સ્વ. રંજનબેનના પતિ. સ્વ. જયંતિલાલ ભુદરભાઇના જમાઇ. સ્વ. રાજીવ, સ્વ. રૂષભ તથા સ્વ. કલ્પનાના પિતા. મહેન્દ્રભાઇ, રમેશભાઇ તથા અજીતભાઇના ભાઇ તા. ૨૩-૧૧-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૪૦૫, ચંદનવાળા, વાલકેશ્વર, મુંબઇ-૬.

**પ્રભાસ પાટણ જૈન**

સ્વ. પાનીબેન મોહનલાલ માણેકચંદ શાહના સુપુત્ર સુનીલ મોહનલાલ શાહ (ઉં. વ. ૬૬) તે સુભદ્રાબેન હિંમતલાલ, લલિતાબેન વિજયભાઈ કિશોરભાઈ, સ્વ. બિહારી, નીલાબેન નરેન્દ્રભાઈના ભાઈ. જ્યોત્સનાબેનના દિયર. તા. ૨૦/૧૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે.લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

જામકંડોરણા નિવાસી હાલ થાણા, અરૂણભાઈ ધીરજલાલ ભરવાડા (ઉં. વ. ૭૨) ૨૩/૧૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ઇલાબેનના પતિ. જીગર તથા પૂજાના પિતા. દ્રષ્ટિ તથા કલ્પેશભાઈ દેશીના સસરા. ઉષા કિશોરભાઈ પારેખ, મીના લલિતભાઈ શેઠ, મધુરી સુરેશભાઈ મોદી, રાજેશ્રી ગીરીશભાઈ શાહના ભાઈ, સ્વ. ગણેશભાઈ પંચાલના જમાઈ. પ્રાર્થનાસભા ૨૭/૧૧/૨૫ના ૩ થી ૫. સર્વોદય હોલ, ડ્રાયમંડ ટોકીઝ સામે એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**ઝા. દ. શ્રી દેરાવાસી જૈન**

સાયલા નિવાસી કાળા ગલા કરાંચીવાળા હાલ કાંદિવલી, સ્વ. ચન્દ્રકિશોર શાંતિલાલ શાહનાં ધર્મપત્ની ગં.સ્વ. રમાબેન (ઉં.વ.૯૬) ૨૧-૧૧-૨૦૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે વિજય, સ્વ. સંજય, સૌ. તૃપ્તિ, અજય અને પ્રીતિનાં માતુશ્રી. અભય ઉર્વશી, સૌ. માલાનાં સાસુ. સ્વ. કુસુમબેન, સ્વ. વિનોદભાઈ, સ્વ. જગદીશભાઈ, સ્વ. ઊર્મીલાબેન, સ્વ. નિર્મળાબેન, જયશ્રીબેન, બંસીબેનનાં ભાભી. પિયરપક્ષે થાન નિવાસી, દેઢીવાળા સ્વ. શાન્તાબેન મણીલાલ રતનપાળ ઝવેરીનાં પુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રાયધણજરના રમણીકલાલ જેઠુભાઇ ગડા (ઉં. વ. ૮૦) ૨૨-૧૧-૨૫ના અવસાન પામેલ છે. મુલબાઇ જેઠુભાઇના પુત્ર. મણીબેનના પતિ. વિપુલ, હર્ષા, પ્રજ્ઞાના પિતા. ચંદ્રકાંત, તલકશી, વલ્લભ, વિમળા (જવેર)ના ભાઇ. મુલબાઇ આસુના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિપુલ ગડા, ૨-અંબીકા નિવાસ, પ્રભાત કોલોની, સાંતાક્રુઝ (ઇસ્ટ) ૫૫.

ગોધરાના ધીરજલાલ ચન્નાભાઇ છેડા (ઉં. વ. ૭૦) તા. ૨૨-૧૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી વેલબાઇ ચનાભાઇ રણશીના સુપુત્ર. તરૂલતાના પતિ. રાજેશ, હેતલના પિતાશ્રી. રાયણના ધનવંતીબેન ધીરજલાલ, વસંતલાલ, નાના રતડીયાના જવેરબેન કલ્યાણજી, મુન્દ્રાના રૂક્ષ્મણી પ્રકાશ, સં.પ.પ.પૂ. સા.શ્રી રક્ષગુણાશ્રીજીના ભાઇ. ગોધરાના મોંઘીબાઇ લખમશી વીરાના જમાઇ. પ્રાર્થના સભા : શ્રી વ.સ્થા.જૈન શ્રા. સં. સં. કરસન લઘુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦. ત્વચા-ચક્ષુદાન કરેલ છે.

કોટડા (રોહા)ના સતીષ હીરજી હેમરાજ ગાલા (ઉં. વ. ૮૩) તા. ૨૨-૧૧-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. ખેતબાઇ/લક્ષ્મીબેન હીરજી હેમરાજના પુત્ર. વાસંતીના પતિ. ધીરેનના પિતા. જ્યોતિ મહેન્દ્ર, પુષ્પા કાંતિ, દેવપુરના પાનબાઇ લક્ષ્મીચંદ, ગઢશીશાના પુષ્પા મોરારજીના ભાઇ. દેવપુરના નેણબાઇ શામજી ઉમરશી હરીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ધીરેન ગાલા, ૦૯, ધનંજય કૃપા, રામનગર, ડોંબીવલી (ઇસ્ટ).

બિદડાના અ.સૌ. વિમળાબેન જયંતીલાલ છેડા (ઉં. વ. ૬૯) તા. ૨૩-૧૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ઝવેરબાઇ દામજીના પુત્રવધૂ. જયંતીલાલના ધર્મપત્ની. જીલ, નીતીનના માતુશ્રી. સ્વ. સાકરબાઇ નાનજીના સુપુત્રી. કીરીટ, તારા, મહેન્દ્ર, જ્યોત્સનાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયંતીલાલ છેડા, ૨/૩૪, હુસેની ચેમ્બર્સ, એ.ડી.માર્ગ, પરેલ, મું-૧૨.

ભુજપુરના અ.સૌ. પુષ્પા ગાલા (ઉં. વ. ૮૧), તા. ૨૨-૧૧-૨૫ના સિમંધર સિટી, અડાલજ, ગાંધીનગર, ગુજરાત મધ્યે અવસાન પામેલ છે. શાંતિલાલ જેવત ધનજી ના ધર્મપત્ની. શેફાલિ, અપૂર્વના માતા. ભુજપુરના વેલબાઈ લાલજી ખીમરાજ પેથાના પુત્રી. સ્વ. ચંદ્રકાંત અને ડેપાના હંસા કિશોર નાનજી ના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. અપૂર્વ ગાલા, સી/૧૫ દર્શન, સિમંધર સીટી, ફેઝ ૧, અડાલજ, ગાંધીનગર, ગુજરાત. ૩૮૨૪૨૧.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

તન-મન-ધનથી રહો તરોતાજા

# પૈસા ને લક્ષ્મી વચ્ચેનો તફાવત

મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

મા લક્ષ્મીના ઉપાસક હોવું અને પૈસાદાર હોવું એ બન્નેમાં ફરક છે. લક્ષ્મીદેવી પોતાની સાથે સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે છે, જ્યારે પૈસો વ્યાધિ નોતરે છે.

લક્ષ્મીના ઉપાસક હોવું એ તો ગર્વ લેવા જેવી વાત છે. સાત્ત્વિક રીતે કમાયેલી સંપત્તિ મા લક્ષ્મીનું સ્વરૂપ છે. જાત મહેનતથી કમાયેલો પૈસો સાત્ત્વિક છે. મજૂર રાત્રે શાંતિથી ગાઢ નિદ્રા લઈ શકે છે કેમ કે પૈસા કમાવા માટે એણે પોતાનો પરસેવો પાડ્યો છે.

પૈસા આપણે મહેનત ઉપરાંત ઈમાનદારીથી કમાયા હોય તે પણ એટલું જ મહત્ત્વ છે. જો પૈસા કમાવા માટે આપણે કુદરતના કાયદાનું ઉલ્લંઘન કર્યું હશે તો તેમાંથી શાંતિ નહીં મળે. દાણચોર, અંધારીઆલમના ડોન કે ભ્રષ્ટ રાજકારણી પાસે પૈસો હશે પણ માનસિક શાંતિ નહીં હોય. તેઓ જાણતા હોય છે કે તેમણે કાયદા તોડ્યા છે અને તંત્રમાં છીંડા પાડ્યાં છે. તેમને સતત પકડાઈ જવાનો ડર હોય છે. તેઓ માનસિક શાંતિનો અનુભવ કરી શકતાં નથી તેનું કારણ આ જ.

કરચોરી કરીને કે અધિકારીઓને લાંચ આપીને એકઠો કરેલો પૈસો જીવનમાં અશાંતિ પેદા કરે છે. એ જ રીતે, કાવાદાવા કરીને પૈસા કમાવવા, કોઈને ડરાવવા-ધમકાવવા, બીજાઓના મનમાં અદેખાઈ જગાડવા પૈસાનો દેખાડો કરવો, કોઈનું અપમાન કરવું- આ સઘળું મનમાં ખલેલ પેદા કરે છે.

સાદી દવાથી ઈલાજ થઈ શકતો હોવા છતાં ડૉક્ટર દર્દીને ભરમાવીને એની મોંઘીદાટ સર્જરી કરે તે ગેરરીતિનું ઉદાહરણ છે. મેં વચ્ચે એવાં કિસ્સા સાંભળ્યા હતા જેમાં ટ્રાવેલ એજન્ટો પ્રવાસની તારીખ સાવ પાસે આવી જાય ત્યાં સુધી લોકાના પાસપોર્ટ દબાવી રાખીને એમની પાસેથી પૈસા પડાવવાની યુક્તિ અજમાવતા હોય છે. મેં એવુંય સાંભળ્યું છે કે અમુક એકાઉન્ટિંગ કન્સલ્ટન્ટ પોતાના ક્લાયન્ટને એવું કહીને ડરાવતા હોય છે કે જો તમે ઈન્કમ ટૅક્સ અધિકારીને પૈસા નહીં ખવડાવો તો તમારા ઘર પર દરોડા પડશે. આવો પૈસો માનસિક શાંતિ આપી શકતો નથી. પાછલા દરવાજેથી અંદર પ્રવેશતો પૈસો ઘરમાં તામસિક માહોલ ખડો કરી દે છે. તામસિક તાસીર ધરાવતો પૈસો આધિ, વ્યાધિ અને ઉપાધિને આમંત્રણ આપે છે.

હાથપગ હલાવ્યા વગર માત્ર ઊંધાચત્તા કામ કરીને કમાયેલું નાણું માણસને ઐયાશ બનાવી દે છે. ઐયાશી લાંબા ગાળે માણસને શારીરિક અને માનસિક સ્તરે નુકસાન પહોંચાડે છે. આવાં ઘરોમાં કલહ-કંકાસ થતાં રહે છે અને સમાજ સામે નીચાજોણું થાય છે.

આપણે ભાગ્યશાળી છીએ કે આપણે એવી ભૂમિ પર જન્મ્યા છીએ જ્યાં ઋષિમુનીઓએ સહસ્ત્રાબ્દીઓ પહેલાં પોતાની દીર્ઘદૃષ્ટિથી આજની પરિસ્થિતિની કલ્પના કરી લીધી હતી. તેથી તેમણે શાસ્ત્રો રચીને આપણને પૈસો અને શુદ્ધ સંપત્તિ વચ્ચેનો ભેદ સમજાવ્યો છે. શુદ્ધ સંપત્તિને લક્ષ્મી દેવીનો દરજ્જો આપવામાં આવ્યો અને આપણને એનો આદર કરતાં શીખવવામાં આવ્યું.

લક્ષ્મીના ઉપાસક હોવું એ તો ગર્વની વાત છે. જો માણસ પૈસાદાર બની ગયો હોય, પણ પૈસાનો આદર કરતાં

નહીં શીખ્યો હોય તો તે સ્થિતિ ચિંતાજનક ગણવી જોઈએ.

નોંધઃ સાત્ત્વિક, રાજસિક અને માનસિક મનની જુદીજુદી અવસ્થાઓ છે. સમતા ધરાવતી માનસિક અવસ્થા સાત્ત્વિક ગણાય. રાજસિક એટલે મનની એવી સ્થિતિ જેમાં ટૂંકા ગાળા માટે તાજગી કે પ્રસન્નતા અનુભવાતી હોય. તામસિક એટલે મનની ઉદાસીન અવસ્થા. ભગવદ્ગીતાના સત્તરમા અને અઢારમા અધ્યાયમાં આ ત્રણેય માનસિક અવસ્થાઓની લાક્ષણિકતાઓ વિશે વિસ્તૃતપણે વર્ણન કરવામાં આવ્યું છે. આ અવસ્થાઓ આપણા ગુણ પ્રદર્શિત કરે છે.

સત્ત્વઃ શુદ્ધ અને સ્થિર મન માણસને સુખ અને જ્ઞાન તરફ દોરી જાય છે.

રજસઃ રાજસિક મન સંબંધો અને બંધન ઝંખે છે. આવું મન માણસને આ લાગણીઓ સંતોષાય તેવાં પગલાં ભરાવે છે. આખરે વ્યક્તિએ તેનાં પરિણામો ભોગવવા પડે છે.

તમસઃ તમસ એટલે અંધકાર. તામસિક મન નીરસ અને ઉદાસીન હોય છે, જેની અભિવ્યક્તિ બેદરકારી, નિષ્ક્રિયતા, આળસ અને નિદ્રાનાં સ્વરૂપમાં થાય છે.

સત્ત્વ પ્રભાવશાળી હોય તો માણસ પ્રસન્નતા અનુભવે, તેનું વ્યક્તિત્વ ગુણોથી શોભી ઊઠે અને એ જ્ઞાનસંપન્ન બને. રજસ પ્રભાવશાળી હોય તો માણસ વધારે પડતો સક્રિય રહે. મહત્ત્વાકાંક્ષાઓ તેમ જ ઈચ્છાઓની પાછળ દોડ્યા કરે અને આખરે આ બધાના પરિણામે ઉદ્ભવતી વેદના ભોગવે. મન પર જ્યારે તમસનું પ્રભુત્વ હોય ત્યારે માણસ આળસુ, પ્રમાદી અને અજ્ઞાની બને, સાચા-ખોટા વચ્ચેનો ભેદ પારખી ન શકે. ગમગીન રહે, આશાનો લોપ થાય જેની પ્રતિક્રિયારૂપે એ ક્રૂરતા સુધ્ધાં આચરી બેસે. ■

# આરોગ્ય વીમામાં મળતા વેલનેસ બેનિફિટ કઈ રીતે ઉપયોગી?

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

આરોગ્ય વીમા કંપનીઓ હવે ગ્રાહકોને વેલનેસ બેનિફિટ આપવામાં પોતાનો પણ બેનિફિટ હોવાનું સમજી ગઈ છે. જો એમના ગ્રાહકો એટલે કે વીમાધારકો ઓછા બીમાર પડશે તો એમનો હોસ્પિટલાઇઝેશનનો ખર્ચ પણ ઓછો આવશે અને કંપનીએ મેડિક્લેમ ચૂકવવો નહીં પડે. આથી તંદુરસ્ત જીવનશૈલી અપનાવનારા વીમાધારકોને પ્રીમિયમમાં રાહત અથવા તો વધારે કવરેજ કે પછી રોકડ જેવાં ઈનામ આપવામાં આવે છે. આજકાલ સૌ જાણે છે કે ભારતમાં જીવનશૈલીને લગતી બીમારીઓ ઘણા મોટા પ્રમાણમાં વધી રહી છે. આથી વીમા કંપનીઓ આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવનારા વીમાધારકો માટે પહેલેથી જ વેલનેસ બેનિફિટ આપવા લાગી છે.

## વેલનેસ બેનિફિટની વિશેષતા

આરોગ્ય વીમા પોલિસીમાં મૂલ્યવર્ધિત એટલે કે વેલ્યૂ-ઍડેડ ખાસિયતો તરીકે વેલનેલ બેનિફિટ આપવામાં આવે છે. એના હેઠળ વીમાધારકોને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા માટે તથા બીમારીઓથી બચવા માટેના ઉપાયો કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. એમને આરોગ્યને લગતાં ડિસ્કાઉન્ટ અને સર્વિસીસ ઑફર કરવામાં આવે છે.

## વેલનેસ પોઇન્ટ્સ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે?

મોટાભાગની આરોગ્ય વીમા કંપનીઓ પોતાની વેલનેસ ઍપ્લિકેશન ધરાવે છે અથવા તો કોઈ ઓનલાઇન માધ્યમ સાથે સહયોગ સાધે છે. એના દ્વારા વીમાધારક શારીરિક ચુસ્તી-સ્ફૂર્તિ માટે જે પ્રવૃત્તિ કરે એની નોંધ રાખવામાં આવે છે. એમાં જિમ્નેશિયમમાં કરેલી પ્રવૃત્તિ, ચાલવાની ક્રિયા, યોગાસન, વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આરોગ્યની તપાસ કરાવીને પણ પોઇન્ટ્સ પ્રાપ્ત કરી શકાય છે. વીમાધારક રોગનિવારણ માટેનાં પરીક્ષણો કરાવીને પોઇન્ટ્સ મેળવી શકે છે અથવા તો ફિટનેસ ચેલેન્જમાં કે એવા કોઈ કાર્યક્રમમાં ભાગ લઈને પણ પોઇન્ટ્સ જમા કરાવી શકે છે.

## ભારતમાં ઑફર કરવામાં આવતા મુખ્ય વેલનેસ બેનિફિટઃ

| બેનિફિટનો પ્રકાર | એ કેવી રીતે નક્કી થાય છે? | ઉદાહરણ |
|---|---|---|
| ફિટનેસ રિવોર્ડ | મોબાઇલ ઍપ અથવા વેરેબલ વસ્તુ મારફતે રોજનાં પગલાં કે પ્રવૃત્તિના આધારે ગણતરી થાય છે | કુલ ૨૦ દિવસ માટે દરરોજ ૧૦,૦૦૦ કરતાં વધારે પગલાં ચાલવામાં આવે તો ડિસ્કાઉન્ટ કે પોઇન્ટ આપવામાં આવે છે. |
| રોગનિવારણ આરોગ્ય પરીક્ષણ | વર્ષમાં એક વાર નિઃશુલ્ક અથવા રાહતના દરે આરોગ્ય પરીક્ષણ કરાવી અપાય છે | લિપિડ પ્રોફાઇલ, ડાયાબિટીસ પરીક્ષણ, ઈસીજી, વગેરે |
| પ્રીમિયમમાં ડિસ્કાઉન્ટ અથવા રાહત | પછીના વર્ષ માટેના પ્રીમિયમમાં ઘટાડો થાય એ રીતે પોઇન્ટ આપવામાં આવે છે | પોલિસીના દરેક નવીનીકરણ વખતે ૧,૦૦૦થી લઈને ૭,૫૦૦ રૂપિયા સુધીનું ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે |
| દવામાં કે આરોગ્ય પરીક્ષણ માટે લેબોરેટરીના દરમાં ડિસ્કાઉન્ટ | દવાઓ અને રોગનિદાન માટેનાં પરીક્ષણોમાં ૩૦ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે | ડિસ્કાઉન્ટ આપવા માટે હોસ્પિટલો કે ઓનલાઇન ફાર્મસી જોડે વીમા કંપનીઓ સહયોગ સાધે છે |
| લાઇફસ્ટાઇલ અને હેલ્થ સ્ટોર્સનાં વાઉચર્સ | આરોગ્ય જાળવવા માટેની વસ્તુ કેખાદ્યપદાર્થ ખરીદતી વખતે પોઇન્ટ રીડીમ કરી શકાય છે | ઍમેઝોન વાઉચર્સ, જિમ્નેશિયમની મેમ્બરશિપ કે પછી ફિટબિટ જેવી વસ્તુ |
| ટેલીકન્સલ્ટેશન અને ઈ-ડોક્ટરની સુવિધા | અમર્યાદિત ધોરણે નિઃશુલ્ક અથવા રાહતના દરે સુવિધા આપવામાં આવે છે | જનરલ પ્રેક્ટિશનર, સાયકોલોજિસ્ટ કે ન્યુટ્રિશનિસ્ટ જોડે કન્સલ્ટેશનની સુવિધા |

## વેલનેસ પોઇન્ટ્સનો ઉપયોગ

વેલનેસ પોઇન્ટ્સની મદદથી પ્રીમિયમમાં ડિસ્કાઉન્ટ મળે છે, વધારાનું કવરેજ (દા.ત. ટોપ અપ કે રાઇડર) મળે છે. ઉપરાંત ડાયેટ પ્લાન, આરોગ્યપ્રદ ચીજવસ્તુઓ પણ પ્રાપ્ત કરી શકાય છે.

## આવા પ્લાન પસંદ કરવાના ફાયદા

૧) ભાવિ પ્રીમિયમમાં ૨૦થી ૩૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. વિનામૂલ્યે રોગનિવારણ પરીક્ષણ કે ડોક્ટરનું કન્સલ્ટેશન પ્રાપ્ત કરી શકાય છે. ૨) રોગનિવારણ પરીક્ષણો કરાવવાથી બીમારીઓને વેળાસર પકડી શકાય છે અને વકરતી અટકાવી શકાય છે. ૩) વેલનેસ પોઇન્ટ્સ મળતા હોવાથી લોકોને તંદુરસ્ત રહેવા માટે એક પ્રકારનું પ્રોત્સાહન મળે છે. ૪) મોટાભાગની વેલનેસ સેવાઓ ઍપ આધારિત હોવાથી એનો ઉપયોગ કરવાનું સરળ બને છે. ૫) સામાન્ય સંજોગોમાં જે નો-ક્લેમ બોનસ મળે છે એની તુલનાએ વેલનેસ પોઇન્ટ્સની મદદથી વધુ સારા લાભ મેળવી શકાય છે

## અન્ય મહત્ત્વપૂર્ણ મુદ્દા પણ જાણી લો ...

| ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ | મહત્ત્વ |
|---|---|
| પોઇન્ટ્સની એક્સપાયરી | કેટલાક પ્લાન્સમાં વર્ષ પૂરું થયે પોઇન્ટ્સ એક્સપાયર થઈ જાય છે. |
| શરતી લાભ | આરોગ્ય સાચવવા માટેની દરેક પ્રવૃત્તિ માટે એકસમાન પોઇન્ટ્સ હોતા નથી. આથી, કઈ પ્રવૃત્તિ માટે કેટલા લાભ મળે છે એની નોંધ રાખવી જોઈએ. |
| રિડેમ્પશનના મર્યાદિત વિકલ્પો | કેટલીક વીમા કંપનીઓ ફક્ત પાર્ટનર સર્વિસીસ માટે પોઇન્ટ્સ રિડેમ્પશન કરાવવાની સુવિધા આપે છે |
| ડેટા શેરિંગનો પ્રશ્ન | તમે ફિટનેસ ઍપ કે અન્ય માધ્યમ પર ભેગા કરેલા ડેટાનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવશે એની જાણકારી મેળવી લેવી જોઈએ. |
| પ્રીમિયમમાં મહત્તમ ડિસ્કાઉન્ટની મર્યાદા | સામાન્ય રીતે વાર્ષિક પ્રીમિયમમાં મહત્તમ ૧૦થી ૩૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. |

## વેલનેસ પ્લાન પસંદ કરતી વખતે શું ધ્યાનમાં રાખશો?

- વીમા કંપની ફક્ત એથ્લિટને માફક આવે એવી નહીં, પરંતુ સામાન્ય માણસ કરી શકે એવી પ્રવૃત્તિઓ માટે પોઇન્ટ્સ આપતી હોવી જોઈએ.
- જે પ્લાન સર્વિસીસ, ડિસ્કાઉન્ટ કે કવરેજ એમાંથી જે જોઈએ એ લઈ શકાય એવી છૂટ આપતો હોય એવો જ પ્લાન લેવો.
- રિડેમ્પશન, એક્સપાયરી કે શરતોનો ઝીણવટભર્યો અભ્યાસ કરવો.
- પોતાની પ્રવૃત્તિઓની ગૂગલ ફિટ, ઍપલ હેલ્થ, ફિટબિટ કે વીમા કંપનીની ઍપ મારફતે નોંધ રાખવી.
- દર વર્ષે રોગનિવારણ આરોગ્ય પરીક્ષણ કરાવવાં, કારણ કે એના માટે તમે વીમા કંપનીને પહેલેથી પ્રીમિયમ સ્વરૂપે નાણાં ચૂકવી દીધાં છે.

## ટૂંકમાં ....

આરોગ્ય વીમામાં મળતા વેલનેસ બેનિફિટ બન્ને પક્ષે, એટલે કે વીમાધારક અને વીમા કંપની બન્નેને, લાભદાયક હોય છે. વીમાધારક તંદુરસ્ત રહેવા લાગે છે અને વીમા કંપની ક્લેમના પૈસા ચૂકવવામાંથી બચી જાય છે. આથી કહેવાનું કે આરોગ્ય વીમા પોલિસી લેતી વખતે ફક્ત સમ ઇન્સ્યોર્ડ અને પ્રીમિયમનો વિચાર કરવાને બદલે તમને આરોગ્યપ્રદ જીવન જીવવામાં મદદરૂપ થાય એવી બાબત પર ભાર મૂકવો. ■

# તમને પણ લાગે છે શિયાળામાં વીજળીનો ઝટકો? ....તો આટલું જાણી લો

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક



શિયાળો ધીમે પગલે આવી પહોંચ્યો છે. વાતાવરણ ઠંડું અને સૂકું બની રહ્યું છે. જેમજેમ આબોહવામાં આ ફેરફાર થાય કે ઘણાને ધાતુની વસ્તુ કે અન્ય વ્યક્તિઓના સંસર્ગમાં આવતાં જ અચાનક વીજળીનો ઝટકો લાગે તેવો અનુભવ થાય છે. કેટલાકને આવો હળવો 'આંચકો' લાગે છે તો અમુક લોકોને તો રીતસર વીજળીનો જીવંત તાર પકડ્યો હોય તેવો કરંટ પણ અનુભવાય છે.

કેમ થાય છે આવું અને શું ઉપાય કરવા? તેને સરળ શબ્દોમાં સમજવાનો પ્રયત્ન કરીએ.

આપણે જેનો ઝટકો અનુભવીએ છીએ તેને સ્ટેટિક ઇલેક્ટ્રિસિટી કહેવાય છે. ઇલેક્ટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોન પરમાણુઓ બનાવે છે. ઇલેક્ટ્રોન નકારાત્મક (ઋણ) ચાર્જ ધરાવે છે. પ્રોટોન હકારાત્મક (ધન) ચાર્જ ધરાવે છે. ન્યુટ્રોન તટસ્થ હોય છે. ઇલેક્ટ્રોનિક ઉપકરણો ચલાવવા આપણે જે બેટરીનો ઉપયોગ કરીએ છીએ, તેના ઉપર એક બાજુ 'પ્લસ' અને બીજી બાજુ 'માઇનસ'ની નિશાની તમે જોઈ હશે. જે ઉપકરણમાં તે લગાવવામાં આવે ત્યાં તેનાથી બરાબર વિપરીત નિશાની હોય. મતલબ એ કે પ્લસ સાથે માઇનસને જોડવામાં આવે એટલે વિદ્યુત પ્રવાહ વહેતો થાય છે.

આપણા દૈનિક કાર્ય દરમિયાન આપણું શરીર આપણા કપડાં પર ઘસાય છે અને આપણે ઇલેક્ટ્રોન ગુમાવીએ છીએ. જ્યારે આવું થાય છે, ત્યારે આપણે ધન રીતે ચાર્જ થઈ જઈએ છીએ. દરવાજાના ધાતુના હેન્ડલ અથવા બારીની ધાતુની ફ્રેમ જેવા પદાર્થોમાં અલગ અલગ ચાર્જ હોય છે. મોટાભાગની ધાતુઓમાં વધુ નકારાત્મક ચાર્જવાળી રચના હોય છે તેથી દરવાજાના હેન્ડલને સ્પર્શ કરવાથી તમે સ્થિર સ્રાવ છોડો છો. એ સમયે ઇલેક્ટ્રોન દરવાજાના હેન્ડલથી તમારા હાથમાં જાય છે અને તમને આંચકો આપે છે.

શિયાળામાં વધુ ઝટકા કેમ?

ભેજનું પ્રમાણ પણ સ્ટેટિક ઇલેક્ટ્રિસિટી સાથે ગાઢ રીતે સંબંધિત છે. શિયાળામાં તાપમાન ઠંડું થતાં, હવામાં ભેજ ઓછો થાય છે, જેના કારણે તે વધુ સૂકી લાગે છે. ભેજ તમારામાં ઉત્પન્ન થતો ચાર્જ દૂર કરવાનું કામ કરે છે. ઓછા ભેજનો અર્થ એ છે કે તમારું શરીર તે ઊંચા ચાર્જને મુક્ત થવા દેતો નથી અને પકડી રાખે છે. જેટલો વધારે ચાર્જ એટલે વધારે ડિસ્ચાર્જ. તેથી એ સમજાય છે કે શિયાળાના મહિનાઓમાં, સ્ટેટિક ડિસ્ચાર્જ વધુ વારંવાર બને છે અને જ્યારે તમે કોઈ વ્યક્તિ અથવા અન્ય વસ્તુઓને સ્પર્શ કરો છો ત્યારે થોડો ઝાટકો લાગી શકે છે.

## કેવી રીતે કાળજી લેવી?

મોટા - પીડાદાયક આંચકાથી બચવા માટે ધાતુની વસ્તુઓને સ્પર્શ કરીને વારંવાર ઇલેક્ટ્રોન ડિસ્ચાર્જ કરો. થોડી ટિપ્સ...

**૧) ચાવી કે સિક્કાનો ઉપયોગ કરો**

તમે ધાતુની વસ્તુને સ્પર્શ કરવા માટે ચાવી કે સિક્કાનો ઉપયોગ કરી શકો છો. ચાવી મધ્યસ્થી વાહક તરીકે કામ કરે છે, જે ચાર્જને મોટા વિસ્તારમાં ફેલાવીને ડિસ્ચાર્જની તીવ્રતા ઘટાડે છે. તેથી ઝટકા હળવા થઇ જાય છે.

**૨) નકલ્સ... આંગળીઓ નહીં**

નકલ્સ એટલે આંગળીઓના પાછળના ભાગમાં રહેલા સાંધા જ્યાંથી આંગળીઓ વળે છે. તમે પહેલા તમારા નકલ્સથી વસ્તુઓને સ્પર્શ કરી શકો છો. નકલ્સમાં આંગળીઓ કરતાં ઓછી ચેતા હોય છે, તેથી, સ્થિર સ્રાવ એટલો પીડાદાયક લાગશે નહીં. ઘરગથ્થુ ઉપચારમાં સૂકા થઇ ગયેલા હાથ પર ઘી લગાડવાથી પણ રાહત મળતી હોવાનું વડીલો કહે છે.

**૩) હ્યુમિડિફાયર અજમાવો**

હ્યુમિડિફાયરનો ઉપયોગ કરવાથી હવામાં પાણીના અણુઓ ઉમેરાશે. ભેજમાં વધારો થવાથી ઈલેક્ટ્રોન મુક્ત થવાની ક્રિયા સરળ બનવાથી ઝટકા લાગવાના ઓછા થશે.

**૪) કુદરતી રેસાના કપડાં પહેરો**

કોટન, ઊન, રેશમ જેવા કુદરતી રેસા નાયલોન (પોલિમાઇડ) અને પોલિએસ્ટર જેવા મોટાભાગના કૃત્રિમ રેસા કરતાં ઓછી સ્થિર વીજળી ઉત્પન્ન કરે છે. કૃત્રિમ રેસાઓ તેમના ઉચ્ચ ઇન્સ્યુલેશન અને ઓછા ભેજ શોષણ ગુણધર્મોને કારણે સ્થિર વીજળી ઉત્પન્ન કરવા અને એકઠા કરવા માટે વધુ સંવેદનશીલ હોય છે.

**૫) સોફ્ટનર્સ ઘર્ષણ ઘટાડે છે**

ફેબ્રિક સોફ્ટનર રેસાને નરમ કરીને ઘર્ષણ ઘટાડે છે, જે ચાર્જ બિલ્ડઅપને ઘટાડવામાં મદદ કરે છે.

**૬) હેંગર્સ સારા વાહક છે**

મેટલ હેંગર્સ સારા વાહક હોવાને કારણે, તમારા કપડાં પરના ચાર્જને પણ નિષ્ક્રિય કરી શકે છે. કપડા માટે મેટલ હેંગર વાપરવાથી કોઈપણ બિલ્ટ-અપ સ્ટેટિક વીજળી ઝડપથી દૂર કરવામાં મદદ મળી શકે છે.

**૭) વાળની સારવારનો**

સુકા વાળ સ્ટેટિક થવાની સંભાવના વધારે હોય છે. હીટ પ્રોટેક્ટન્ટ્સ, કન્ડિશનીંગ ટ્રીટમેન્ટ્સ, મોઇશ્ચરાઇઝિંગ હેર માસ્ક અથવા તેલનો ઉપયોગ ભેજને સીલ કરવામાં મદદ કરે છે. આ સારવાર વાળના તાંતણાઓ વચ્ચે ઘર્ષણ પણ ઘટાડે છે, જે ચાર્જ જમા થતો રોકવામાં મદદ કરે છે.

**૮) ધાતુના કાંસકા, પ્લાસ્ટિકના નહીં**

ધાતુના કાંસકા વિદ્યુત ચાર્જને શોષવામાં અને વિખેરવામાં મદદ કરે છે, જ્યારે પ્લાસ્ટિકના કાંસકા સમસ્યાને વધુ ખરાબ કરી શકે છે. જ્યારે પ્લાસ્ટિકનો કાંસકો વાળ પર ઘસે છે, ત્યારે તે ઇલેક્ટ્રોનને આકર્ષે છે, જેનાથી વાળ સકારાત્મક રીતે ચાર્જ થઈ જાય. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# ગરમાગરમ સૂપ સ્વાસ્થ્ય ને સમાજમાં શિષ્ટાચારનું પાલન કરવા માટે લાભકારી

ઠંડીમાં ગરમાગરમ સ્વાદિષ્ટ વિવિધ સૂપ પીવાં સૌને ગમતા હોય છે. પેટમાં ગરબડ થાય કે સૂપ બનાવવાની ફરમાઈશ અચૂક થતી હોય છે. રેસ્ટોરાંમાં જઈએ ત્યારે સ્ટાર્ટર્સની સાથે સૂપ પીવાનો આનંદ જરા હટકે હોય છે. ઠંડા પ્રદેશમાં ફરવા જઈએ ત્યારે ઠંડીથી બચવા ગરમાગરમ સૂપ પીવાનું પસંદ કરવામાં આવે છે. ચોમાસું હોય કે શિયાળો વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ સૂપની લહેજત માણવી સૌની પહેલી પસંદ બની ગઈ છે. સૂપ પૌષ્ટિક હોવાની સાથે શરીરને હલકું-ફૂલકું રાખવામાં મદદ કરે છે. સૂપ વિવિધ પ્રકારના બનાવી શકાય છે. પાતળો, ઘટ્ટ કે તીખો અથવા મીઠો સૂપ. બ્રિટિશર્સ મીઠા સૂપનો આનંદ પણ માણતાં.

સૂપ શબ્દ લૈટિન શબ્દ 'સૂપ્પા'માંથી આવ્યો છે. જેનો અર્થ થાય છે શોરબામાં પલાળેલી રોટલી. સૂપ પહેલાં તો હાથમાં ઊંડી વાટકી ઉપાડીને પીવામાં આવતો. ચૌદમી સદીમાં ફેશનના પગરણ મંડાયા. ઠંડીને કારણે ગળામાં મફલર વીટવાંની ફેશન આવી. વળી પૉલો નૅક ટીશર્ટની સાથે બંધગળાના કૉટ પહેરવાની શરૂઆત થઈ. સૂપ સરળતાથી પીવાનું મુશ્કેલ બન્યું. અનેક વખત  સૂપ પીતી વખતે તે ઢોળાવાની ઘટના બનવા લાગી. જેને કારણે સમુહમાં વ્યક્તિની મજાક ઉડાવવામાં આવતી. તેથી જ શિષ્ટાચારને અપનાવીને સૂપને ખાસ પ્રકારની ઊંડો આકાર ધરાવતી ચમચીથી પીવાની શરૂઆત થઈ.

ચાલો, થોડો સૂપનો ઈતિહાસ જાણી લઈએ : સૂપ શરીરને પૂરતું પોષણ, સ્વાસ્થ્યવર્ધક બનાવવાની સાથે સામાજિક રીતે એકજૂટ રહેવાની શીખ આપે છે. સૂપને પીવાની મઝા સમૂહમાં જ આવે છે. એકલા એકલા સૂપ પીવામાં આનંદ આવતો જ નથી. સૂપ માનવીને શિષ્ટાચારને અપનાવવામાં મદદ કરે છે. પ્રત્યેક દેશની સૂપ બનાવવાની રીતમાં વિવિધતા જોવા મળે છે. ક્યારેક સૂપમાં વિવિધ શાકભાજીનો ઉપયોગ કરવામાં આવે છે, તો ક્યારેક સૂપ બનાવતી વખતે ફક્ત એક શાકનો ઉપયોગ થાય છે. તો વળી ક્યારેક દાળનો કે નૂડલ્સનો સૂપ બનાવવામાં આવે છે. ૨૦૦૦ વર્ષ પહેલાં સૂપ બનાવવામાં આવતો. તે વખતે અનાજ, માસ તેમજ વિવિધ જડી-બુટ્ટીનો ઉપયોગ સૂપ બનાવવામાં થતો. રોમન સામ્રાજ્યના પતન બાદ પણ યુરોપીય તેમ જ અરબી પાકકલા વ્યંજનોમાં સૂપ બનતો તે વિશે જાણકારી મળે છે. ક્લાકર્સન નામક લેખકે તેમના પુસ્તક 'બુચ વૉન ગુટર'(સ્વાદિષ્ટ ભોજનનું પુસ્તક) જે લગભગ ૧૩૪૫ની સાલમાં પ્રકાશિત થયું હતું. તેમાં સૂપની વિવિધ વેરાયટી વિશે લખવામાં આવ્યું છે. જેમાં બદામ, દૂધી, દૂધ, ચોખાનો લોટ, ગાજર, કેસર, લસણ વગેરેનો ઉપયોગ મુખ્યત્ત્વે થતો આવે છે. જર્મની, ફ્રાંસ, ઈંગ્લૅન્ડ તથા અન્ય દેશોમાં પંદરમી-સોળમી શતાબ્દીમાં ગરીબો માટે ખાસ 'સૂપ-રસોઈઘર' ચાલતાં હતાં. જેમ હાલમાં ભારતમાં અનેક જગ્યાએ અન્ન - ક્ષેત્રો ચાલે છે તેમ. ૧૮૭૦ના દશકામાં સંયુક્ત રાજ્ય અમેરિકામાં સૂપ-કિચન શરૂ કરવામાં આવ્યાં હતાં.

**સૂપ પીવાના સ્વાસ્થ્ય લાભ : શરદી-તાવથી બચાવે :** શિયાળામાં ઠંડીનું પ્રમાણ વધી જતું હોય છે. આવા સંજોગોમાં ઠંડીથી બચવા કાંઈક ગરમાગરમ પીવાની ઈચ્છા થાય એટલે ચા-કૉફી બાદ સૌની પહેલી પસંદ સૂપ હોય છે. ઠંડીને કારણે અનેક વખત ગળું બેસી જવું. નાકમાંથી પાણી વહેવું કે શરીર ઝીણા તાવને કારણે કળે છે. આવા સંજાગોમાં ગરમાગરમ સૂપ પીવાથી રાહત મળે છે. કેમ કે શરીરને શિયાળામાં ઠંડીમાં યોગ્ય માત્રામાં ગરમાવો મળી રહે છે. તેમાં પણ સૂપમાં મરી પાઉડર ભેળવીને પીવાથી ત્વરિત રાહત મળે છે.

**ભૂખ ઉઘડે છે :** અનેક લોકોને વારંવાર ભૂખ લાગ્યા જ કરે છે. તો અનેક લોકો એવા પણ જોવા મળશે કે તેમની સામે વિવિધ પકવાન પીરસ્યાં હોય તેમ છતાં તેમને ભૂખ લાગતી નથી. આવા સંજોગોમાં ગરમાગરમ સૂપ પીવાથી ફાયદો થાય છે. સૂપ ધીમે ધીમે પીવાથી ભૂખ ધીમે ધીમે ઊઘડે છે. ભોજન ખાવાની ઈચ્છા આપોઆપ થવા લાગે છે.

**પાચન ક્રિયાને સુધારવામાં લાભકારી :** સૂપ પીવાથી શરીરને પૂરતાં પ્રમાણમાં પૌષ્ટિક તત્ત્વો મળી રહે છે. જો આપ મિક્સ વેજિટેબલ સૂપ પીવાનું પસંદ કરો તો તેમાં વિટામિન, મિનરલ્સ, ફાઈબર જેવાં અનેક પોષક તત્ત્વો સમાયેલાં હોય છે. જેથી સૂપ પીવાથી પાચનક્રિયા સુધરે છે. લાંબાગાળાથી રહેતી કબજિયાતની તકલીફમાં ગરમાગરમ સૂપનું સેવન લાભકારી ગણાય છે. સૂપનું નિયમિત ઠંડીના દિવસોમાં સેવન કરવાથી અપચો, ખાટા ઓડકાર કે ગેસની તકલીફમાં રાહત મળી શકે છે. સૂપનું સેવન કરવાથી શરીરમાં તાજગી અનુભવાય છે. પેટનું ભારેપણું ઘટી જાય છે. મોડી રાત્રે સૂપનું સેવન કરવું યોગ્ય નથી. વળી સૂપ વધુ ખાટો હોય કે તાજો ન હોય તો પીવાનું ટાળવું.

**હાડકાં મજબૂત બનાવવામાં ગુણકારી :** ઠંડીમાં અનેક વખત વય વધવાની સાથે હાડકાંમાં કળતર તેમજ સાંધાનો દુખાવો વધી જતો હોય છે. આવા સમયે પાલક, સરગવો, દૂધી, કોળું, વટાણા, મકાઈના દાણા વગેરેનો ઉપયોગ કરીને સૂપ બનાવવામાં આવે તો શરીરને પૂરતાં પ્રમાણમાં વિટામિન સી તેમજ વિટામિન એના ગુણો મળી રહે છે. કૅલ્શિયમ, મેગ્નેશ્યિમની માત્રા સૂપ પીવાથી મળી રહે છે. જે હાડકાંની મજબૂતાઈ વધારવામાં તેમજ સાંધાના કળતરમાં રાહત આપવામાં મદદરૂપ બની શકે છે. સૂપનું સેવન નિયમિત કરવાથી શરીરમાં રહેલી ચરબી ઓગળે છે. જે વજનને ઘટાડવામાં મદદ કરે છે. જેને કારણે હાડકાંમાં થતાં કળતરમાં ઘટાડો જોવા મળી શકે છે. શરીરને પૂરતાં પ્રમાણમાં ગરમાવો આપવામાં મદદરૂપ બને છે.

**વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારી :** ઠંડીમાં ભૂખ ઊઘડે છે. વ્યક્તિને વારંવાર ખાવાની ઈચ્છા થાય છે. વધુ પડતી ઠંડીને કારણે હરવું-ફરવું ઘટી જાય છે. જેને કારણે વ્યક્તિનું વજન ધીમે ધીમે વધવા લાગે છે. અન્ય વાનગીની સાથે દિવસમાં બે વખત સૂપનું સેવન કરવામાં આવે તો વારંવાર ખાવાની ઈચ્છા ઘટી જાય છે. ગરમાગરમ સૂપ પીવાથી શરીરમાં તાજગી આવે છે. પેટ લાંબો સમય સુધી ભરાયેલું રહે છે. જેથી આચર-કૂચર ખાવાની ઈચ્છા ઓછી થાય છે. આરોગ્ય સુધરે છે. સૂપ પોષક તત્ત્વોથી ભરપૂર હોવાના કારણે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. સૂપ બનાવવો સરળ ગણાય છે. તાજા વિવિધ શાકનો ઉપયોગ કરીને આપ વિવિધ સૂપ બનાવી શકો છો. સૂપ પીવાનો સમય નિશ્ચિત રાખવો જરૂરી છે. સંધ્યાકાળનો સમય સૂપના સેવન માટે યોગ્ય ગણાય છે. સૂપ બનાવતી વખતે મસાલાનો ઉપયોગ ઓછો કર્યા બાદ પણ સૂપને સ્વાદિષ્ટ બનાવી શકાય છે. પ્રત્યેક સૂપમાં મસાલા ચોક્કસ વપરાય તો તે સ્વાદને વધારી દે છે. જેમ કે ગાજરના સૂપમાં આદું, મરી તેમજ લેમન ગ્રાસનો સમાવેશ કરી શકાય. વટાણાના સૂપમાં થોડો ફુદીનો ભેળવવાથી સ્વાદિષ્ટ સૂપ બની શકે છે. બ્રોકલીના સૂપમાં આદુંનો છૂટથી ઉપયોગ કરવો જોઈએ. ટમેટાના સૂપમાં મરી, આદું તેમજ કોથમીરની દાંડી સૂપને વધુ સ્વાદિષ્ટ બનાવી શકે છે. દાળનો સૂપ બનાવ્યા બાદ તેમાં શુદ્ધ ઘી અને મીઠા લીમડાંના પાન સાથે વઘાર કરવાથી સૂપ વધુ સ્વાદિષ્ટ બને છે. ■

**કૉર્ન-પાલક સૂપ :** ૧ નાની ઝૂડી સાફ કરેલી પાલક, ૧ નાની વાટકી બાફેલી મકાઈ, ૧ નાની ચમચી લીંબુનો રસ, સ્વાદાનુસાર મીઠું. ૧ મોટી ચમચી આદુંની પાતળી કતરણ, ૧ મોટી ચમચી ચીઝના ટૂકડાં. ૧ નાની ચમચી મરી પાઉડર.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ પાલકને બરાબર સાફ કરીને બાફીને થોડાં બરફના ટુકડા ઉમેરવા. જેથી પાલકનો લીલો રંગ જળવાઈ રહેશે. મકાઈના દાણાને બાફી લેવાં, ત્યારબાદ પાલકને મિક્સરમાં વાટી લેવી. સૂપને ગરમ કરવા મૂકવો. તેમાં આદુંની કતરણ ઉમેરવી. ચીઝના ટુકડા ઉમેરવા, બાફેલાં મકાઈના દાણા ઉમેરવાં. સ્વાદાનુસાર મીઠું, લીંબુનો રસ તેમજ મરી પાઉડર ભેળવવો. ગરમાગરમ સ્વાદિષ્ટ લીલાછમ સૂપનો આનંદ માણવાની મોજ પડી જશે.

---

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# વટાણાઃ પ્રોટીનનો સંપૂર્ણ સ્રોત

વિશ્વના અન્ય દેશો કરતાં ભારત ખેતી ક્ષેત્રે ખૂબ જ આગળ છે. ભારતમાં વિવિધ પ્રકારના પાકોનું ઉત્પાદન ખૂબ જ મોટા પ્રમાણમાં થાય છે. ખેતી પ્રધાન દેશમાં વિવિધ પ્રકારનાં અનાજ, તેલીબિયા, શાકભાજી, ફળો વિપુલ પ્રમાણમાં થાય છે. પ્રોટીન સ્ત્રોતોની કોઇ કમી નથી. છતાંય કહેવાય છે કે ભારતમાં તોતેર ટકા જેટલી પ્રોટીનની કમી વ્યક્તિઓને છે. પ્રોટીનનું પૂરો સ્ત્રોત મળતો નથી. આના અલગ અલગ કારણો દર્શાવવામાં આવી રહ્યાં છે. ગરીબી અને આર્થિક સમસ્યા, જંકફૂડનો વધુ વપરાશ કાર્બોહાઇડ્રેટનું વધુ સેવન, પોષણ સંબંધી જાગરૂકતાની કમી અને એવું ભ્રામક કારણ બતાવે છે કે શાકાહારી ખાવાવાળાને પ્રોટીન ઓછપ છે. ભારતમાં શાકાહારી ભોજનમાં પર્યાપ્ત માત્રામાં પ્રોટીન છે. હાલના સમયમાં ઘરના બધા સભ્યો આર્થિક ઉપાર્જન કેમ વધારવું તેની માટે બહાર કામ પર હોવાને કારણે બાહ્ય ભોજન જે કેમિકલ યુક્ત પ્રિઝર્વેટીવવાળો છે તેમાં રિફાઇન્ડ કરેલી વસ્તુઓનો વપરાશ વધુ છે. આ કારણોને લીધે પ્રોટીનની ઓછપ થાય છે. તેમ જ સમયસર ભોજન નથી કરતા. જાહેરાતોમાં એવું દર્શાવવામાં આવે છે કે પ્રોટીન બાહ્ય સપ્લિમેન્ટરી દ્વારા જ પૂરું થાય છે. જેથી પ્રોટીનના ડબ્બા વેચવાવાળાનો ધંધો ચાલતો રહે. ખોટી રીતે ભ્રમ પેદા કરે છે. ખરેખર તો પ્રોટીન કમી નથી. જાગરૂકતા જરૂરી છે. ખરાબ ખાનપાનથી દૂર રહેવું જરૂરી છે.

પ્રોટીન એ પ્રત્યેક જીવમાં પ્રમુખ કાર્યશીલ અણુ હોય છે. જે શરીરની ક્રિયાઓને ઉત્પ્રેરીત કરે છે. જેમ કે ઇન્સ્યુલિન એ એક પ્રોટીન છે જે રક્તને નિયંત્રિત કરે છે. શરીરના પાચક રસો (એન્ઝાઇમ) પણ પ્રોટીન છે. પ્રોટીન હજારો પ્રકારના છે જે શરીરને ચલાવવા માટેના મુખ્ય તત્ત્વો છે. એન્ટિબોડીએ પણ એક પ્રોટીન છે જે બહારના સંક્રમણથી બચાવે છે.

હાર્મોનલ એ પ્રોટીન છે જે શરીરનાં વિભિન્ન કાર્યોને  વિનિયમિત કરે છે. સંરચનાત્મક પ્રોટીન (સ્ટ્રક્ચરલ પ્રોટીન) જે કોશિકાઓ અને ઉત્કોની સંરચનાને સમર્થન પ્રદાન કરે છે. જેમ કે કોલેજન અને કેશોટન. ભંડારણ પ્રોટીન (સ્ટોરેજ પ્રોટીન) આ અમીનો એસિડને સંગ્રહિત કરે છે જેમ કે આલ્બીયુમિન પરિવહન પ્રોટીન (ટ્રાન્સ્પોર્ટ પ્રોટીન) જે કોશિકાની આરપાર અણુઓનું પરિવહન કરે છે.

પ્રોટીન ત્વચા, લોહી, માંસપેશીઓ અને હાડકાની કોશિકાના વિકાસ માટે અતિ આવશ્યક છે. આ પ્રોટીનો અમાયનો એસિડના ચયાપચનથી બને છે. સીધે સીધું નથી બનતું.

આ અમાયનો એસિડ બહારથી ખાદ્ય પદાર્થોથી મળે છે. જેમાં આપણી પાસે સ્ત્રોતો ખૂબ જ મોટા પ્રમાણમાં છે. તેને લેવાની પદ્ધતિની જાણકારી જરૂરી છે. સ્ત્રોતો જેવા કે મગ, ચણા, રાજમા, અડદ, મસૂર, ચોળા, કાળાચણા, લાલચણા, મઠ, કાળા વટાણા, સફેદ વટાણા, લીલા વટાણા જેમાં ભરપૂર પ્રોટીન મળી રહે છે.

શિયાળાની સિઝનમાં લીલાવટાણાથી બજાર ભરાયેલી છે. વટાણામાં ભરપૂર માત્રામાં અમાયનો એસિડ છે. જેવા કે હિસ્ટડીન, લ્યૂસીન, લાઇસિન, મેથિયોનીન, ફેનિલ એલનિન થ્રેઆનીન વેલીન આઇસોલ્યૂસીન, ટ્રાયપોફેન જે પૂર્ણ પ્રોટીન બનાવે છે. જે માંસપેશીઓની વૃદ્ધિ કરે છે. માંસપેશીની તાકાત વધારે છે. માંસપેશી (મસલ્સ)માં ક્રીએટીનાઇન બને છે તે બનાવવામાં પણ સહાયક છે.

વટાણામાં ગ્લાઇસેમિક ઇન્ડેક્સ ઓછો છે જેથી રક્ત શર્કરાના સ્તરને સ્થિર કરે છે. ભૂખને નિયંત્રિત કરે છે. જે કેવળ ઊર્જા સંતુલનના માટે પણ વસાને નિયંત્રિત કરવા શારીરિક સંરચના માટે પણ ફાયદાકારક છે. સમયની સાથે તે  ત્વચાને સાફ અને મૂડને તાજગી બક્ષે છે.

વટાણામાં ફક્ત અમાયનો એસિડ છે એવું નથી તેમાં એન્ટિ ઓક્સિડેન્ટ જેવા સૂક્ષ્મ પોષકતત્ત્વ અને એન્ઝાઇમ છે જે કોશિકાના સ્વાસ્થ્ય સ્થિર કરે છે. મસલ્સ પાવર વધવાથી કે તેનું સ્વાસ્થ્ય સારું બને તો હૃદયની માંસપેશી મજબૂત બને છે. હૃદયનું સ્વાસ્થ્ય લાંબો સમય સુધી સારું રહે છે. ગ્લાઇસેમિક ઇન્ડેક્સ ઓછો હોવાને કારણે વટાણા કોલેસ્ટ્રોલને કંટ્રોલમાં રાખે છે. ટ્રાયગ્લીસરાઇડ્સને વધવા દેતા નથી. વધેલા કોલેસ્ટ્રોલને ઘટાડવામાં મદદ કરે છે.

જે વ્યક્તિઓન ડેરી ઉત્પાદનથી એલર્જી છે કોઇ શાકાહારી પદાર્થ પ્રત્યે સંવેદનશીલ છે તેવા વ્યક્તિઓ માટે વટાણા એ પ્રોટીનનો મોટો સ્રોત છે. એનીમિયાથી પીડાતા નબળા પાચનવાળા તેમ જ સંવેદનશીલ વ્યક્તિઓ માટે આનું પ્રોટીન વરદાનરૂપ છે. શરીરની સુંદરતા વધારે છે. અન્ય પોષણ તત્ત્વો જેવા કે વિટામિન  એ જે આંખોને દુરસ્ત રાખે છે. વિટામિન બી-૬ જે વાળની ગ્રોથ વધારે છે. ફોસ્ફરસ જે હાડકાંને મજબૂત બનાવે છે. તાંબુ જે કિડનીનું સ્વાસ્થ્ય વધારે છે. સેપોનીન તત્ત્વ જે લીવરનું જતન કરે છે.

વટાણાની ચટણી એ ઉત્તમ સ્વાદવાળી બને છે. સૂપનો સ્વાદ લાજવાબ છે. શાક કે પેટીસ કે કચોરી બનાવીને લઈ શકાય છે. પેટીસ પર લીલા વટાણાનો રગડો બનાવીને લ્યો.

વટાણામાં ફુદીનો-જીરું નાખીને જ્યૂસ બનાવીને લ્યો. થોડા પ્રમાણમાં કાચા લઈ શકાય. ચાર મહિના આનો ઉપયોગ કરી શરીરનું પ્રોટીન મજબૂત બનાવો. અન્ય પ્રોટીન પાઉડર લેવાની ગરજ નહીં પડે. સોયાબીનનું પ્રોટીન હાનિકારક પુરવાર થયું છે. સોયાબીનના કારણે આજે નપુંસકતા વધી છે. કહેવાય છે કે કોઈ દેશનો બર્થગ્રોથ ઓછો કરવો હોય તો ત્યાં સોયાબીનનો વધુ પ્રચાર કરો. ખોટી જાહેરાત કે પોડકાસ્ટવાળાની વાતો સંપૂર્ણ સાચી હોય એવું જરૂરી નથી.

એક ઉચ્ચતમ વનસ્પતિ પ્રોટીનની તરફની સફર તરફ આગળ વધો. આજથી વટાણાના પ્રોટીનથી ઊર્જા લેવાની શરૂઆત કરો. ■

---

# ત્વચા સંભાળ માટે ભૂલ સાબિત થશે આવી ખોટી માન્યતા...

feedback@bombaysamachar.com
ફોકસ
દિક્ષિતા મકવાણા

ત્વચા સંભાળની ભૂલો ઘણીવાર તમારી ત્વચા માટે હાનિકારક હોઈ શકે છે, તેથી કેટલીક મૂળભૂત સચોટ માહિતી હોવી મહત્વપૂર્ણ છે. આ લેખમાં આપણે ત્વચા સંભાળ સંબંધિત કેટલીક માન્યતાઓ અને તથ્યોનું વિશ્લેષણ કરીશું.

જ્યારે ત્વચા સંભાળની વાત આવે છે, ત્યારે દરેકનો અલગ અલગ અભિપ્રાય હોય છે, અને સોશિયલ મીડિયાના યુગમાં દરેક ત્રીજો કે ચોથો વીડીઓ અલગ અલગ ટિપ્સ આપે છે. ઘણા ડુ ઈટ યોર સેલ્ફ સ્કિનકેર હેક્સ પણ લોકપ્રિયતા મેળવી રહ્યા છે, જેને લોકો ઘણીવાર વિચાર્યા વિના અજમાવે છે, પરંતુ દરેક સલાહ જરૂરી રીતે ફાયદાકારક હોતી નથી. પિમ્પલ્સથી લઈને શુષ્ક, તૈલી ત્વચા અને સનસ્ક્રીનનો ઉપયોગ કરવા સુધી ઘણી સ્કિનકેર માન્યતાઓ છે જે લોકો સરળતાથી માને છે. આ ઘણીવાર ત્વચા સંભાળમાં ભૂલો તરફ દોરી જાય છે. તેથી આ માન્યતાઓનો પર્દાફાશ કરવાનો સમય આવી ગયો છે.

જો તમે ક્યારેય કોઈ મિત્રની ત્વચા સંભાળ સલાહનું પાલન કર્યું હોય અથવા સોશિયલ મીડિયા પર જોયેલા ઉપાયનો પ્રયાસ કર્યો હોય અને પરિણામો સંતોષકારક ન હોય, તો તે ખૂબ તણાવપૂર્ણ હોઈ શકે છે. ખાસ કરીને ચહેરાની ત્વચાની સંભાળ રાખતી વખતે સાવચેતી રાખવી જરૂરી છે. ચાલો ત્વચા સંભાળ સંબંધિત કેટલીક માન્યતાઓની વાત કરીએ.

## પિમ્પલ્સ ફક્ત કિશોર વયના લોકોને થાય  છે

ઘણા લોકો હજુ પણ માને છે કે ખીલ ફક્ત કિશોર વયના લોકોને થાય છે. આ સંપૂર્ણપણે સાચું નથી. આ ઉંમરે હોર્મોનલ ફેરફારોને કારણે ખીલ એક સામાન્ય સમસ્યા છે, પરંતુ તે કોઈપણ ઉંમરના લોકોને અસર કરી શકે છે. હોર્મોનલ ફેરફારોથી લઈને ખરાબ આહાર, સ્વચ્છતાનો અભાવ, પ્રદૂષણ અને તણાવ જેવા પરિબળો આ માટે જવાબદાર છે

## તૈલી ત્વચાને મોઇશ્ચરાઇઝ ન કરો

એક વ્યાપક માન્યતા છે કે તૈલી ત્વચા ધરાવતા લોકોને મોઇશ્ચરાઇઝરની જરૂર નથી. તે તેમની ત્વચાને વધુ તેલયુક્ત બનાવે છે. સત્ય એ છે કે તૈલી ત્વચા અને વાળ ધરાવતા લોકોએ વધારાના તેલ વિના ત્વચાને મોઇશ્ચરાઇઝ રાખવા માટે પાણી અથવા જેલ આધારિત મોઇશ્ચરાઇઝરનો ઉપયોગ કરવો જોઈએ

## જે લોકો મેકઅપ કરે છે તેમને જ ડબલ ક્લીન્ઝિંગની જરૂર છે.

સ્વસ્થ ત્વચા માટે ડબલ ક્લીન્ઝિંગ જરૂરી છે. આ ત્વચાને ઊંડે સુધી સાફ કરે છે. ઘણા લોકો માને છે કે ડબલ ક્લીન્ઝિંગ ફક્ત તે લોકો માટે જરૂરી છે જેઓ ઘણો મેકઅપ કરે છે.  જો તમે મેકઅપ ન કરો તો પણ, પ્રદૂષણ, ગંદકી અને વધારાનું તેલ દૂર કરવા માટે ડબલ ક્લીન્ઝિંગ જરૂરી છે.

## ઘરે સનસ્ક્રીન લગાવવાની જરૂર નથી

જોકે સત્ય એ છે કે તમારે ઘરે હોવ અથવા બહાર સૂર્યપ્રકાશ ન હોય તો પણ સનસ્ક્રીન લગાવવું જોઈએ. સૂર્યપ્રકાશ તમારા ચહેરા પર ન પડે તો પણ યુવી કિરણો ત્વચાને નુકસાન પહોંચાડી શકે છે. ઘરે તમે ઘણીવાર તમારા ફોનનો ઉપયોગ કરો છો અથવા કમ્પ્યુટર પર કામ કરો છો, અને સ્ક્રીનનો પ્રકાશ પણ ત્વચાને નુકસાન પહોંચાડે છે.

## કુદરતી ઘટકો નુકસાન પહોંચાડતા નથી

ઘણા લોકો માને છે કે કુદરતી ઘટકો ત્વચાને નુકસાન પહોંચાડતા નથી પરંતુ આ સાચું નથી. જો તમારી ત્વચાને કોઈ વસ્તુથી એલર્જી હોય, તો કુદરતી ઘટકો પણ નુકસાનકારક હોઈ શકે છે. જોકે તફાવત એ છે કે કુદરતી ઘટકો આડઅસરો પેદા કરે છે, તો પણ તે ન્યૂનતમ છે. ■

feedback@bombaysamachar.com

## તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# કપાલભાતિ એક શોધનકર્મ હોવા છતાં એનું આધ્યાત્મિક મૂલ્ય ઘણું છે

(ગતાંકથી ચાલુ)

૮. કપાલભાતિમાં રેચક દરમિયાન ઝડપથી બહાર આવતી હવા નાકની દીવાલ સાથે ઘસાતાં એક પ્રકારનો અવાજ થશે, પરંતુ પૂરકમાં આવો અવાજ નહિવત્ થશે.

૯. કપાલભાતિમાં એક રેચક-પૂરકમાં આશરે ૧/૨ સેકંડ લાગશે. રેચક કરતાં પૂરકમાં ત્રણ ગણો સમય લાગશે. એટલે કે ૧/૨ સેકંડમાં રેચક ૧/૮ સેકંડ અને પૂરક ૩/૮ સેકંડ લાગશે.

૧૦. પ્રારંભમાં એક આવર્તનમાં અગિયાર રેચક-પૂરક કરવા. બે આવર્તન વચ્ચે એક મિનિટનો આરામ કરવો. આ આરામના સમય દરમિયાન શ્વાસોચ્છ્વાસ સામાન્ય ગતિથી ચાલશે. આરામ પછી બીજા આવર્તનમાં એજ રીતે અગિયાર રેચક-પૂરક કરવા. આ રીતે કુલ ત્રણ આવર્તનનો કરવાં. દર અઠવાડિયે દરેક આવર્તનમાં નવા અગિયાર રેચક પૂરક ઉમેરતાં જવા. આ સંખ્યા એક આવર્તનમાં એક મિનિટે એક-સોવીશ રેચક-પૂરક સુધી પહોંચાડવી. આવા ત્રણ આવર્તનો સવાર-સાંજ કરી શકાય છે. એક આવર્તનમાં જેટલા રેચક-પૂરક કરવાના છે. તેમાં વચ્ચે અટકવાનું નથી. આ પ્રમાણ સામાન્ય સ્વરૂપનું છે. તેમાં યથાશક્તિ થોડો વધારો ઘટાડો કરી શકાય છે.

૧૧. સામાન્યતઃ કપાલભાતિના અભ્યાસમાં પ્રગતિ થતાં મૂલબંધ આપોઆપ લાગી જાય છે, પરંતુ એમ ન થાય તે પાછળથી મૂલબંધ ઉમેરી શકાય છે.

(૫) સાવચેતી :

૧. કપાલભાતિ શ્વાસની ક્રિયા છે અને તેની તીવ્રતા પણ ઘણી છે. આ ક્રિયા દરમિયાન આપણે શરીરના નાજુક અવયવો સાથે કામ લઇએ છીએ. એટલે કે ઉતાવળથી પ્રમાણ વધારવું નહીં. કેમ કે એમ કરવામાં જોખમ છે. પોતાની શક્તિથી થોડું ઓછું પ્રમાણ રાખવું, વધુ નહીં.

૨. કપાલભાતિની પદ્ધતિ પૂરેપૂરી સમજ્યા વિના ગલત રીતે કરવામાં ઘણું જોખમ છે. એટલે પદ્ધતિ યથાર્થ હોય તે અનિવાર્ય છે.

૩. પેટની બીમારી હોય, હૃદયની તકલીફ હોય, લોહીના દબાણની ફરિયાદ હોય કે શ્વસનતંત્રના અવયવોની બીમારી હોય તેમણે સામાન્યતઃ કપાલભાતિનો અભ્યાસ ન કરવો. અસ્થમા જેવા રોગમાં કપાલભાતિ ઉપાય તરીકે અપાય છે, પરંતુ ત્યારે પણ કપાલભાતિ સારા જાણકારના માર્ગદર્શન હેઠળ જ કરવી જોઇએ.

૬. કપાલભાતિમાં ધ્યાન :

કપાલભાતિ એક શોધનકર્મ હોવા છતાં એનું આધ્યાત્મિક મૂલ્ય ઘણું છે. આ ક્રિયાનો આધ્યાત્મિક વિકાસ માટે ઉપયોગ કરવા માટે સાધકે તેની સાથે ઉપયુક્ત ધ્યાન પણ જોડવું જોઇએ . જેથી ચિત્તની વૃતિ અને શારીરિક ક્રિયા વચ્ચે થયેલો સમન્વય આધ્યાત્મિક વિકાસ તરફ દોરી જાય.

જયારે સાધક આઘાતપૂર્વક રેચક કરે ત્યારે તેનું એવું ચિંતન કરવું કે મૂલાધારમાં રહેલ સુષુપ્ત કુંડલિની પર દરેક રેચકથી તે આઘાત કરે છે. આઘાતથી કુંડલિની શક્તિ જાગૃત થાય તેવી અભીપ્સા કરવી. એ આવર્તન વચ્ચેના આરામના સમય દરમિયાન પણ આ ચિંતન ચાલું રાખવું.

(૭) કપાલભાતિથી શું થાય છે ?

૧. કુંડલિની જાગરણ અને તેના દ્વારા આધ્યાત્મિક વિકાસ માટે કપાલભાતિ ઉપયોગી સાધન છે.

૨. કપાલભાતિના અભ્યાસથી કુંભક કરવાની શક્તિ વધે છે. તે સાધકના શરીરને પ્રાણાયામ માટે સક્ષમ બનાવે છે.

૩. કપાલભાતિ શરીરને ભરપૂર પ્રમાણમાં પ્રાણવાયુ આપે છે. યોગમાં એવી એકપણ ક્રિયા નથી જેમાં શરીરને કપાલભાતિ જેટલો પ્રાણવાયુ મળી શકે.

૪. કપાલભાતિ એક ઉત્તમ શોધનકર્મ છે. તે શ્વસનતંત્રનું ઉત્તમ રીતે શોધન કરે છે. એટલું જ નહીં, પરંતુ સમગ્ર શરીરના એક એક ભાગનું તેનાથી શોધન થાય છે. કપાલભાતિના અભ્યાસથી દેહસ્થ મલ દૂર થતાં ચહેરા પર ચમક આવે છે. એ માન્યતા સત્ય છે.

૫. કપાલભાતિ શરીરના કફજન્ય રોગો દૂર કરવામાં ખૂબ ઉપયોગી છે. શરદી, અસ્થમા જેવા કફના રોગોમાં કપાલભાતિનો નિષ્ણાતની દેખરેખ નીચે ઉપયોગ થઇ શકે.

૬. કપાલભાતિ પેટના અવયવો અને પેટના સ્નાયુઓને કાર્યક્ષમ અને સ્વસ્થ બનાવે છે.

૭. કપાલભાતિથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે અને કબજિયાત દૂર થાય છે.

૮. કપાલભાતિથી શ્વસનતંત્રના અવયવો કાર્યક્ષમ અને સ્વસ્થ બને છે.

૯. કપાલભાતિથી રુધિરાભિસરણ તંત્રની કાર્યક્ષમતા ખૂબ વધે છે. કપાલભાતિના અભ્યાસ દરમિયાન શરીરના દૂરદૂરના ભાગોને પણ પ્રચુર માત્રમાં રક્ત મળે છે.

૧૦. કપાલભાતિ જ્ઞાનતંત્રના સ્વાસ્થ્યને જાળવી રાખવામાં ખૂબ ઉપયોગી છે.

૧૧. નાડીશોધન માટે કપાલભાતિ ઉત્તમ સાધન છે.

૧૨. મગજમાં રહેલ શ્વસન કેન્દ્રને શાંત કરવામાં કપાલભાતિનો મૂલ્યવાન ફાળો છે. તેથી કપાલભાતિ પછી તુરત પ્રાણાયામ કરવામાં આવે તો પ્રાણાયામ સારી રીતે કરી શકાય છે.

(૮) વિશેષ નોંધ :

૧. આધ્યાત્મિક હેતુ માટે કપાલભાતિનો અભ્યાસ કરનાર સાધક શરીર, મનથી સક્ષમ હોય તો લાંબા અભ્યાસ પછી તે એક આવર્તનમાં બસો રેચક-પૂરક સુધી પહોંચી શકે છે.

૨. ભસ્રિકા પ્રાણાયામનો અભ્યાસ કરનાર સાધકે કપાલભાતિનો અલગ અભ્યાસ કરવાની જરૂર નથી. કેમ કે કપાલભાતિ તેમાં આવી જાય છે.

૩. કપાલભાતિ પદ્માસન વાળીને કરવામાં આવે ત્યારે પદ્માસનમાં જાલંધર બંધ કે નાસાગ્ર દૃષ્ટિને સ્થાન નથી. હાથ-ઢીંચણ પર દૃઢતાથી ગોઠવવાનો છે તે ખ્યાલમાં રાખવું. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

## આરોગ્ય પ્લસ

સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

# શ્વસનતંત્રની અનેકવિધ બીમારી...

ફેફસાં અને છાતી માનવ શરીરનાં અગત્યનાં અંગ છે. શ્વાસ ઉચ્છવાસનું નિયંત્રણ કરતાં ફેફસાં - હ્રદયને કોઈ ચેપ લાગી જાય પછી શ્વસનતંત્રની અનેક બીમારી પરેશાન કરવા લાગે છે.

ગળું પકડાઇ જવું, શરદી, કફ, ઉધરસ વગેરે શ્વાસનળીને લગતી જે બીમારી આપણને અનેકવાર થતી હોય છે એ કયા કારણથી થાય છે, તેનાથી આપણે સાવ અજાણ હોઇએ છીએ. આપણને પ્રાયઃ એ ખ્યાલ જ નથી આવતો કે, આ બીમારી થવાનું કારણ શું છે.

આ બીમારીનાં કારણો શોધી, તે પ્રમાણે સાવધાની રાખીને ઉપચાર કરીશું તેટલા જરૂર બચી શકીશું. કેમ કે, આ બીમારી અનેક કારણથી થતી હોય છે, માટે તેના ઉપચારો કારણ પ્રમાણે કરાય, પરંતુ તેમાં મોટા ભાગના ભૂલ કરતા હોય છે. જેમ કે, કોઇને પિત્ત કે વાયુને લઇને શરદી થઇ હોય અને ઉપચાર કફની શરદીનો કરે.

શ્વસનતંત્ર સંબંધી રોગ મોટા ભાગે વાઈરલ ઇન્ફેકશનના કારણે થતાં હોય છે. ખરેખર તો તે વાઈરલ ઇન્ફેકશનમાં એન્ટિબાયોટિક દવાઓ કાંઇ જ અસર કરતી નથી, છતાં પણ ભારતમાં આ રોગની સારવાર માટે એન્ટિબાયોટિક દવાઓ સૌથી વધારે વપરાય છે. તેનાં અમુક કારણો એવાં છે કે, કોઇકવાર ચિકિત્સક ધન કમાવા માટે, તો કોઇકવાર તેની અજ્ઞાનતાના કારણે તે બિનજરૂરી દવાઓ આપતા હોય છે. અરે...! અમુકવાર તો એવું પણ બનતું હોય છે કે, દર્દી સાજા થવા માટે ચિકિત્સક પાસે દવાઓની અપેક્ષાઓ રાખતા હોય છે તેથી ચિકિત્સકને બધો જ ખ્યાલ હોવા છતાં દર્દીની માનસિકતા સંતોષવા માટે બિનજરૂરી દવાઓ આપવા માટે લાચાર થવું પડે છે.

વિશ્વમાં આપણો દેશ વાઇરલ ઇન્ફેકશનથી થતી બીમારીઓમાં હંમેશાં બિનઅસરકારક એવી એન્ટિબાયોટિક દવાઓ લેવામાં મોખરે છે. માટે હરખાતા હૈયે આવી દવાઓ ખાતા એવા આપણે, શું જરા ચેતવું ન જોઇએ.

### શરદી-કફ થવાનાં કારણ

- ગળું પકડાઇ જવું
- બેકટેરિયલ → તાવ આવે અને લાંબા સમય સુધી રહે. જીભ સૂકી અને સફેદ રહે. સોજી ગયેલા કાકડા લીલાશવાળો કફ.
- વાઈરલ → મોટા ભાગે તાવ ન આવે અને ટૂંકા સમય પૂરતું જ રહે (૫થી ૬ દિવસ)
- આહાર → વધુ ગળ્યું ઠંડું કે ગરમ અને આથેલી વાનગીઓ જમવી
- વાતાવરણ → ઋતુ ફરે ત્યારે; એલર્જી (ધૂળ, ધુમાડો, અમુક વૃક્ષોની પરાગરજ, અમુક પ્રદેશ વગેરેની)
- પિત્તની શરદી → મોટા ભાગે પિત્ત અને વાયુ-પિત્ત પ્રકૃતિવાળાને થાય ખાસ શરદઋતુમાં
- અન્ય કારણો → ચેપ લગાવો, ઉજાગરા, અજીર્ણ, કબજિયાત વગેરે

લક્ષણો

માથું અને શરીર ભારે રહે.ગળું બળે અને બેસી શકે શરીર ગરમ રહે અને તાવ આવવાની સંભાવના રહે.

છીંક ઓછી આવે.

જો કફ હોય તો પીળો / લીલાશવાળો આવે.

### ઉપચાર

**પિત્તના કારણે થયેલી શરદી-કફ :**

૧) ૧ ચમચી જેઠી મધ, ૧ ચમચી મધ અને અડધી ચમચી ઘી ભેગું કરી સવાર સાંજ લેવું. ૨) કાળી દ્રાક્ષ અને સાકર મોઢામાં ચાવવી અને ચૂસવી. ૩) ૨ ચમચી ઘી અને ૧-૨ ચમચી સાકર સાથે ૨ કેળાં લેવાં. ૪) વધુ પિત્તના કારણે શરદી હોય તો ઠંડા પ્રવાહી લઇ શકાય. (ખસ, ગુલાબનું શરબત વગેરે...)

વાત અને કફના કારણે થયેલી શરદી કફઃ

૧) સૂંઠ, મરી અને પીપર સરખા ભાગે ભેગા કરી સવાર-સાંજ ૧ ચમચી ચૂર્ણ ફાકીને પાણી પીવું. અમુક દિવસમાં જ જમા થયેલ કફ નીકળવા લાગશે અને નવો કફ બનતો અટકશે.

૨) સવાર-સાંજ બે જામફળ ખાવાથી વર્ષો જૂની શરદી પણ મટે છે.

૩) ઉકાળેલું સૂંઠવાળું પાણી પીવું.

૪) ૧-૧- ચમચી આદુંનો રસ અને મધ સવાર-સાંજે લેવું.

૫) આદુંનો અને ફુદીનાનો ૧ કપ ઉકાળો લેવો.

૬) કાળાં મરી અને શેકેલી હળદરનું ૪ ગ્રામ જેટલું ચૂર્ણ ગરમ દૂધ સાથે લેવું.

૭) ફુદીનાના રસના ટીપાં નાકમાં નાખવાથી સળેખમ મટે છે.

૮) ૩-૩ ગ્રામ તુલસી અને આદુનો રસ, ૧ ચમચી મધ સાથે લેવાથી કફ મટે છે.

૯) આદુંનો રસ, લીંબુનો રસ અને સિંધલ મેળવી જમતાં પહેલાં લેવાથી કફ, શ્વાસ અને ઉધરસ મટે છે.

૧૦) મુઠ્ઠી શેકેલા હળદરવાળા ચણા ખાવા.

૧૧) લવિંગના તેલને રૂમાલમાં નાખી સૂંઘવું. ■

feedback@bombaysamachar.com

## ફોકસ પ્લસ

રાજકુમાર 'દિનકર'

# ભારતીય રસોડાના સુગંધિત ધબકાર...

ભારતીય ગૃહિણીના રસોડાની શાન એટલે મસાલા. મસાલા જ ભોજનને આકર્ષક અને સ્વાદિષ્ટ બનાવે છે એટલેજ એમ કહી શકાય કે, ભારતીય રસોઈનું સૌંદર્ય તેના મસાલાઓમાં વસેલું છે. મસાલા માત્ર સ્વાદ જ વધારતા નથી, પણ સ્વાસ્થ્ય માટે અનેક રીતે લાભદાયી પણ છે. આપણા રસોડામાં ૨૦થી વધુ મુખ્ય મસાલા રોજિંદા ઉપયોગમાં લેતા હોઈએ છીએ જેમ કે જીરું, ધાણા, હળદર, લવિંગ, એલચી, તજ, મેથી, મરી, રાય, તલ, કસૂરી મેથી, હીંગ, કોથમીર બીજ, જાયફળ, જાવિત્રી, ગરમ મસાલો, લાલ મરચું, કાળા મરી તથા વિવિધ મિશ્ર મસાલાઓ. દરેક મસાલાની સુગંધ, સ્વાદ અને ગુણધર્મ અલગ હોય છે, જે ખાણીપીણીને વિશેષ બનાવે છે. આ મસાલાઓને ધ્યાન રાખીને સાચવવા પણ પડે છે નહિ તો મસાલા જલદી ખરાબ થઇ જશે. જો યોગ્ય કાળજી ન લેવામાં આવે તો મસાલાની સોડમ અને તાજગી નથી રહેતી. ચાલો જાણીયે મસાલાની કાળજી કઈ રીતે કરી શકાય અને તેના ફાયદા શું છે ?

**મસાલા કેવી રીતે સાચવવા?**

મસાલાનું સાચું ભંડારણ તેના સ્વાદ અને ગુણોને લાંબા સમય સુધી જાળવી રાખે છે.

- હવા ન ઘૂસી શકે તેવા એરટાઇટ ડબ્બામાં મસાલા રાખવા જોઈએ જેથી ભેજ અંદર ન જાય.
- સૂર્યપ્રકાશથી દૂર રાખવાથી તેના રંગ અને સુગંધ બગડતી નથી.

- પાઉડર મસાલા જેમ કે હળદર, લાલ મરચું, ધાણા પાવડર ને ઠંડકવાળી, સુકી જગ્યાએ રાખવા જોઈએ.
- આખા મસાલા (દાલચીની, લવિંગ, મરી વગેરે) પાઉડર કરતાં વધુ સમય ટકે છે, તેથી જરૂર હોય ત્યારે જ પીસવા.
- મસાલાના ડબ્બા વાપરતી વખતે હંમેશાં સૂકી ચમચીનો ઉપયોગ કરવો જોઈએ જેથી ભેજ ન ચડે.
- લાંબા સમય સુધી સ્ટોર કરતા મસાલા સાથે થોડાં મગફળીના દાણા અથવા સાકરનો ટુકડો રાખવાથી ભેજ શોષાઈ જાય છે.
- મસાલાને ફ્રિજમાં ન રાખવા. ફ્રિજમાં રાખવાથી મસાલામાં ભેજ લાગી જાય છે તેથી પાણી પાણી થઇ જાય છે.
- મસાલાને હંમેશાં પીસીને રાખવા એથી તે લાંબા સમય સુધી ટકી રહે છે અને તેમાં જીવાત થતી નથી. મસાલા પીસીને તેમાં લવિંગ નાખી દેવા જેથી તે જળવાઈ રહે.
- ઓરિગેનો, કસૂરી મેથી અને ફુદીનાના પાનને સૂકી જગ્યામાં રાખવા. ભીની જગ્યામાં રાખવાથી તેની ફ્રેશનેસ નહિ જળવાઈ...

**મસાલાના ફાયદા**

મસાલા માત્ર ભોજનનો સ્વાદ વધારતા નથી, પરંતુ સ્વાસ્થ્યને પણ મજબૂત બનાવે છે.

હળદરઃ પ્રાકૃતિક એન્ટી-ઈન્ફલેમેટરી, ચામડી અને રોગપ્રતિકારક શક્તિ માટે ઉત્તમ.

જીરુંઃ પાચનક્રિયા સુધારે, ગેસ અને એસિડિટી ઘટાડે.

મરીઃ શરીરમાં ગરમાશનું સંચન કરે અને ઠંડી-ઉધરસમાં લાભદાયી.

લવિંગઃ દાંતના દુખાવા, ગળાના ઈન્ફેક્શન માટે જૂનું ઘરેલું ઉપચાર.

એલચીઃ મોઢાની દુર્ગંધ દૂર કરે અને પાચન સુધારે.

દાલચીની : શુગર કંટ્રોલમાં મદદરૂપ અને હૃદયના આરોગ્ય માટે સારી.

મેથી : બ્લડ શુગર નિયંત્રણ, પાચનમાં મદદ અને વાળ માટે લાભદાયી.

ભારતીય પરંપરામાં મસાલાઓને માત્ર સ્વાદનું સાધન નહીં, પરંતુ પ્રાકૃતિક ઔષધિ માનવામાં આવે છે. યોગ્ય રીતે સાચવેલા અને યોગ્ય માત્રામાં વપરાયેલા મસાલા આપણા આરોગ્યને સુધારે, રોગપ્રતિકારક શક્તિ વધારે અને દરેક ભોજનને વધુ વિશિષ્ટ બનાવે છે. ■

feedback@bombaysamachar.com

## મોજની ખોજ

સુભાષ ઠાકર

# જે ગમ્યું એ ન મળ્યું તો જે મળ્યું એ તો ગમાડ!

'ચંબુડા, આટલી કડકડતી કાતિલ ઠંડીમાં ઠંડા પાણીથી નહાવા માટે જીગર જોઈએ'

'જીગર નઈ ડોબા, બાથરૂમમાં ગીઝર જોઈએ'

'અરે, જીગર કે ગીઝરને માર ગોળી હાચું તો શિયાળાની ઠંડીમાં તાપણું હૂંફ આપે એમ બીજી બાજુ જો જીવનમાં કોઈ આપણું બની હૂંફ આપે ને પ્રેમથી આપણી લાગણીઓનું જતન કરે તો જિંદગી જીવવામાં ટેસડો પડી જાય... ચંબુ, આજે હું પેટછૂટી નઈ પણ છાતીછૂટી વાત કરું તો અને ભૂતકાળના હૃદયના ઊંડાણનો ઘા બહાર કાઢું તો એક જમાનામાં મારા હૈયામાં પ્રેમની મહેફિલ જામેલી..થોડા વખત તો 'આ નઈ ને આ પણ નઈ' કરતાં કરતાં ઉંમર વધતી ગઈ છેવટે હાથીને મણ ને કીડીને કણ મળે એમ મને પણ કોઈ મળી રહેશે એ આશામાં હૈયામાં રોજ ૭૪૯ રોમેન્ટિક ઊભરા ઉભરાતા... દૂધની જેમ ઉભરાતા ને બેસી જતા. સારા પાત્રની શોધમાં 'આવાઝ દે કહાં હૈ' કરતાં કરતાં આપણે તો હમણાં નીકળી પડીએ પણ લાંબા સમય સુધી કોઈ જરા પણ આવાઝ ન દે તો આપણી દુનિયા જવાંને બદલે વૃદ્ધ થઇ જાય. છેવટે હું મૂંઝાયો. ચંબુ, મને થયું સાલુ આ તો લકઝરીની રાહ જોવામાં સાદી બસ પણ જતી રહેશે ને છેવટે છકડામાં બેસવાનો વારો આવશે કે શું?.'

'પછી શું થયું?' ચંબુએ પૂછ્યું

'થાય શું? અંતે પેલા અર્જુને જેમ ઝાડ પર માત્ર પંખીની આંખ વિંધી હતી એમ મારી નજરે હેમુને વિંધવાનું નક્કી કર્યું. હેમુ મારાથી સ્કૂલમાં એક વરહ પાછળ.'

'હેમુ? એ વળી કોણ?'

'અરે ટોપા, હેમુ એટલે હેમામાલીની... હાચું કઉ તો જેમ ફ્રીઝના આઈસ ક્યુબમાં બરફ ચોટ્યો હોય એમ હેમાનું નામ હૈયામાં ચોટી ગયું. જેમ દૂધમાં મલાઈનું સ્થાન ને શરીરમાં આત્માનું સ્થાન હોય એમ મારા હૃદયમાં હેમુનું નામ ને સ્થાન કોતરાઈ ગયું. ૫૦% તો નક્કી થઇ ગયું મતલબ મારી હા હતી બાકીના ૫૦માં એની હાની રાહ જોવાની..એ માટે મેં ભગવાન-માતાજીને પકડ્યા માતાજીને હાથ જોડી કીધું 'હે...મા, હેમા મારી થશે ને મારા થકી જો એનો ચૂડી ચાંદલો અખંડ રહેશે તો હું તને ચૂડી અને ચાંદલો ચડાવીશ. તારા મંદિરે પાછા પગે ચાલતા આવવાની બાધા રાખીશ, ને તું મંદિરમાંથી બહાર આવીશ તો ઊંચી એડીના ચંપલ અપાવીશ' પછી ઊપડ્યો હનુમાનજી પાસે 'હે બજરંગબલી, યુ નો કે મારું દિલ તાંબા પિત્તળ કે લોખંડનું નથી પણ મેઈડ ઇન ચાઈનાનું છે ગમે ત્યારે બટકાઈ જાય અને તું જાણે છે કે આ જગતમાં એક જ ચીજ એવી છે જે તૂટે તો પણ અવાજ નથી આવતો અને એ છે દિલ, હે હનુમંત તું જો હેમા સાથે મારા દિલનો મેળ કરાવી આપીશ તો બે ડબા તેલના અને બે ડબા સિંદૂરના,ચાર લંગોટનું કાપડ, બજારમાં આઉટ ઓફ સ્ટોક હોવા છતાં સ્પેશ્યલ ઓર્ડરથી બે મોટી ગદા બનાવીને ધરાવીશ' પછી તો વારાફરતી બાધાઓનો ઢગલો કર્યો રામને ધનુષ્ય, કૃષ્ણને સુદર્શનચક્ર, ને શંકરને ત્રિશૂલ ધરાવાની બાધા રાખી, હેમાને મેળવવાની લાલચે બધી લાલચ બધા ભગવાનોને આપી. કોઈ ભગવાનોને લેંઘા- ઝભ્ભા કે પેન્ટ-શર્ટમાં જોયા નથી એટલે એવી લાલચો માથે પડે પછી ભગવાન બગડે ને મારું કામ બગડે.'

'અલ્યા ઠાકર, આટલાં વર્ષોમાં તું તારું એકાઉન્ટ ટેલી ન કરી શક્યો તો ભગવાન કે માતાજી તંબુરામાંથી કરે, એને ઠેકો લીધો છે? જો, ઈશ્વર તો જીવ આપે જીવન તો આપણે બનાવવું પડે, એ તક આપે તકદીર બનાવવું પડે.'

'અરે તકદીરમાં તકલીફ વેઠી પણ હું તો હેમાને મારી થવા સમજાવી દેત પણ ધરમ વચ્ચે આવ્યો.'

'આમાં ધરમ ક્યાંથી આવ્યો?'

'અરે ડોબા, ધરમ એટલે ધર્મેન્દ્ર, મેં એને મોબાઈલમાં ધમકી આપી 'દેખ ધરમા, અગર મેરે ઓર હેમાકે બીચમેં કે આજુબાજુ જરા ભી ફરકા તો તું જિસ કુત્તેકા ખૂન પીનેકી બાત કરતા હૈ ઉસકો હી કાટકે...'

'અરે કોન બહેનજી બોલ રહી હો?' ધર્મેન્દ્ર સામે છેડેથી બોલ્યો

'બાપરે તારી જાતનાં ધરમા હું તને કયા એન્ગલથી બેન લાગ્યો, ખોખારો ખાધો પણ ઠંડીમાં હું ને મારો અવાજ

બન્ને ઠુંઠવાઈ ગયેલા. પછી ધર્મેન્દ્રને રૂબરૂ જોયો. બા.પ..રે ક્યાં ધર્મેન્દ્ર ને હું અમોલ પાલેકર એટલે મેં જ એની

આજુબાજુ ફરકવાનું પણ માંડી વાળ્યું, કારણકે એની શક્તિ કરતાં મારી અશક્તિમાં વધુ વિશ્વાસ હતો મને થયું કે મારો સંઘ કાશીએ નઈ પહોંચે.'

'ચંબુ, આજે હું ગઈ ગુજરી ભૂલી જઈ વર્ષો પછી ધર્મેન્દ્ર પાસે ગયો...'અરે આઓ ઠાકુર આઓ, બોલો કૈસે આના હુઆ?'

'સોરી ધર્મેન્દ્રભાઈ, આપની તબિયત જોવા આવેલો, પ્રભુએ અમારી પ્રાર્થના સાંભળી ને આપ ઉપર જાનેસે બચ

ગયે'

'અગર મૌસી ઓર બસંતી દોનો ખુશ રહેતી હૈ ઈસલીયે મૈંને મરના ભી કેન્સલ કિયા. બોલો'

'પાજી, આજ એક રહસ્યકી બાત બોલુ વો જમાનેમેં મુજે હેમા બહુત ગમતી ને ઉસકો મનસે બહુ પ્રેમ કરતા પણ નસીબમાં નઈ...'

'જો બકા ડોન્ટ ફિલ બેડ પણ આપણે પ્રેમમાં નઈ પડવાનું પ્રેમ આપણામાં પડવો જોઈએ. એક વાત સમજી લે

જીવનમાં જે ગમતું હોય એ ન મળે તો જે મળ્યું એ ગમાડતાં આવડવું જોઈએ.'

'યે બાત સહી હૈ પાજી હેમાભાભીને મુજે મોબાઈલપે બતાયા 'ઠાકર , ધરમ(ધર્મેન્દ્ર)કો સંભાલના વો મેરા પહેલાં

ધરમ હૈ..'

'આજે હું ગઈ ગુજરી ભૂલી ગયો પણ પ્રેમ એટલે પ્રેમ. એટલે મેં હેમાને મળવાનું તો નક્કી કર્યું ને મારા હૃદયમાંથી અવાજ નીકળ્યો 'હેમા,આવું છું ચોક્કસ આવું છું.'

ત્યાં તો મારાવાળીએ ઊંઘમાંથી ઉઠાડ્યો 'ઉઠો હવે માતાજીનું સપનું આવ્યું કે ઊંઘમાં હે..મા હે..મા બબડતા હતા?' મારે હા પાડ્યા વગર છૂટકો ન્હોતો...'

શું કહો છો? ■

## ૨૦૧ રનમાં ઑલ આઉટ ટીમ ઈન્ડિયા સામે બીજી ટેસ્ટમાંય હારનો ખતરો

# ફ્લૅટ પિચ પર ૬ ફૂટ ૮ ઈંચના માર્કો યેનસેને ભારતીય બૅટિંગના છોતરાં કાઢી નાખ્યા

## સાઉથ આફ્રિકાએ ફૉલો-ઑન ન આપ્યોઃ ૩૧૪ રનની લીડ લીધી

ગુવાહાટીઃ ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણીની બીજી ટેસ્ટ ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. દક્ષિણ આફ્રિકાએ ત્રીજા દિવસે પણ મજબૂત પકડ બનાવી લીધી છે. ત્રીજા દિવસના અંતે બીજા દાવમાં દક્ષિણ આફ્રિકાએ એક પણ વિકેટ ગુમાવ્યા વિના ૨૬ રન કર્યા હતા. દક્ષિણ આફ્રિકા પ્રથમ દાવમાં ૪૮૯ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. જવાબમાં ભારતે ફ્લૅટ પિચ પર પ્રથમ દાવમાં ૨૦૧ રનમાં ઑલઆઉટ થયું હતું. જેના કારણે આફ્રિકાને પ્રથમ દાવમાં ૨૮૮ રનની લીડ મળી હતી. જોકે, દક્ષિણ આફ્રિકાએ ફોલો-ઓન ન આપવાનો નિર્ણય લીધો હતો. દક્ષિણ આફ્રિકાની કુલ લીડ હવે ત્રીજા દિવસે ૩૧૪ રન પર પહોંચી ગઈ છે. ૬ ફૂટ ૮ ઇંચના ડાબેરી ઝડપી બૉલર માર્કો યેનસેને ૪૮ રનમાં ૬ વિકેટ લઇને સાવ ફ્લૅટ ટ્રેક પર ભારતીય બૅટિંગને પરાસ્ત કરી હતી.

ત્રીજા દિવસના અંતે રાયન રિકલ્ટન ૧૩ અને માર્કરમ ૧૨ રન પર અણનમ છે. દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા પહેલા દાવમાં ૪૮૯ રન કર્યા હતા જેના જવાબમાં ભારતનો પ્રથમ દાવ ૨૦૧ રનમાં સમેટાઈ ગયો હતો. માર્કો યેનસેને છ વિકેટ લીધી હતી, જ્યારે સાયમન હાર્મરે ત્રણ વિકેટ લીધી હતી. ભારતે સોમવારે નવ રનની લીડ સાથે રમત ફરી શરૂ કરી હતી અને ૧૯૨ રનનો પીછો કરતા તમામ ૧૦ વિકેટ ગુમાવી દીધી હતી. યશસ્વી જયસ્વાલે સૌથી વધુ ૫૮ રન કર્યા હતા, જ્યારે વોશિંગ્ટન સુંદરે ૪૮ રન કર્યા હતા. દક્ષિણ આફ્રિકાએ ફોલો-ઓન ન આપતા ફરીથી બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ દાવમાં ભારતીય ટીમની બેટિંગ અત્યંત નબળી હતી, અને તેઓ ફોલો-ઓન ટાળી પણ શક્યા ન હતા. તેમને ૨૮૯ રન કરવાના હતા, પરંતુ તે કરી શક્યા નહીં. જોકે, દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બવુમાએ ફોલો-ઓન ન આપવાનો નિર્ણય લીધો છે અને તેના બદલે ફરીથી બેટિંગ કરી હતી. આનો અર્થ એ થયો કે ભારતીય ટીમે બે દિવસ બોલિંગ કરી અને અડધા દિવસમાં જ તે પૂર્ણ થઈ ગઈ અને હવે ફરીથી બોલિંગ કરશે. ભારત તરફથી યશસ્વી અને સુંદર સિવાય અન્ય કોઈ બેટ્સમેન સારું પ્રદર્શન કરી શક્યા નહીં.

કેએલ રાહુલ ૨૨, સાઈ સુદર્શન ૧૫, કેપ્ટન રિષભ પંત ૭, રવિન્દ્ર જાડેજા ૬ અને નીતીશ રેડ્ડી ૧૦ રન કરીને આઉટ થયા હતા. ૯૫ રનમાં એક વિકેટ ગુમાવ્યા બાદ ભારતે ૧૨૨ રન સુધી પહોંચતા પહેલા સાત વિકેટ ગુમાવી દીધી હતી. ■

# પંતનો શોર્ટ બરાબર લાગ્યો હોત તો અત્યારે ચિત્ર કાંઈ જુદું હોતઃ યેનસેન

ગુવાહાટીઃ ભારતના કેપ્ટન અને વિકેટકીપર રિષભ પંતની સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલર માર્કો યેનસેન વિરુદ્ધ ખરાબ શોટ સિલેક્શનને લઈને ખૂબ ટીકા થઈ રહી છે, પરંતુ દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલરે પંતને લઈને મહત્ત્વનું નિવેદન આપ્યું છે. યેનસેને કહ્યું હતું કે, જો પંત એ શોટ બરાબર ફટકારી શક્યો હોત તો કદાચ અત્યારે ચિત્ર કાંઈ જુદું જ હોત અને આપણે એની વાત કરતા હોત. ભારત ૪ વિકેટે ૧૦૨ રન પર ખરાબ સ્થિતિમાં હતું ત્યારે પંત માર્કો જેન્સનની ઓવરમાં ખરાબ શોર્ટ ફટકારી આઉટ થયો હતો.

પંતના શોટ સિલેક્શન પર પૂછવામાં આવતા યેનસેને જવાબ આપ્યો હતો કે 'એવું નથી કે વસ્તુઓ હંમેશાં તમારી મરજી પ્રમાણે ચાલશે.' ત્રીજા દિવસની રમત બાદ મીડિયા સાથે વાત કરતા યેનસેને કહ્યું હતું કે તો ઘણીવાર પંત આ બોલને મારા માથાની ઉપરથી ફટકારે છે. જો એમ થયું હોત તો અલગ વાત છે. ભારતીય ટીમની પ્રથમ ઈનિંગની શરૂઆતમાં જ યેનસેનને ખ્યાલ આવી ગયો હતો કે પિચ પર કોઈ મદદ મળી રહી નથી. જેનાથી તેને બાઉન્સર ફેંકવા પડ્યા હતા. જે ત્રીજા દિવસે તેમના માટે સારું કામ કરી ગયા હતા. બીજા દિવસે ૯૧ બોલમાં શાનદાર ૯૩ રન સાથે દક્ષિણ આફ્રિકાને ૫૦૦ (૪૮૯)ની નજીક લઈ ગયા પછી યાન્સને બોલિંગમાં પણ સારું પ્રદર્શન કર્યું હતું. તેણે ભારતની પ્રથમ ઇનિંગમાં ૪૮ રન આપીને છ વિકેટ ઝડપી હતી. યેનસેન કહ્યું હતું કે સાચું કહું તો કોલકાતાની જેમ બોલને મૂવમેન્ટ મળી રહી નહોતી તેથી અમારે એક યોજના બનાવવી પડી. જ્યારે મેં મારી પહેલી વિકેટ (ધ્રુવ જુરેલ) ને બાઉન્સરથી લીધી, ત્યારે અમે કહ્યું કે, ઠીક છે, ચાલો જોઈએ કે આ કેટલો સમય કામ કરશે અને હા, તે બધું યોજના પ્રમાણે થઈ ગયું. તે બેટિંગ કરવા માટે સારી વિકેટ છે. ■



# ગંભીર સામે 'ગંભીર' સવાલ

## ટીમ ઈન્ડિયાના ભયંકર નબળા પ્રદર્શન માટે કૉચ સામે આંગળી ચીંધી રવિ શાસ્ત્રી-સૌરવ ગાંગુલીએ

મુંબઈઃ દક્ષિણ આફ્રિકા સામે કોલકાતા ટેસ્ટમાં હાર બાદ ગુવાહાટી ટેસ્ટમાં પણ ભારતીય ટીમ મુશ્કેલી સ્થિતિમાં છે. પ્રથમ ઇનિંગમાં દક્ષિણ આફ્રિકાના ૪૮૯ રન સામે ભારતીય ક્રિકેટ ટીમ ૨૦૧ રનના સ્કોર પર ઓલ આઉટ થઇ ગઈ. જેને કારણે ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર પર સવાલ ઊભા થયા છે.

૨૦૧૩ થી ૨૦૨૩ વચ્ચેના દસ વર્ષમાં કુલ મળીને ભારતીય ટીમ ઘરઆંગણે ૪ મેચ હારી હતી, ગૌતમ ગંભીરે કોચિંગ સંભાળ્યા બાદ ભારતીય ટીમનો ઘરઆંગણે ચાર ટેસ્ટ મેચ હારી ચુકી છે. ગુવાહાટી ટેસ્ટમાં પણ જીત કે ડ્રોની સંભાવના ખૂબ જ ઓછી છે. ત્યારે ગંભીરના ઘણા નિર્ણયો પર હવે સવાલ ઊઠી રહ્યા છે.

ભારતીય ટીમના ભૂતપૂર્વ કેપ્ટન, કોચ અને કોમેન્ટેટર રવિ શાસ્ત્રી એ કહ્યું કે ટીમ સિલેક્શન અંગે ગંભીરના વિચારો સમજાતા નથી. કોલકાતા ટેસ્ટ માટે ટીમમાં ચાર સ્પિનરોને સ્થાન આપવામાં આવ્યું, પરંતુ એક સ્પિનરે ફક્ત એક જ ઓવર ફેંકી હતી. મને લાગે છે કે તેને બદલે નિષ્ણાત બેટરને સ્થાન આપવું જોઈતું હતું.

ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલી અને અન્ય નિષ્ણાતોએ મોહમ્મદ શમીને ટીમમાં સ્થાન ન આપવા અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા.

રવિ શાસ્ત્રીએ કોમેન્ટ્રી દરમિયાન વોશિંગ્ટન સુંદરની બેટિંગ પોઝિશન પર ખાસ સવાલ ઉઠાવ્યા. શાસ્ત્રીએ કહ્યું, ''છેલ્લી ટેસ્ટમાં વોશિંગ્ટન સુંદરને નંબર ૩ પર મોકલવામાં આવ્યો હતો. આ સમજની બહાર છે.''

સામાન્ય રીતે નંબર ૩ના સ્થાન પર ટીમ તેના સૌથી સારા બેટરને ઉતારે છે. જોકે, ગુવાહાટી ટેસ્ટમાં તેને નંબર ૩ ને બદલે નંબર ૮ પર મોકલવામાં આવ્યો, સાઈ સુદર્શનને ફરીથી નંબર ૩ પર તક આપવામાં આવી.

અહેવાલ મુજબ ગૌતમ ગંભીરે કોલકાતામાં ટર્નિંગ ટ્રેક રાખવા માટે પિચ ક્યુરેટરને આગ્રહ કર્યો હતો, જે દાવ ઉલટો પડ્યો, મેચ ત્રણ દિવસમાં સમાપ્ત થઇ ગઈ. ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળના પ્રમુખ અને ભૂતપૂર્વ કેપ્ટન ગાંગુલીએ ગંભીરના વલણની ખુલ્લેઆમ ટીકા કરી હતી. ■

# માર્કરમ છે જોન્ટી રહોડ્સ નંબર-ટૂ

ગુવાહાટીઃ ક્રિકેટ જગતમાં સાઉથ આફ્રિકાનો જોન્ટી રહોડ્સ ફીલ્ડિંગનો કિંગ ગણાય છે અને આજે તેના જ દેશના એઇડન માર્કરમે તેના જેવો જ એક કેચ ઝીલ્યો હતો.

ગુવાહાટીમાં સિરીઝની બીજી ટેસ્ટના ત્રીજા દિવસે સ્લિપની ફીલ્ડિંગના શહેનશાહ માર્કરમે જમણી દિશામાં થોડું દોડ્યા બાદ ડાઈવ મારીને એક હાથે નીતીશકુમાર રેડ્ડીનો કેચ ઝીલ્યો હતો.

ગઈ કાલે સાઉથ આફ્રિકાના ખેલાડીઓની ફીલ્ડિંગ ખૂબ જ સારી રહી. ભારતે પહેલી તમામ સાત વિકેટ કેચમાં ગુમાવી હતી. ભારતની પહેલી સાતમાંથી નીતીશ સહિતની ચાર વિકેટ પેસ બોલર માર્કો યેનસેને, બે વિકેટ સ્પિનર સાઈમન હાર્મરે અને એક વિકેટ સ્પિનર કેશવ મહારાજે લીધી હતી. ■

# 'દરેક ખેલાડી ચેમ્પિયન...'

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ભારતીય મહિલા બ્લાઇન્ડ ક્રિકેટ ટીમને પ્રથમ ટી-૨૦ વર્લ્ડ કપ જીતવા બદલ અભિનંદન આપતા કહ્યું હતું કે આ વિજય ટીમવર્ક અને દૃઢ સંકલ્પનું એક શાનદાર ઉદાહરણ છે અને દરેક ખેલાડી ચેમ્પિયન છે. ગઈ કાલે બેંગ્લુરુ પહોંચેલી ભારતીય મહિલા બ્લાઇન્ડ ટીમે કેક કાપીને ઉજવણી પણ કરી હતી.

વડા પ્રધાન મોદીએ પોતાના 'એક્સ' પેજ પર લખ્યું હતું કે, પ્રથમ મહિલા બ્લાઇન્ડ ટી૨૦ વર્લ્ડ કપ જીતીને ઇતિહાસ રચવા બદલ ભારતીય મહિલા બ્લાઇન્ડ ક્રિકેટ ટીમને અભિનંદન. દરેક ખેલાડી ચેમ્પિયન છે. ભવિષ્ય માટે ટીમને મારી શુભકામનાઓ. (એજન્સી)■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખેકડો | FARMER |
| ખેંચ | CRAB |
| ખેટક | SORROW |
| ખેદ | HUNTER |
| ખેડૂત | SCARCITY |

### ઓળખાણ પડી?

ભેંસનું દૂધ વધારવા વપરાતી અને ભોંપાથરી તરીકે પણ ઓળખાતી વનસ્પતિની ઓળખાણ પડી? એના પાનની ભાજી બનાવી પણ ખવાય છે.

અ) કંકોલ બ) જવાસો ક) ગળજીભી ડ) સુવા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | રી | ક્ષા | ■ | ૨ અ | ભ્યા | ૩ સ | લ | ૪ ક્ષી | ■ |
| રિ | ■ | ■ | ૫ ય | જ્ઞ | ■ | રો | ■ | ૬ ર | ૭ વા |
| ૮ સ્થિ | ૯ ત | પ્ર | જ્ઞ | ■ | ■ | ૧૦ વ | ર | સા | દ |
| ૧૧ તિ | ર | ■ | ૧૨ શા | ન | ૧૩ દા | ર | ■ | ૧૪ ગ | ળી |
| ■ | ફ | ■ | ળા | ■ | ન | ■ | ■ | ર | ■ |
| ૧૫ ઉ | દા | ૧૬ ર | ■ | ૧૭ આ | વ | ડું | ૧૮ ક | ■ | ૧૯ અ |
| ૨૦ પા | રી | વા | ૨૧ રિ | ક | ■ | ■ | ૨૨ મ | ૨૩ જ | લ |
| ધિ | ■ | ૨૪ લ | હ | રી | ■ | ૨૫ ચ | બ | રા | ક |
| ■ | ૨૬ ગ | ■ | ર્સ | ■ | ૨૭ દ | ર | ખ્ત | ■ | લ |
| ૨૮ અ | બી | હા | લ | ■ | ૨૯ ન | બી | ■ | ૩૦ વા | ટ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | ૮ | | | ૯ | | |
| ૧૦ | | ૧૧ | | | | ૧૨ | | ૧૩ | |
| | | ૧૪ | | ૧૫ | | | | ૧૬ | |
| ૧૭ | ૧૮ | | | | | ૧૯ | ૨૦ | | |
| | ૨૧ | | | ૨૨ | ૨૩ | | | | ૨૪ |
| ૨૫ | ■ | ૨૬ | ૨૭ | ■ | ૨૮ | ૨૯ | | ■ | |
| ૩૦ | ૩૧ | ■ | ૩૨ | | | | ■ | ૩૩ | |
| ૩૪ | | | | ■ | | ■ | ૩૫ | | |
| ૩૬ | | ■ | ૩૭ | | | | | | ■ |

**આડી ચાવી**

૧. કલ્યાણકારી (૫)
૪. રસતરબોળ (૪)
૮. મીઠું તો --- જેવું (૨)
૯. પ્રેમ --- શું જોઇએ? (૩)
૧૦. દીકરો, પુત્ર (૨)
૧૩. ધોખા, ફટકા, વિશ્વાસઘાત (૨)
૧૪. અવ્યવસ્થા, ગરબડ, અંધાધૂંધી (૫)
૧૬. માટી (૨)
૧૭. કબીર કહે --- કો, દો બાતેં સીખ લે (૩)
૧૯. મેં તો --- કોરીને ઘર રે કર્યાં (૩)
૨૧. --- રમવા એટલે દાંડિયારાસ રમવા (૨)
૨૨. આકાશ (૨)
૨૬. પદ્ધતિ (૨)
૨૮. અફઘાની સંગીતવાદ્ય (૩)
૩૦. --- નો માર્યો માણસ કંઇ પણ કરે (૨)
૩૨. ઉમેરણ (૪)
૩૩. સાચા (૨)
૩૪. રોજ નવી ચીજ (૪)
૩૫. --- માટે ક્યારે બોલાવો છો? (૩)
૩૬. દૂધ ઉપર તરે (૨)
૩૭. વેરણછેરણ, છિન્નભિન્ન (૬)

**ઊભી ચાવી**

૧. લગ્નપ્રસંગે ગવાય (૫)
૨. ભૂંસતા પહેલાં --- (૨)
૩. આ દેવને ઘરે બોલાવશો ? (૨)
૫. સર્વ, બધું (૨)
૬. સહાયક (૫)
૭. હુમલો, આક્રમણ (ઊર્દૂ) (૪)
૧૧. ગોળી, જમૈયા (૨)
૧૨. તને વિજેતા બનાવું (૩)
૧૪. બધાથી, અલગ (૪)
૧૫. સગાઇને ઘણા મીઠી --- આપવી પણ કહે (૩)
૧૮. ખરાબ દુઃખના (૨)
૨૦. કેર, દુઃખ, આશ્ચર્ય (૩)
૨૩. ભોળી રે --હરિને વેચવા ચાલી (૫)
૨૪. બૂમાબૂમ (૪)
૨૫. માખણ (૪)
૨૭. છબિ, ચિત્ર (૪)
૨૯. આપો એને (ગુસ્સામાં) (૨)
૩૧. માટે, કાજે (૩)
૩૩. એક ગુજરાતી ફરસાણ (૩)
૩૫. 'જમવું' નું આજ્ઞાર્થ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'મારા દેશના સૂડા સારા' પંક્તિમાં 'સૂડા' શબ્દનો અર્થ જણાવો.

અ) સગડી બ) સોપારી ક) કબૂતર ડ) પોપટ

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ICHTHYOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) વાઘ બ) ઉંદર ક) માછલી ડ) ચામાચીડિયું

### માતૃભાષાની મહેક

એક જ પિતાના બે સંતાન હોય પણ બંને સાથેનો અનુભવ સાવ વિપરીત હોય ત્યારે માણસ માણસમાં ફેર હોય એમ કહેવાય છે. અહીં બંને શબ્દો સરખા છે, પણ પ્રત્યેક માણસ અલગ છે એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે. કોઈ વાર પ્રથમ શબ્દને વિભક્તિ લાગી હોય જ્યારે બીજો શબ્દ મૂળ સ્વરૂપમાં જ હોય, ગામેગામ ફર્યા તો ખબર પડી કે આગતાસ્વાગતા કોને કહેવાય.

### ઈર્શાદ

મોતની સાથે જીવનની અવિરામ લડતને શું કહેવું?
શ્વાસે શ્વાસે ખેલાતા આ પાણીપતને શું કહેવું ?
---- શૂન્ય પાલનપુરી

### માઈન્ડ ગેમ

બાળકો અને મોટેરાઓ હોંશે હોંશે ખાય એ કાળા જાંબુનું સૌથી વધુ ઉત્પાદન દેશના કયા રાજ્યમાં થાય છે એ જણાવો.

અ) પંજાબ બ) છત્તીસગઢ ક) મહારાષ્ટ્ર ડ) કેરળ

### સુડોકુ-૯૧૫૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૨ | ૭ | ૮ | | | | |
| | | ૯ | | | ૫ | | | |
| ૭ | ૮ | | | ૯ | | | | ૫ |
| ૩ | | | | | ૭ | | | ૮ |
| | ૪ | | ૨ | | ૮ | | ૫ | |
| ૧ | | | ૬ | | | | | ૪ |
| ૫ | | | | ૨ | | | ૭ | ૬ |
| | | | ૫ | | | ૮ | | |
| | | | | ૭ | ૯ | ૫ | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૫૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૬ | ૨ | ૫ | ૮ | ૧ | ૭ | ૪ | ૯ |
| ૯ | ૮ | ૪ | ૬ | ૭ | ૩ | ૨ | ૧ | ૫ |
| ૫ | ૧ | ૭ | ૯ | ૪ | ૨ | ૬ | ૮ | ૩ |
| ૧ | ૨ | ૬ | ૮ | ૩ | ૯ | ૪ | ૫ | ૭ |
| ૮ | ૭ | ૩ | ૪ | ૫ | ૬ | ૧ | ૯ | ૨ |
| ૪ | ૯ | ૫ | ૧ | ૨ | ૭ | ૩ | ૬ | ૮ |
| ૭ | ૪ | ૯ | ૩ | ૬ | ૮ | ૫ | ૨ | ૧ |
| ૨ | ૫ | ૮ | ૭ | ૧ | ૪ | ૯ | ૩ | ૬ |
| ૬ | ૩ | ૧ | ૨ | ૯ | ૫ | ૮ | ૭ | ૪ |

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ખુન્નસ | ANIMOSITY |
| ખુમારી | PRIDE |
| ખુફિયા | SECRET |
| ખુવારી | LOSS |
| ખુલાસો | EXPLANATION |

માઈન્ડ ગેમ: મધ્ય પ્રદેશ

ઓળખાણ પડી?: ગોખરુ

ગુજરાત મોરી મોરી રે: હવા

ચતુર આપો જવાબ અર્થ જણાવો: નિકટતા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુભાષ મોમાયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૮) હર્ષા મહેતા (૯) શ્રદ્ધા આશર (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) જયવંત પદમશી ચિખલ (૧૩) પુષ્પા પટેલ (૧૪) લજિતા ખોના (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) મીનળ કાપડિયા (૧૮) મહેશ સંઘવી (૧૯) મહેશ દોશી (૨૦) ભરત કજરિયા (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) મનીષા શેઠ (૨૩) ભાવના કર્વે (૨૪) તાહેર ઔરંગાબાદવાલા (૨૫) શીરીન ઔરંગાબાદવાલા (૨૬) પ્રવીણ વોરા (૨૭) કિરીટી છેડા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) કમલ માતલિયા (૩૦) અરવિંદ કામદાર (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિલાસ અંબાણી (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) વિપીન શાહ (૩૫) નૂતન વિપીન શાહ (૩૬) અંજુ ટોલિયા (૩૭) ડાયના સંતોકે (૩૮) અલકા વાણી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) પુષ્પા ખોના (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૨) રમેશ દલાલ (૪૩) હેમા દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) નિતીન જયંતિલાલ બજરિયા (૪૭) ડો પ્રકાશ કટકિયા (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) ગીતા ઉદેશી (૫૦) પ્રતીમા પસાણી (૫૧) ભીમાણી સંપટ

# પાછોતરા સત્રમાં રોકાણકારોની વેચવાલીનું દબાણ વધતાં સેન્સેક્સ ૩૩૧ પૉઈન્ટ તૂટ્યો, નિફ્ટીએ ૨૬,૦૦૦ની સપાટી ગુમાવી

## વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વધુ ₹ ૪૧૭૧ કરોડની ચોખ્ખી વેચવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે સત્રના અંતિમ સમયગાળામાં સાવચેતીના માનસ વચ્ચે રોકાણકારોની વેચવાલીનું દબાણ વધવાની સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીના દબાણને કારણે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બેન્ચમાર્ક સેન્સેક્સ ૩૩૧.૨૧ પૉઈન્ટ તૂટીને ૮૫,૦૦૦ની અંદર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી ૧૦૮.૬૫ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૬,૦૦૦ની સપાટીની અંદર ઊતરી ગયો હતો. જોકે, સત્ર દરમિયાન સેન્સેક્સમાં ૨૪૧.૫૫ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૭૪.૬૫ પૉઈન્ટનો સુધારો જોવા મળ્યો હતો.

એક્સચેન્જની અધિકૃત આંકડાકીય માહિતી અનુસાર આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૫૪,૫૦૪.૯૫ કરોડની ખરીદી સામે રૂ. ૫૮,૬૭૬.૭૦ કરોડની વેચવાલી રહેતા કુલ રૂ. ૪૧૭૧.૮૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૦,૪૪૫.૪૮ કરોડની ખરીદી સામે રૂ. ૧૫,૯૩૨.૬૧ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૪૫૧૨.૮૭ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી.

એકંદરે આજે સત્ર દરમિયાન બજાર સાંકડી વધઘટે અથડાઈ રહ્યું હતું, પરંતુ છેલ્લાં અડધા કલાક દરમિયાન જ રોકાણકારોની વેચવાલીનું દબાણ વધતાં નોંધપાત્ર ઘટાડા સાથે બજાર બંધ રહ્યા હતા. બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત શુક્રવારના ૮૫,૨૩૧.૯૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫,૩૨૦.૦૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪,૭૧૦.૧૧ અને ઉપરમાં ૮૫,૪૭૩.૪૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૦.૩૯ ટકા અથવા તો ૩૩૧.૨૧ પૉઈન્ટ ઘટીને ૮૪,૯૦૦.૭૧ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્મચાર્ક નિફ્ટી આગલા ૨૬,૦૬૮.૧૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૨૬,૧૨૨.૮૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૫,૯૧૨.૧૫ અને ઉપરમાં ૨૬,૧૪૨.૮૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૦.૪૨ ટકા અથવા તો ૧૦૮.૬૫ પૉઈન્ટ ઘટીને ૨૫,૯૫૯.૫૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

ભારત અને અમેરિકા વચ્ચેની વચગાળાની ટ્રેડ ડીલ વિલંબિત થઈ રહી હોવાથી સત્ર દરમિયાન ધીમા સુધારા સાથે બજાર રેન્જબાઉન્ડ રહ્યા બાદ છેલ્લા અડધા કલાકમાં રોકાણકારોના માસિક ધોરણે થતી એક્સ્પાયરીને ધ્યાનમાં લેતા સાવચેતીના અભિગમમાં વેચવાલીનું દબાણ વધતાં નિફ્ટીએ ૨૬,૦૦૦ની સપાટી ગુમાવી હતી. જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવતાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા આઈટી ક્ષેત્રનાં ચુનંદા શૅરોમાં રોકાણકારોની લેવાલી નીકળતાં બજારને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

આજનાં સત્રમાં મોટા સમયગાળા સુધી બજાર રેન્જબાઉન્ડ રહ્યા બાદ છેલ્લા એક કલાકના સમયગાળામાં ખાસ કરીને ફેડરલની નાણાનીતિ અને ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલની અનિશ્ચિતતા, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી અને વૈશ્વિક બજારનાં મિશ્ર વલણને ધ્યાનમાં લેતા મંથલી એક્સ્પાયરીને પગલે વેચવાલીનું દબાણ વધતાં બજારમાં ૦.૫૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો હોવાનું બજાજ બ્રોકિંગ રિસર્ચે જણાવ્યું હતું.

બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી આજે આઠ શૅર સુધારા સાથે અને બાવીસ શૅરના ભાવ ઘટાડા સાથે બંધ રહ્યા હતા. આજે મુખ્ય ઘટનાર શૅરોમાં ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૨.૯૮ ટકાનો, ટાટા સ્ટીલમાં ૧.૬૧ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૧.૫૯ ટકાનો, અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૧.૧૮ ટકાનો, ટ્રેન્ટમાં ૧.૧૬ ટકાનો અને બજાજ ફિનસર્વમાં ૧.૧૪ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેની સામે ટેક મહિન્દ્રામાં ૨.૪૩ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૦.૪૬ ટકાનો, એચસીએલ ટેક્નોલૉજીસમાં ૦.૩૫ ટકાનો, ઈન્ફોસિસમાં ૦.૩૧ ટકાનો, અદાણી પોર્ટસમાં ૦.૧૮ ટકાનો, એચડીએફસી બૅન્કમાં ૦.૦૯ ટકાનો, સનફાર્મામાં ૦.૦૮ ટકાનો અને કોટક બૅન્કમાં ૦.૦૨ ટકાનો સુધારો આવ્યો હતો.

એક્સચેન્જની માહિતી અનુસાર આજે બીએસઈ ખાતે કુલ ૪૪૪૯ શૅરમાં કામકાજ થયાં હતાં. જેમાં ૧૨૦૮ શૅરના ભાવ વધીને, ૩૦૩૫ શૅરના ભાવ ઘટીને અને ૨૦૬ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૯૩ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૩૫૯ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. તેમ જ ૧૩ શૅરમાં ઉપલી અને ૧૦ શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૮૩ ટકાનો અને મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૨૭ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં સૌથી વધુ ૨.૧૦ ટકાનો ઘટાડો રિઅલ્ટી ઈન્ડેક્સમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૩૪ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૧.૨૪ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૧.૨૧ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૧.૧૯ ટકાનો અને કૉમૉડિટી ઈન્ડેક્સમાં ૧.૧૬ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે તેની સામે માત્ર આઈટી અને બીએસઈ ફોકસ્ડ ઈન્ડેક્સમાં જ સુધારો જોવા મળ્યો હતો.

દરમિયાન આજે એશિયન બજારોમાં શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગનો હૅન્ગસેન્ગ ઈન્ડેક્સ સુધારા સાથે બંધ રહ્યો હતો, જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી ઘટાડા સાથે બંધ રહ્યો હતો. જોકે, આજે જાપાન અને યુરોપના બજાર બંધ રહ્યા હતા. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૯૮ ટકા ઘટીને બેરલદીઠ ૬૧.૯૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ૫૦ પૈસાના બાઉન્સબૅક સાથે ૮૯.૧૬ની સપાટીએ બંધ રહ્યો હોવાના અહેવાલ હતા. ■

# ખાંડમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૮૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. તેમ જ આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં હાજરમાં સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની અને નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

તાજેતરમાં ખાંડના ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાને ધ્યાનમાં લેતા ઔદ્યોગિક વર્તુળો દ્વારા ખાંડનાં લઘુતમ વેચાણ ભાવ જે છેલ્લાં સાત વર્ષથી યથાવત્ રાખવામાં આવ્યા હોવાથી તેમાં વધારો કરવાનો સરકારને અનુરોધ કરવામાં આવ્યો છે અને સરકાર લઘુતમ વેચાણ ભાવ ૨૩ ટકા વધારીને કિલોદીઠ રૂ. ૩૮ નિર્ધારિત કરે તેવી શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે. ■

# તેજસ ક્રેશ થતાં હિન્દુસ્તાન ઍરોનેટિક્સના શૅરમાં આઠ ટકાના કડાકા બાદ ધીમો સુધારો

નવી દિલ્હીઃ દુબઈ ખાતે યોજાયેલા એર શૉમાં ગત શુક્રવારે હિન્દુસ્તાન ઍરોનેટિક્સ લિ. ઉત્પાદિત તેજસ ફાઈટર જેટ પાઈલોટ સાથે ક્રેશ થયાનાં અહેવાલોને ધ્યાનમાં આજે સોમવારે સત્રના આરંભે હિન્દુસ્તાન ઍરોનેટિક્સ લિ. (એચએએલ)ના શૅરના ભાવમાં આઠ ટકા કરતાં વધુ માત્રામાં કડાકો બોલાઈ ગયા બાદ ધીમો સુધારો જોવા મળ્યો હતો.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ ખાતે સત્રના આરંભે એચએએલના શૅરદીઠ ભાવ ૮.૪૮ ટકા ઘટીને ૪૨૦૫.૨૫ સુધી પહોંચ્યા બાદ સત્રના અંતે ૩.૩૧ ટકા ઘટીને રૂ. ૪૪૪૩ના મથાળે બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે એનએસઈ ખાતે ભાવ એક તબક્કે ઘટીને શૅરદીઠ રૂ. ૪૪૦૫ની સપાટી દાખવ્યા બાદ અંતે આગલા બંધ સામે ૩.૨૬ ટકા ઘટીને રૂ. ૪૪૪૫.૧૦ના મથાળે બંધ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે એચએએલએ ગત શુક્રવારે જ દુબઈ એર શૉમાં ભારતીય હવાઈદળના પાઈલોટ નમાંશ સ્યાલની થયેલી જાનહાની બદલ ખેદ વ્યક્ત કર્યો હતો. જોકે આ સાથે જ છેલ્લા ૨૦ મહિનામાં બીજી વખત એચએએલ દ્વારા ઉત્પાદિત થયેલ એરક્રાફ્ટ ક્રેશ થયું છે. અગાઉ રાજસ્થાનના જેસલમેરમાં એરક્રાફ્ટ ક્રેશ થયું હતું, પરંતુ સદ્નસીબે પાઈલોટ સલામત રીતે બહાર નીકળવામાં સફળ રહ્યા હતા, જ્યારે આ વખતે દુર્ભાગ્યે જાનહાની થઈ છે. ■

# WTC મુંબઈ અને AIAI દ્વારા મહારાષ્ટ્રને પસંદગીનું રોકાણ સ્થળ બનાવવા લેન્ડમાર્ક સમિટનું આયોજન

મુંબઇઃ વર્લ્ડ ટ્રેડ સેન્ટર મુંબઈ અને ઓલ-ઇન્ડિયા એસોસિએશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ (AIAI)એ ૨૧ અને ૨૨ નવેમ્બરના રોજ ૧૦મી ગ્લોબલ ઇકોનોમિક સમિટ (GES) અને WTCA એશિયા પેસિફિક કોન્ફરન્સનું આયોજન કર્યું હતું, જ્યાં મંત્રીઓ, નીતિ નિર્માતાઓ, રાજદ્વારી સમુદાય, આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ અને બિઝનેસ એક્ઝિક્યુટિવ્સને આંતરરાષ્ટ્રીય વેપાર અને વ્યૂહાત્મક આર્થિક તકોને વેગ આપવા માટે એક પ્લેટફોર્મ પર ભેગા થયા હતા. "મહારાષ્ટ્ર સરકારે મહારાષ્ટ્રના આર્થિક વિકાસ માટે અને ૨૦૨૭ સુધીમાં એક ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા હાંસલ કરવા માટે, નીતિઓ ઘડવા માટે વિવિધ પહેલો હાથ ધરી છે. આપણા મુખ્યમંત્રીનું વિઝન અર્થતંત્ર, રોજગાર અને નિકાસના વિકાસ સાથે સંકળાયેલા તમામ હિસ્સેદારો સાથે જોડાણ કરવાનું છે", મહારાષ્ટ્ર સરકારના પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને પશુપાલન મંત્રી Ms. પંકજા મુંડેએ ૧૦મી ગ્લોબલ ઇકોનોમિક સમિટ અને WTCA એશિયા પેસિફિક કોન્ફરન્સમાં મહારાષ્ટ્રના ટકાઉ વિકાસ તરફ દોરી જતા ટકાઉપણું, નવીનીકરણીય અને સ્વચ્છ ઊર્જા સંબંધિત નીતિગત પ્રાથમિકતાઓ નક્કી કરવાના રાજ્ય સરકારના વિવિધ પ્રયાસોની યાદી આપતા જણાવ્યું હતું. "મહારાષ્ટ્ર સૌથી વધુ FDI રોકાણ મેળવે છે અને કૃષિ અને કૃષિ ઉત્પાદનો, ઉત્પાદન, એન્જિનિયરિંગ, IT અને ITeS જેવા ક્ષેત્રોમાં મોખરે છે અને હંમેશાં સ્ટાર્ટઅપ્સ, MSMEs અને વિકાસ માટે ક્લસ્ટરોના વિકાસ પર ભાર મૂક્યો છે જેનાથી આર્થિક વિકાસ માટે અનુકૂળ વાતાવરણ સર્જાય છે", એમ શ્રીમતી મુંડેએ જણાવ્યું હતું. મહારાષ્ટ્ર સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રી શ્રી મંગલપ્રભાત લોઢાએ જણાવ્યું હતું કે આપણે આપણી યુવા પ્રતિભાઓને કૌશલ્યપૂર્ણ બનાવીને અને તેમને આર્થિક ઉત્પાદકતા વધારતા વર્કફોર્સ સાથે સંકલિત કરીને સ્વનિર્ભરતા પ્રાપ્ત કરી શકીએ છીએ. ■

# વૈશ્વિક સોના-ચાંદીમાં ધીમો સુધારોઃ સ્થાનિક ચાંદી ₹ ૨૫૨૧ ઉછળી, સોનામાં ₹ ૧૬૨નો ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલા મજબૂત વલણને છતાં અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવ સાંકડી વધઘટે અથડાઈને સાધારણ સુધારાતરફી રહ્યા હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક બજારને અનુસરતા સ્થાનિક ઝવેરી બજારમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૫૨૧નો ઉછાળો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૫૦ પૈસાનું બાઉન્સબૅક જોવા મળ્યું હોવાથી સોનાની આયાત પડતર ઘટવાને કારણે ભાવમાં સાધારણ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૧થી ૧૬૨નો ધીમો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૫૨૧ વધીને રૂ. ૧,૫૩,૬૫૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે જ્વેલરી ઉત્પાદકોની માગ શુષ્ક રહી હતી. વધુમાં આજે સોનામાં પણ સ્ટૉકિસ્ટો અને રોકાણકારોનો નવી લેવાલીનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની મર્યાદિત માગ વચ્ચે વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૧ વધીને રૂ. ૧,૨૨,૮૧૪ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૬૨ વધીને રૂ. ૧,૨૩,૩૦૮ના મથાળે રહ્યા હતા.

ગત શુક્રવારે વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સ વધીને છ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ આજે સાધારણ ઘટાડો આવ્યો હોવા છતાં પડતરો વધવાને કારણે લંડન ખાતે સત્રના આરંભે સોના-ચાંદીના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયા હતા અને હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૪૦૬૯.૧૦ ડૉલર આસપાસ અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૩ ટકા ઘટીને ૪૦૬૫.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૫૦.૦૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ગત શુક્રવારે ન્યૂયોર્ક ફેડના પ્રમુખ જ્હોન વિલિયમ્સે આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કપાતનો અવકાશ હોવાના સંકેત આપ્યા હોવાથી રોકાણકારો પરિસ્થિતિની આકારણી કરી રહ્યા હોવાથી આજે સોનાના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયા હોવાનું સાક્સો બૅન્કના કૉમૉડિટી હેડ ઓલે હાસને જણાવતા ઉમેર્યું હતું કે તેમની ટીપ્પણીને ધ્યાનમાં લેતા આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી બેઠકમાં વ્યાજદરમાં કપાતની ૭૫ ટકા શક્યતા જોઈ રહ્યા છે. ■

# ક્રૂડતેલના ભાવ ઘટતાં આયાતકારોની અને બૅન્કોની ડૉલરમાં વેચવાલી નીકળતાં રૂપિયામાં ૫૦ પૈસાનું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવઘટાડાનું વલણ જળવાઈ રહેવાની સાથે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલરમાં આયાતકારોની અને બૅન્કોની વેચવાલીનું પ્રબળ દબાણ રહેતાં ડૉલર સામે રૂપિયો ૫૦ પૈસાના બાઉન્સબૅક સાથે ૮૯.૧૬ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૧૦૦ની ઉપરની સપાટીએ જળવાઈ રહ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારની ઐતિહાસિક નીચી ૮૯.૬૬ની સપાટી સામે મજબૂત અન્ડરટોને ૮૯.૪૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૯.૫૦ અને ઉપરમાં ૮૯.૦૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૫૦ પૈસાના સુધારા સાથે ૮૯.૧૬ની સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં ગત ૨૪મી ફેબ્રુઆરી પછીનો સૌથી મોટો ૯૮ પૈસાનો કડાકો બોલાયો હતો.

ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સ એલએલપીનાં ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનિલ કુમાર ભણસાળીએ જણાવ્યું હતું કે આજે નોન ડિલિવરેબલ ફોરવર્ડ માર્કેટમાં રિઝર્વ બૅન્કે વેચાણ કરીને ડૉલરના ભાવ ૮૯.૧૫ના મથાળે ખોલ્યા હતા અને દિવસ દરમિયાન ૮૯થી ૮૯.૩૦ની રેન્જમાં રાખ્યા હોવાથી રિઝર્વ બૅન્કના વેચાણને ધ્યાનમાં લેતા બજારમાં સાવચેતીનું વલણ રહ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૨ ટકા ઘટીને ૧૦૦.૧૫ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૭૮ ટકા ઘટીને બેરલદીઠ ૬૨.૦૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. તેમ છતાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૩૧.૨૧ પૉઈન્ટનો અને ૧૦૮.૬૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૭૬૬.૦૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

**પશ્ચિમ રેલવે**

**OHE વર્ક**

Sr. DEE/TRD/NS/BCT, મુંબઈ સેન્ટ્રલ, ઈ-ટેન્ડર નોટિસ નં.: EL-TRD-W-૧૧૮-૨૫-૨૬-૧૧-R, તારીખ ૨૦.૧૧.૨૦૨૫ મંગાવે છે. કામનું નામઃ મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત & ઉધના-જલગાંવ સેક્શન હેઠળ યાર્ડસના સુધારણા અને અપગ્રેડેશનના સંબંધમાં OHE બોન્ડિંગ વર્ક. જાહેરાત મૂલ્યઃ ₹ ૫૦,૬૪,૯૪૧.૩૬. બારડીઃ ₹ ૧,૦૧,૩૦૦/-. સુપ્રતિની તારીખ & સમયઃ ૧૬.૧૨.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમયઃ ૧૬.૧૨.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0822

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**ઈલેક્ટ્રિકલ વર્ક**

Sr. DEE/P/BCT, પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮. ટેન્ડર નોટીસ નં.: EL- ૮૧-૯૩૦-WA-૫૫, તા. ૧૯-૧૧-૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળઃ મુંબઈ ડિવિઝન - મેઈન કેબલની બદલી અને ઈલેક્ટ્રિકલ રિવાઈરિંગ, મીટર રૂમ વાયરીંગ દ્વારા ૧૩૦૦ રેલવે ક્વાર્ટર્સમાં સેફ્ટીમાં સુધારણા. કામની અંદાજિત કિંમતઃ ₹ ૩,૮૬,૨૩,૩૮૭/-. બારડીઃ ₹ ૩,૪૩,૧૦૦/-. સુપ્રતિની તારીખ & સમયઃ ૧૯.૧૨.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમયઃ ૧૯.૧૨.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0817

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન**

W/ ૬૨૩/૫/૧/NIT **"ઈ-ટેન્ડરીંગ નોટીસ"** તારીખઃ ૨૨.૧૧.૨૦૨૫

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી *ઓપન ટેન્ડર* વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા મંગાવે છે. વિગતો નીચે મુજબ છે.

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય રૂ. | રૂ.માં બાના રકમ |
| --- | --- | --- | --- |
| ૧. | RTM - ૨૦૨૫-૨૬-૧૩૬ ઉજ્જૈન - ક્રાઉડ હોલ્ડિંગ બિલ્ડિંગ (G+2) PF ૦૮ નજીક, ભોપાલના છેડે જોગવાઈ, પેસેન્જર્સ/ ડ્યુટી સ્ટાફ બિલ્ડિંગ નં. ૦૧ (સિંહસ્થ ૨૦૨૮) (કમ્પોઝિટ-સિવિલ + ઈલેક્ટ્રિકલ) નો સમાવેશ. ઉજ્જૈન - ક્રાઉડ હોલ્ડિંગ બિલ્ડિંગ (G+2) PF ૦૮ નજીક, ભોપાલના છેડે જોગવાઈ, પેસેન્જર્સ/ ડ્યૂટી સ્ટાફ બિલ્ડિંગ નં. ૦૨ (સિંહસ્થ ૨૦૨૮) (કમ્પોઝિટ-સિવિલ+ઈલેક્ટ્રિકલ)નો સમાવેશ. ઉજ્જૈન - ક્રાઉડ હોલ્ડિંગ બિલ્ડિંગ (G+2) PF ૦૮ નજીક, FOB નજીક નાગદાના છેડે જોગવાઈ પેસેન્જર્સ/ ડ્યૂટી સ્ટાફ બિલ્ડિંગ નં. ૦૩ (સિંહસ્થ ૨૦૨૮) (કમ્પોઝિટ - સિવિલ + ઈલેક્ટ્રિકલ)નો સમાવેશ. ઉજ્જૈન - ક્રાઉડ હોલ્ડિંગ બિલ્ડિંગ (G+2) PF ૦૧ નજીક, રૂમ નજીક રનિંગની જોગવાઈ, પેસેન્જર્સ/ ડ્યૂટી સ્ટાફ બિલ્ડિંગ નં. ૦૪ (સિંહસ્થ ૨૦૨૮) (કમ્પોઝિટ - સિવિલ+ ઈલેક્ટ્રિકલ)નો સમાવેશ. | ₹ ૭૧,૨૩,૪૭,૫૩૦.૮૦ | ₹ ૩૭,૧૧,૭૦૦.૦૦ |

અંદાજિત જથ્થોઃ- ટેન્ડર શેડ્યૂલ મુજબ, પૂર્ણતાનો સમયગાળોઃ ૧૮ મહિના, કામનો સમાન પ્રકારઃ- ટેન્ડર શેડ્યૂલમાં સમાવિષ્ટ સ્પેશિઅલ ટેક્નિકલ માપદંડો મુજબો, વેબસાઈટ પર અપલોડિંગની તારીખઃ ૨૨.૧૧.૨૦૨૫, ટેન્ડર ખોલવાની તારીખઃ ૧૮.૧૨.૨૦૨૫, પ્રી-બીડ કોન્ફરન્સ તારીખઃ ૦૧.૧૨.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in ખાતે ઉપલબ્ધ છે.

5/1/340 ડિવિઝનલ રેલવે મેનેજર (W/A), રતલામ

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

હાયડ્રોલીક એન્જીનીયરનો વિભાગ (O.C. ડિવિઝન)

નં. DyHE (M&E) MIIIA/ ૨૯૪૧/PP તા. ૨૪.૧૧.૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે આપેલા કામ માટે ત્રણ પેકેટ સિસ્ટમમાં આઈટેમ રેટ ધોરણે લાઈનમાં વ્યવહાર કરતી પેઢીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| | |
| --- | --- |
| વિભાગ | હાયડ્રોલીક એન્જીનીયર |
| સેક્શન | ડે. હાયડ્રોલીક એન્જીનીયર (M&E) M-3 A પીસે-પાંજરાપુર |
| મહાટેન્ડર બીડ નંબર | ૧) ૨૦૨૫_MCGM_૧૧૯૩૮૪૫ |
| કામનું નામ | ૧) ફીલ્ટર પ્લાન્ટ મુંબઈ-IIIA, પાંજરાપુર ખાતે બેડની બધી ૧૮ નં.ના ફીલ્ટર નોઝલ્સની ડીઝાઈન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમીશનીંગ |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |

ટેન્ડર દસ્તાવેજ https://mahatenders.gov.in અને BMC વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
(A. S. ભોઈર)
ડે. હાઈડ્રોલિક એન્જીનીયર (M&E)
M-3 A, પીસે પાંજરાપુર

PRO/2365/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

| | |
| --- | --- |
| ટેન્ડર દસ્તાવેજ નં. | બીડ નં. ૨૦૨૫_MCGM_૧૨૫૧૦૭૩_૧ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | માસિક રોયલ્ટી ધોરણે નિર્દિષ્ટ દર યાદી અને ૧૧ મહિનાની રજા અને લાયસન્સ ધોરણે ગ્રુપ ઓફ TB હોસ્પિટલ્સ, જેરીબાઈ વાડિયા રોડ, શીવરી, મુંબઈ-૧૫ ખાતે સ્ટાફ કેન્ટીન ચલાવવી. |
| ટેન્ડરની કિંમત | ૩૬૩/- (૧૮.૦% GST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદા. કિંમત) | ઓક્શન ટેન્ડર |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/બારડી | રૂ. ૧૦,૦૦૦.૦૦ |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૨૫.૧૧.૨૦૨૫ના ૧૧.૦૦ ક.થી |
| ટેન્ડરની વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય & બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ | ૦૨.૧૨.૨૦૨૫ના ૧૬:૦૦ કલાક સુધી |
| પ્રી-બીડ સભા, સમય & સ્થળ | NA |
| પેકેટ A & B ખૂલશે | ૧૧.૧૨.૨૦૨૫ના ૧૪.૨૦ ક. પછી |
| સંચાર માટેનું સરનામું | મેડિકલ અધિક્ષક, GTB હૉસ્પિટલ, જેરીબાઈ વાડીયા રોડ, શીવરી, મુંબઈ - ૪૦૦૦૧૫ની ઓફિસ. |
| બીડ ખોલવા માટેનું સ્થળ | મેડિકલ અધિક્ષકની ઓફિસમાં ઓનલાઈન. |

સહી/-
મેડિકલ અધિક્ષક, GTBH

PRO/2361/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

ચૂંટણી વિભાગ

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
| --- | --- |
| વિભાગ | એસેસમેન્ટ & કલેક્શન |
| સેક્શન | ચૂંટણી વિભાગ |
| ટેન્ડરની કુલ કિંમત | રૂા. ૩,૯૧,૮૩૮/- |
| સ્ક્રુટીની ફી | રૂા. ૭૨૬/- (+ ૧૮% GST) એટલે કે રૂા. ૮૫૭/- |
| બાના રકમ ડીપોઝીટ (બારડી) | રૂા. ૭,૮૪૦/- |
| ઈ-ટેન્ડર નં. | ૨૦૨૫_MCGM_૧૨૫૧૦૨૯_૧ |
| વિષય | BMC જનરલ ઈલેકશન - ૨૦૨૫ના ઈલેકશન વિભાગ ખાતે એક મહિના માટે ભાડાના ધોરણે વૂડન ઓફિસ ટેબલ (૪ x ૨) અને પ્લાસ્ટીક ચેરની જોગવાઈ. |
| ટેન્ડર ફોર્મની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | તા. ૨૫/૧૧/૨૦૨૫ના સ. ૧૧.૦૦ ક.થી<br>તા. ૧/૧૨/૨૦૨૫ના સ. ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ એ, બી & સી ની સુપ્રતિ (ઓનલાઈન) | તા. ૧/૧૨/૨૦૨૫ના સ. ૧૬.૦૦ ક. |
| પેકેટ 'એ' ખૂલશે | તા. ૩/૧૨/૨૦૨૫ના સ. ૧૧.૦૦ ક. પછી |
| પેકેટ 'બી' ખૂલશે | તા. ૩/૧૨/૨૦૨૫ના સ. ૧૧.૦૫ ક. પછી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | એડમીનીસ્ટ્રેટીવ અધિકારી (એક્ષ્પે.) |
| એ) નામ | શ્રી સોમનાથ સોનટકલે |
| બી) ટેલિફોન (ઓફિસ) | ૦૨૨-૨૩૦૦૫૬૮૪ |
| સી) મોબાઈલ નં. | ૯૮૩૩૦૨૨૬૬૯ |
| ડી) ઈ-મેલ સરનામું | aetdo.election@mcgm.gov.in |
| ઓફિસ સરનામું | ડે. એસેસર & કલેક્ટર (ચૂંટણી)ની ઓફિસ, ભોંયતળિયે, જુના બીલ્ડીંગ, BMC હેડ ઓફિસ, મુંબઈ - ૪૦૦ ૦૦૧. |

સહી/-
ડે. એસેસર & કલેક્ટર (ચૂંટણી)

PRO/2368/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**હિતની અભિવ્યક્તિ**

વિષયઃ- M/પૂર્વ ડિવિઝનમાં MMRDA કોલોનીમાં અને અન્ય અધિકારીઓ દ્વારા બાંધવામાં આવેલી બિલ્ડિંગના પ્રિમાઈસીસમાં હાઉસ ગલ્લીઓની સફાઈ માટે નવી હાઉસ ગલ્લી સ્કીમને શરૂ કરવા અંગે.

'M/પૂર્વ વોર્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ'માં સ્વચ્છતા કાર્ય માટે હાઉસ ગલ્લી યોજનાને અમલમાં મૂકવા માટે, રસ ધરાવતી સ્થાનિક રજીસ્ટર લેબર કોપરેટિવ સોસાયટીઝ, સર્વિસ કોપરેટિવ સોસાયટીઝ, બેરોજગાર સેવા સરકારી સોસાયટીઝ, બિન સરકારી સંસ્થાઓ 'M/પૂર્વ' વોર્ડ ઓફિસના અધિકારક્ષેત્રમાં નોંધાયેલા મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે નોંધાયેલા છે. મહિલા સ્વ-સહાય જૂથો વગેરે સંસ્થા દ્વારા કામદારોની સપ્લાય માટે સંસ્થાની પસંદગી, પાત્રતા યાદી તૈયાર કરવા અને લોટરી દ્વારા પસંદગી માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્ર.નં. | યોજનાનું નામ | સંસ્થાના નં. |
| --- | --- | --- |
| ૧. | હાઉસ ગલ્લી યોજના | ૪ |

તારીખ ૨૫.૧૧.૨૦૨૫ થી તારીખ ૦૨.૧૨.૨૦૨૫ના સવારે ૧૦.૩૦ થી બપોરે ૦૧.૦૦ કલાક સુધીની મુદત દરમિયાન કોઈપણ પૂર્વ નોટીસ વિના ડિવિઝનલ ઓફિસની જરૂરીયાત મુજબ વિષયના કાર્ય માટે પસંદ કરવામાં આવનાર સંસ્થાઓની સંખ્યા તેમજ સંસ્થાના એકમોની સંખ્યામાં ફેરફાર કરવાનો અધિકાર મહાનગરપાલિકા પાસે છે. સંસ્થા દ્વારા ચલણની માંગણી માટે અલગ અરજી સુપ્રત કર્યા પછી જ ચલણ જારી કરવામાં આવશે. ચલણ ઈશ્યુ કરવાની છેલ્લી તારીખ તા. ૦૨.૧૨.૨૦૨૫ બપોરે ૦૧.૦૦ કલાક સુધી. M પૂર્વ ડિવિઝન ઓફિસમાં આસીસ્ટન્ટ એન્જિનિયર (સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ)ને અરજીની નકલ રૂ. ૩૬૩૦/- + ૧૮% GST રોકડમાં અથવા રાષ્ટ્રીયકૃત બૅંક D.D. માં અરજી મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ ગ્રેટર મુંબઈ (નોન-રિફંડપાત્ર)ના નામે નાગરિક સુવિધા કેન્દ્ર (C.F.C) ખાતે જમા કરાવ્યા પછી આ ઓફિસમાંથી જારી કરવામાં આવશે. પાત્રતા સંસ્થાઓની યાદી અને ડ્રોની તારીખ M/પૂર્વ ડિવિઝન ઓફિસ ખાતેના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવશે. લાયક સંસ્થાઓની યાદીમાંથી સફળ સંસ્થાઓને કામની ફાળવણી યોજનાના નિયમો અને શરતો અનુસાર સંબંધિત વિભાગના આસીસ્ટન્ટ કમિશનર દ્વારા કરવામાં આવશે. દરેક નોકરી માટે અલગ અરજી અને અલગ રકમની ચુકવણી જરૂરી છે.

રસ ધરાવતી સંસ્થાઓએ વધુ વિગતો, અરજી ફોર્મ અને એફિડેવિટના નમૂના માટે 'M/પૂર્વ' વોર્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ઓફિસનો સંપર્ક કરવો જોઈએ. M/પૂર્વ વોર્ડ ઓફિસમાં સંસ્થામાંથી અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ ૦૩.૧૨.૨૦૨૫ બ. ૦૧.૦૦ કલાક સુધી છે.

ઉલ્લેખિત ઓફિસ સમય પછી સુપ્રત કરેલી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સહી/-
આસી.એન્જિ.(SWM)M/પૂર્વ

PRO/2354/ADV./2025-26

વૃક્ષ વાવો, વૃક્ષ બચાવો.

# અકસ્માત કે આતંકવાદ?

## મહારાષ્ટ્ર પોલીસ છેલ્લાં ત્રણ વર્ષમાં લાગેલી ભીષણ આગ, સિલિન્ડર-કેમિકલ બ્લાસ્ટ જેવા બધા બનાવોની ફેરતપાસ કરશે

મુંબઈઃ દેશની રાજધાની દિલ્હીમાં કારમાં થયેલા બ્લાસ્ટને પગલે મહારાષ્ટ્રની પોલીસ દ્વારા રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષમાં લાગેલી ભીષણ આગ, વિસ્ફોટ, કેમિકલ તેમ જ સિલિન્ડર બ્લાસ્ટ (જેમાં મોટા પ્રમાણમાં જાનહાનિ નોંધાઇ હોય)ની ફેરતપાસનો નિર્ણય લેવામાં આવ્યો છે, એમ વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

આ ઘટનાઓને દુર્ઘટના તરીકે માનવામાં આવી હતી, પરંતુ તેની પાછળ રાષ્ટ્રવિરોધી કે આતંકવાદી તત્ત્વો સંડોવાયેલા છે કે કેમ તેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવશે.

મહારાષ્ટ્ર પોલીસે દિલ્હીમાં લાલ કિલ્લા નજીક પંદર જણનો ભોગ લેનારા કાર બ્લાસ્ટને ધ્યાનમાં લેતાં પ્રતિબંધાત્મક પગલાં તરીકે શહેરોના પોલીસ કમિશનરો તથા પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સહિત તમામ યુનિટ્સના ઇન્ચાર્જ અધિકારીઓને આ સૂચના જારી કરી છે.

તેમને છેલ્લાં ત્રણ વર્ષમાં અનેકનો ભોગ લેવાયો હોય તેની ભીષણ આગની ઘટનાઓ, વિસ્ફોટ, રસાયણ તથા સિલિન્ડર બ્લાસ્ટની ફેરતપાસ કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યા છે.

લાલ કિલ્લા નજીક ૧૦ નવેમ્બરે કારમાં થયેલો બ્લાસ્ટ અને શ્રીનગર પોલીસ દ્વારા વાઇટ કૉલર મોડ્યુલનો પર્દાફાશ કર્યા બાદ સુરક્ષા એજન્સીએ હાઇ એલર્ટ પર છે.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ દ્વારા યુવાનોને ઓનલાઇન (જુઓ પાનું ૪) ▶▶

## ઘાટકોપરમાં આગઃ છ ઘવાયાં

મુંબઈઃ ઘાટકોપર પૂર્વ સ્થિત પંતનગરની ચાલમાં ભીષણ આગમાં છ લોકો ઘવાયા હતા. આ આગમાં ચાર બાળક સહિત છ લોકો ઘવાયા હોવાનું ફાયર બ્રિગેડે જણાવ્યું હતું. સોમવારે બપોરના ૧૨.૪૯ વાગ્યાના સુમારે મુંબઈ ફાયર બ્રિગેડને કોલ આવ્યો હતો. ઘાટકોપર પૂર્વના પંતનગરના સાઈનગર ખાતેની ચાલના મકાનમાં આગ લાગી હતી. ગ્રાઉન્ડ પ્લસ વન સ્ટ્રક્ચરના પહેલા માળે દસ બાય દસ ફૂટના રૂમમાં આગ લાગી હતી. આગ લાગ્યા પછી ફાયર બ્રિગેડના જવાનોએ તાત્કાલિક આગને નિયંત્રણમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ આગમાં છ જણને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તની ઓળખ પ્રતીક કુમાર મુખિયા (૧૦), ગૌરી મુખિયા (૧૦), પૂજા મુખિયા વગેરે દસથી ૧૨ ટકા દાઝ્યા હતા. ઉપરાંત, પ્રશાંત વિશ્વકર્મા સામાન્ય દાઝ્યો હતો. જોકે, અન્ય બે જણ વધુ દાઝ્યા છે, જેની ઓળખ દલિત દેવી મુખિયા (૪૦), નાગેશ્વર મુખિયા (૪૫) કરી છે. ■

### પત્નીને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો આરોપ

# પંકજા મુંડેના પર્સનલ આસિસ્ટન્ટ અનંત ગર્જેની ધરપકડ

મુંબઈઃ રાજ્યના પર્યાવરણ પ્રધાન અને ભાજપના નેતા પંકજા મુંડેના પર્સનલ આસિસ્ટન્ટ અનંત ભગવાન ગર્જે વિરુદ્ધ પત્ની ગૌરી પાલવેને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા બદલ ગુનો દાખલ કરાયા બાદ વરલી પોલીસે ગર્જેની ધરપકડ કરી હતી. પાલિકા સંચાલિત કેઇએમ હૉસ્પિટલના ડેન્ટલ વિભાગમાં ડૉક્ટર તરીકે કામ કરનારી ગૌરી પાલવે (૨૮) શનિવારે સાંજના વરલી વિસ્તારમાં આવેલા તેના નિવાસસ્થાને ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. ગૌરીના પિતા અશોક પાલવેએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે અનંત ગર્જે, તેના ભાઇ અજય બહેન શીતલ સામે ગુનો દાખલ કર્યો હતો. પોલીસે ગર્જેનું નિવેદન નોંધ્યું હતું, જેમાં ગર્જેએ જણાવ્યું હતું કે તે ૩૧મા માળના રેફ્યુજી એરિયામાંથી ૩૦મા માળે બારી સુધી નીચે ગયો હતો અને ત્યાંથી તેની પત્નીને ગળાફાંસો ખાધેલી હાલતમાં જોઇ હતી. ગર્જેના નિવેદન બાદ પોલીસે ઘટનાસ્થળની ચકાસણી કરવાનું જરૂરી માન્યું હતું. ઘરની રચનાથી લઇને રેફ્યુજી એરિયા સુધી, દરેક બાબતની સંપૂર્ણ તપાસ કરવામાં આવી છે, કારણ પતિની હાજરી અને ઘટનાસ્થળની સ્થિતિ અંગે ઘણા પ્રશ્નો અનુત્તરિત રહ્યા છે. સાયન હૉસ્પિટલના ભૂતપૂર્વ ડીન અને ફોરેન્સિક નિષ્ણાત ડૉ. રાજેશ ઢેરેની ટીમ સોમવારે વરલીના નિવાસસ્થાને ગઇ હતી અને દરેક ભાગની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. ■

## બપોરે ડાન્સની પ્રેક્ટિસ કરી, સાંજે જીવનનો અંત આણ્યો

મુંબઈઃ ડૉ. ગૌરી પાલવે રોજ મુજબ શનિવારે ફરજ પર હાજર થઇ હતી અને બપોરે તેણે સહકર્મીનાં લગ્ન નિમિત્તેના ખાસ કાર્યક્રમ માટે થોડા સમય સુધી ડાન્સની પ્રેક્ટિસ કરી હતી. ત્યાર બાદ ઘરે ગયેલી ગૌરીએ જીવનનો અંત આણ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

ગૌરીએ બીડની આદિત્ય ડેન્ટલ કોલેજમાં બીડીએસ કર્યું હતું. બાદમાં દક્ષિણ મુંબઈની હોસ્પિટલમાં ડેન્ટલ આસિસ્ટન્ટ અને આગળ સાયનની લોકમાન્ય ટિળક હોસ્પિટલમાં ડેન્ટલ સર્જ્યન તરીકે કામ કર્યું હતું. હાલ તે કેઇએમ હોસ્પિટલના ડેન્ટલ વિભાગમાં કામ કરતી હતી.

અનંત ગર્જેએ શનિવારે કૉલ કરીને જણાવ્યું હતું કે ગૌરી આત્મહત્યા કરવા જઇ રહી છે, તેને સમજાવો. જોકે થોડા સમય બાદ તેણે ફરી કૉલ કરીને કહ્યું હતું કે ગૌરી મૃત્યુ પામી હોવાની જાણ કરી હતી, એમ ગૌરીના પિતાએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું. ■

## ૨૭ નવેમ્બર સુધીની પોલીસ કસ્ટડી

મુંબઈઃ ડોક્ટર પત્ની ગૌરી પાલવેને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા બદલ ધરપકડ કરાયેલા અનંત ગર્જેને સોમવારે સ્થાનિક કોર્ટે ૨૭ નવેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

ગર્જેને મેજિસ્ટ્રેટ કોર્ટમાં હાજર કરવામાં આવ્યા બાદ પોલીસે તેની કસ્ટડીની માગણી કરતાં કહ્યું હતું કે તેઓ પોસ્ટમોર્ટમના રિપોર્ટની રાહ જોઇ રહ્યા છે.

તપાસકર્તા પક્ષે કોર્ટને જણાવ્યું હતું કે આ કેસના અન્ય આરોપી હજી ફરાર છે. બીજી તરફ ગર્જેના વકીલ મંગેશ દેશમુખે કહ્યું હતું કે તેના અસીલે સ્વેચ્છાએ પોલીસ સ્ટેશનમાં હાજરી આપી હતી અને તે તપાસમાં સંપૂર્ણ સહકાર આપી રહ્યો છે.

દેશમુખે દલીલ કરી હતી કે તેના અસીલ પાસેથી કંઇ પણ જપ્ત કરવામાં આવ્યું નથી અને ઓછામાં ઓછી કસ્ટડી માટે વિનંતી કરી હતી દરમિયાન બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે ગર્જેને ૨૭ નવેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. ■

# રાજ્યની વિવિધ પાલિકા ચૂંટણીમાં ભાજપ યંગસ્ટર્સને મોકો આપશે

## ૪૦ ટકા ઉમેદવારો ૩૫ વર્ષથી ઓછી ઉંમરના હશે

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સોમવારે જણાવ્યું હતું કે રાજ્યની આગામી વિવિધ પાલિકા ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષ ૩૫ વર્ષથી નાની ઉંમરનાને ઉમેદવારીને આપવા ૪૦ ટકા બેઠકો અનામત રાખશે. ૨૦૨૨થી ચૂંટણી ન થઈ હોવાથી મુંબઈ સહિત રાજ્યની અનેક નગરપાલિકાઓની ચૂંટણી આવતા વર્ષે ૩૧ જાન્યુઆરી પહેલા પૂર્ણ કરવાની છે. મુંબઈમાં એક કાર્યક્રમમાં યુવા વર્ગ સાથે વાતચીતમાં ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે 'હું તમને ખાતરી સાથે કહી શકું છું કે ભાજપ તરફથી નગરપાલિકાની ચૂંટણી લડનારા ૪૦ ટકા ઉમેદવાર ૩૫ વર્ષથી નાના હશે. મોદી સરકારની કામગીરીને બિરદાવતા મુખ્ય પ્રધાને ભારતના વિકાસ દર વિશે જણાવ્યું હતું કે 'જો આખી સિસ્ટમ ખરાબ હોત તો આપણઆ દેશન્ઓ આટલી ઝડપથી વિકાસ ન થયો હોત. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૧૧ વર્ષના કાર્યકાળમાં ભ્રષ્ટાચારનો એક પણ આરોપ નથી થયો.' ■

આપનો મત QR થી ... જાXખ

અમેરિકા ગ્રુપ ટુરો માં સાથે "ઓર્લેન્ડો" લેવાય: હા કે ના ?

એપ્રિલ - મે - જૂન ના મહિનાઓ દરમિયાન, અમેરિકા નુ ફ્લોરિડા રાજ્ય ૪૫ થી ૫૦° ગરમ હોય છે, આવા વાતાવરણ માં ઓર્લેન્ડો ના થીમ પાર્ક્સ મા આખા દિવસ પસાર કરવા ઘણા અઘરા પડે છે.

ઓર્લેન્ડો ના દરેક થીમ પાર્ક્સ ની દરેક રાઇડ માં "કલાક-દોઢ" કલાક ની લાઈનો માં ઉભા રહેવાની હેરાનગતિ પણ થાય છે (નોંધ : અહીં ખર્ચો કરીને પણ કોઈ એક્સપ્રેસ પાસ ની સુવિધા નથી હોતી)

બધા થીમ પાર્ક્સ ૩૦ - ૩૫ વર્ષ જુના છે અને આજ ના યુગ માં જયારે દુબઇ, સિંગાપોર જેવા ઘણા દેશોમાં ઘણા મોર્ડન થીમ પાર્ક્સ ઉપલબ્ધ છે, વડીલો માટે તો બિલકુલ નક્કામું જ અને બાળકો /જુવાનિયાઓ પણ રીતસર કંટાળી જાય એવું એકંદરે "અવોઇડેબલ ડેસ્ટિનેશન" એટલે કે ઓર્લેન્ડો.

તમને શુ લાગે છે ?

અમેરિકા ટુર દરમિયાન ૪ રાત્રી નો બહુમૂલ્ય સમય અને હજારો ડોલર નો વેડફાટ કરાય ?

અમેરિકા સુધી આવ્યા છો તો ઓર્લેન્ડો પણ સાથે સાથે જોઇ લ્યો એવી "કોઈ ની" સલાહ મનાય ?

૧૦ - ૧૨% ડિસ્કાઉન્ટ ના પ્રલોભન મા ઓર્લેન્ડો જેવી "વગર મતલબ ની જગ્યા એ" ૧૦૦% પૈસા વેસ્ટ કરાય ?

SCAN ME

☐ ના, વાત સાચી, અમેરિકા ની ટુરો મા ઓર્લેન્ડો જવું એટલે "સમય અને બજેટ નો રીતસર નો વેડફાટ" ,એ રકમ તો શોપિંગ મા કામ લાગે. કોઈ ની વાતો સાંભળી, આપણું નુકસાન ન કરાય.

☐ હા, ઓર્લેન્ડો જવાય, અને ઉપર દર્શાવેલી હેરાનગતિઓ 4 રાત્રી સહન કરી લેવાય ...

☐ હજુ ઊંડાણ પૂર્વક સમજાવો આ બાબતે ...

થોભો ... રાહ જુઓ .. યોગ્ય સમયે જ બુકિંગ કરાવો

આવી ઘણી મહત્વપૂર્ણ માહિતીઓ માટે "QR કોડ લિંક" દ્વારા, અમારી સાથે જોડાયેલા રહો

આરોહી દેસાઈ !!!

STAY TUNED....
GRAND LAUNCHING OF USA GROUP TOURS ON TUESDAY 16TH DEC 2025

જાXખ

# જિલ્લા પરિષદની ચૂંટણીમાં ઓબીસી ક્વૉટા પર 'બંધારણીય મૂંઝવણ': બાવનકુલે

મુંબઈઃ સ્થાનિક સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો (ઓબીસી)ના ક્વોટા પર ચાલી રહેલી સુપ્રીમ કોર્ટની કાર્યવાહીને કારણે ''બંધારણીય મૂંઝવણ'' ઊભી થઈ છે, એમ ભાજપના વરિષ્ઠ નેતા ચંદ્રશેખર બાવનકુલેએ કહ્યું હતું. બાવનકુલે જિલ્લા પરિષદની ચૂંટણીઓ, જેની તારીખો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી, તેને આગળ ધપાવી શકાય કે કેમ તે અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.

''એક બંધારણીય મૂંઝવણ ઊભી થઈ છે અને તેનો ઉકેલ શોધવાની જરૂર છે. મને લાગે છે કે સુનાવણી ૨૫ નવેમ્બરે નિર્ધારિત છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી રાજ્ય ચૂંટણી પંચ શું નિર્ણય લેશે તે હું જાણતો નથી. આ મામલો એક ગંભીર તબક્કે પહોંચી ગયો છે,'' તેમણે કહ્યું હતું.

મંગળવારે નાગરિક અને ગ્રામીણ સંસ્થાઓમાં ઓબીસી માટેના ક્વોટા સંબંધિત કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં થવાની છે. ''સુપ્રીમ કોર્ટે પોતે રાજ્યને આગામી વર્ષે ૩૧ જાન્યુઆરી પહેલા તમામ સ્થાનિક શાસકોની ચૂંટણીઓ પૂર્ણ કરવા કહ્યું છે,'' બાવનકુલેએ ધ્યાન દોર્યું હતું.

અરજદારોએ દલીલ કરી છે કે કેટલીક સ્થાનિક (જુઓ પાનું ૪) ▶▶

# 'પાતાળ લોક' ટનલ નેટવર્કથી મુંબઈ ટ્રાફિકની સમસ્યા હળવી બનશેઃ ફડણવીસ

મુંબઈઃ રાજ્ય સરકાર ભીડને હળવી કરવા માટે સમગ્ર મુંબઈમાં ટનલનું વિશાળ ભૂગર્ભ નેટવર્ક બનાવી રહી હોવાનું મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે જણાવ્યું હતું. 'પાતાલ લોક' શબ્દ હિન્દી વેબ સિરીઝને કારણે લોકપ્રિય બન્યો છે જેમાં પાતાળલોકનું ચિત્રણ કરવામાં આવ્યું છે. ફડણવીસે સૂચિત ભૂગર્ભ માર્ગ નેટવર્કનું વર્ણન કરવા માટે આ શબ્દનો ઉપયોગ કર્યો હતો. ફડણવીસે આઈઆઈએમયુએન (ઈન્ડિયા ઈન્ટરનેશનલ મુવમેન્ટ ટુ યુનાઈટેડ નેશન્સ)ના યુથ કનેક્ટ સત્રમાં જણાવ્યું હતું કે 'આયોજિત ટનલ ગ્રીડ શહેરને અનેક દિશામાં આવરી લેશે. અમે મુંબઈ શહેરમાં ભીડની સમસ્યા દૂર કરવા ટનલનું વ્યાપક નેટવર્ક બનાવી રહ્યા છીએ. આ યોજના હાલની વ્યવસ્થાને પૂરક બની રહેશે. હાલના રસ્તાઓને સમાંતર એવું આ નેટવર્ક હશે.'

વધુ માહિતી આપતા સીએમએ જણાવ્યું હતું કે દક્ષિણ મુંબઈથી ભાયંદર (થાણા જિલ્લો) સુધીનો દરિયાકાંઠાનો રસ્તો વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે માટે અવરોધ મુક્ત સમાંતર માર્ગ તરીકે કામ કરશે. મુંબઈનો સાઠ ટકા હિસ્સો વેસ્ટર્ન એક્સપ્રેસ વે પર ચાલે છે. એ ટ્રાફિક હળવો ન કરો ત્યાં સુધી, કોઈ ઉકેલ નથી. અમે સમાંતર રસ્તાઓનું નેટવર્ક બનાવી રહ્યા છીએ. આ માર્ગ પર વાહનની સરેરાશ ઝડપ ૮૦ કિમી. પ્રતિ કલાક હશે. ફડણવીસે થાણા - બોરીવલી અને મુલુંડ - ગોરેગાંવ સહિત નિર્માણાધીન અનેક ટનલ પ્રોજેક્ટ્સની યાદી આપી ઉમેર્યું હતું કે 'આનાથી પૂર્વ-પશ્ચિમ કનેક્ટિવિટીમાં સુધારો થશે.' બોરીવલી અને ગોરેગાંવ વચ્ચેનો સમાંતર રસ્તો અને વરલી-શિવડી કનેક્ટર આવતા વર્ષે તૈયાર થઈ જવાની ધારણા છે.■

## દેવેન્દ્ર ફડણવીસે પ્રશાંત કુમારને સલાહ આપી

હાલમાં જ બિહાર વિધાનસભાની ચૂંટણીનું પરિણામ જાહેર થયું છે. ત્યારે બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલી વાર લડનાર પ્રશાંત કિશોરની જનસુરાજ પાર્ટીને ચૂંટણી પરિણામો જાહેર થયા પછી કારમી હારનો સામનો કરવો પડ્યો, જ્યાં તેના ઘણા ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થઈ ગઈ. દરમિયાન, મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તેમની હાર બાદ પીકેને સલાહ આપી. ફડણવીસે કહ્યું કે રાજકારણમાં હંમેશાં વિચારધારા કરતાં સંખ્યાઓને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. દેવેન્દ્ર ફડણવીસે પીકે પર નિશાન સાધતા કહ્યું કે, લોકશાહી ચલાવવાના બે જ રસ્તા છેઃ વિચારધારા અને સંખ્યા, પરંતુ સંખ્યા વિના તમે વિચારધારાને આગળ વધારી શકતા નથી. ફડણવીસે વધુમાં કહ્યું કે પ્રશાંત કિશોરે ચૂંટણી દરમિયાન વિચારધારા વિશે ઘણી વાતો કરી હતી, પરંતુ ચૂંટણી પરિણામોમાં તેમને એક પણ બેઠક મળી નથી. પીકેને સલાહ આપતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, રાજકારણમાં તમારે વ્યવહારુ રહેવું પડશે, સુસંગત હોવું પણ મહત્ત્વપૂર્ણ છે પરંતુ આ માટે તમારી પાસે સંખ્યા હોવી જોઈએ. અહીં સંખ્યાનો અર્થ વિધાનસભ્યો, સાંસદો અને જનપ્રતિનિધિની સંખ્યા હતો. ■

# અજંતા-ઈલોરા ભારતીય ફિલસૂફી અને સર્જનાત્મકતાનો ભંડારઃ યુનેસ્કોના અધિકારી

છત્રપતિ સંભાજીનગરઃ યુનેસ્કોના એક ટોચના અધિકારીએ જણાવ્યું છે કે, અજંતા અને ઇલોરાના વિશ્વ ધરોહર સ્થળો ફિલસૂફી, સર્જનાત્મકતા અને સહિયારા માનવ પ્રયાસોના ગતિશીલ ભારતીય ભંડાર તરીકે ઊભા છે, જેનો વારસો દરેકને માનવતા એકસાથે શું હાંસલ કરી શકે છે તેની યાદ અપાવે છે.

સંયુક્ત રાષ્ટ્રની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં બોલતા ભારતમાં યુનેસ્કો પ્રાદેશિક કાર્યાલયના ડિરેક્ટર ડૉ. ટિમોથી કર્ટિસે જણાવ્યું હતું કે, ઝડપથી બદલાતી દુનિયામાં, આ સ્થળો દરેકને સંવાદ, સહયોગ અને સામૂહિક કાર્યવાહી પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને નવીકરણ માટે આહ્વાન કરે છે.

''યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં નોંધાયેલા સૌથી પ્રાચીન ભારતીય સ્થળોમાં અજંતા અને ઇલોરા, ફિલસૂફી, સર્જનાત્મકતા અને સહિયારા માનવ પ્રયાસોના ગતિશીલ ભારતીય ભંડાર તરીકે ઊભા છે. કલાત્મક શ્રેષ્ઠતા, વૈજ્ઞાનિક કૌશલ્ય અને વિવિધ પરંપરાઓના સહઅસ્તિત્વમાં મૂળ ધરાવતો તેમનો વારસો આપણને યાદ અપાવે છે કે માનવતા સાથે મળીને શું પ્રાપ્ત કરી શકે છે.'' ■

## થાણે ખાડી નજીક સૂટકેસમાં મહિલાનો મૃતદેહ મળ્યો

થાણેઃ થાણે જિલ્લામાં પલાવા વિસ્તાર નજીક દેસાઇ ખાડીના કિનારે એક સૂટકેસમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મહિલાને બેરહેમીથી મારપીટ કરીને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા બાદ તેનો મૃતદેહ સૂટકેસમાં ભરીને અહીં ફેંકી દેવામાં આવ્યો હોવાનું જણાયું હતું.માનપાડા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર સંદીપન શિંદેએ જણાવ્યું હતું કે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરાયો હતો. મહિલાની ઓળખ મેળવવા માટે પોલીસની ટીમ આસપાસના વિસ્તારોમાં જઇને પૂછપરછ કરી રહી હોઇ પલાવા તથા અન્ય સ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ ચકાસવામાં આવી રહ્યા છે. ■

## ઉલ્હાસનગરમાં વૉન્ટેડ ગેન્ગસ્ટરની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લાના ઉલ્હાસનગરમાં હત્યાના પ્રયાસના કેસમાં વૉન્ટેડ ગેન્ગસ્ટરને પોલીસે ઝડપી પાડી લોકઅપભેગો કરી દીધો હતો. ઉલ્હાસનગરની હિલલાઇન પોલીસે શનિવારે અક્ષય સુરેશ ગાયકવાડ ઉર્ફે બાબુ (૩૫)ને તાબામાં લીધો હતો, જે એપ્રિલ, ૨૦૨૪માં એક વ્યક્તિ પર હુમલો કરીને ફરાર થઇ ગયો હતો, એમ ડેપ્યુટી પોલીસ કમિશનર સચિન ગોરેએ જણાવ્યું હતું. દરમિયાન આરોપી અંગે માહિતી મળ્યા બાદ પોલીસ ટીમે છટકું ગોઠવીને તેને ઘેરી લીધો હતો અને બાદમાં તેને ઝડપી પાડવામાં આવ્યો હતો. ગાયકવાડ વિરુદ્ધ હત્યાનો પ્રયાસ, મારામારી, ખંડણી જેવા ૨૦ ગુના દાખલ છે. મહારાષ્ટ્ર પોલીસ એક્ટ હેઠળ પણ તેની સામે ગુના નોંધાયેલા છે. (પીટીઆઇ)■

## થાણેમાં કન્સ્ટ્રકશન સાઇટ પર લોખંડનો પાઇપ પડતાં મજૂરનું મોતઃ કોન્ટ્રેક્ટર સામે ગુનો દાખલ

થાણેઃ થાણેમાં બ્રિજ બાંધકામના સ્થળે લોખંડનો વજનદાર પાઇપ પડતાં ૨૦ વર્ષના મજૂરનું મોત થયું હતું, જ્યારે અન્ય મજૂરને ગંભીર ઇજા થઇ હતી. થાણેના ઘોડબંદર રોડ પર ગાયમુખ ચોપાટી નજીક શનિવારે આ ઘટના બની હતી અને પોલીસે મજૂરોને મૂળભૂત સલામતીનાં સાધનો પૂરાં પાડવામાં નિષ્ફળ જવા બદલ સાઇટ કોન્ટ્રેક્ટર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ પ્રકરણે નોંધાયેલા એફઆઇઆર મુજબ નિર્માણાધીન બ્રિજ માટે બનાવવામાં આવેલો લોખંડનો વજનદાર પાઇપ કામગારો ઉપાડી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. લોખંડનો પાઇપ અચાનક સ્લીપ થઇ બે મજૂર પર પડ્યો હતો, જેમાં સુજિત હરિલાલ પ્રસાદ (૨૦) નામના કામગારનું મૃત્યુ થયું હતું, જ્યારે અન્ય મજૂર અભિષેક હરિન્દપ્રસાદ ભારતીને ગંભીર ઇજા પહોંચી હતી. દિવાકર યોગેન્દ્ર પ્રસાદ (૨૫) નામના મજૂરે કહ્યું હતું કે તેના પાંચ પિતરાઇ સાઇટ પર કામ કરતા હતા ત્યારે આ ઘટના બની હતી. ■

## રાજ ઠાકરેને ગાળો ભાંડવા બદલ બે જણની ધરપકડ

થાણેઃ થાણેના ગાંધીનગર વિસ્તારમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરે તેમ જ અવિનાશ જાધવને ગાળો ભાંડવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

આ વીડિયોની ગંભીર નોંધ લઇને ચિતલસર પોલીસે ગુનો દાખલ કર્યો હતો અને સીસીટીવી કેમેરાના ફૂટેજને આધારે તપાસ આદરીને શૈલેન્દ્ર સંતોષ યાદવ (૩૫) તથા રાકેશ યાદવ (૨૭)ની ધરપકડ કરી હતી. આરોપીઓમાં રિક્ષાચાલકનો સમાવેશ છે. ■

## બેંગકોકથી આવેલા બે પ્રવાસી પાસેથી ૧૨ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ મુંબઈ એરપોર્ટ પર ૧૨ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરીને બે પ્રવાસીની ધરપકડ કરી હતી.

બેંગકોકથી રવિવારે ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવી પહોંચેલા એફ.એફ. રંગવાલા નામના પ્રવાસીને કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ શંકાને આધારે આંતર્યા બાદ તેના સામાની તલાશી લેવામાં આવી હતી, જેમાં તકીયાના કવરોમાં છુપાવાયેલા ૧૨ પેકેટ્સ મળ્યાં હતાં. જેમાં છ (જુઓ પાનું ૪) ▶▶

## જાતીય સંબંધની માગણીઃ ઑડી કારનો દારૂડિયો ચાલક પકડાયો

મુંબઈઃ બાંદ્રા વિસ્તારમાં દારૂના નશામાં બાઇકસવારનું અપહરણ કરવા અને તેની પાસે જાતીય સંબંધની માગણી કરવા બદલ પોલીસે ઑડી કારના ચાલકની ધરપકડ કરી હતી.

બાંદ્રા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીની ઓળખ ચિરાગ હરગુનાની તરીકે થઇ હતી, જે ઑડી કાર હંકારી રહ્યો હતો.

રવિવારે વહેલી સવારે ચિરાગે નજીકના મેદાનનો રસ્તો પૂછવાને બહાને બાઇકસવારોને રોક્યા હતા. તેણે રસ્તો બતાવવા માટે (જુઓ પાનું ૪) ▶▶

## ભૂતપૂર્વ ફૂટબોલ પ્લેયરનો મૃતદેહ હાઇવે નજીકના જંગલમાંથી મળ્યો

પાલઘરઃ પાલઘર જિલ્લાની કાસા પોલીસને મુંબઇ-અમદાવાદ હાઇવે નજીકના જંગલમાંથી મુંબઈના ભૂતપૂર્વ ફૂટબોલ પ્લેયરનો મૃતદેહ મળી આવ્યો હતો, જે બે મહિનાથી ગુમ હતો, એવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

પાલઘરના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે જણાવ્યું હતું કે કાસા પોલીસ સ્ટેશનની હદમાં મેંધવા જંગલ વિસ્તારમાંથી શખસનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકના ગળા ફરતે રસ્સી મળી આવી હતી. મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. ■

લેહ-લદાખ
આસામ-મેઘાલય-અરૂણાચલ
કિન્નોર-લાહુલ-સ્પીતિ
હિમાચલ કાશ્મીર
Dubai Srilanka
Almaty Nepal
Far East Kailash Mansarovar
Azerbaijan
HAZEL Treks N Tours Khar (w). @hazeltreksntours Since:2003
PANKAJ CHHEDA 9869559938

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**